

૪

નશાહ

સાહિત્ય મુકુર

— વિભાગ બીજો —

· સંપાદક ·

ચન્દ્રવદન ચૂનીલાલ શાહ

એમ. એ., બી. ટી., એલએલ. બી.

આ જી વ ન સ્વ યં સે વ ક

સાર્વજનિક એડ્યુકેશન સોસાયટી · સૂરત

: સોલ એજન્ટ્સ :

મેસર્સ મંગળદાસ ઍન્ડ સન્સ : સૂરત

મૂલ્ય : ચૌદ આના

ઈ. સ. ૧૯૩૮

પ્રકાશક

ચન્દ્રવદન ચૂનીલાલ શાહ

: દેસાઈ પોળ · સૂરત :

પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી ૧૯૩

ફરી છાપી : જૂન ૧૯૩૨ · ૧૯૩૪ · ૧૯૩

સુધારાવધારા સાથેની બીજી આવૃત્તિ : જૂન ૧૯૩

મુદ્રક

જશવંતસિંહ ગુલાબસિંહ ઠાકોર

સૂરત સિટિ પ્રિન્ટીંગ પ્રેસ

: ચૌટાના પૂલ પાસે · સૂરત :

પાઠ્ય પુસ્તક તરીકે મંજુર

સાહિત્ય વાચનમાળા.

ભાગ ૨.

(ઇંગ્રેજી ધોરણ ૫ માટે)

પ્રયોજક:—

પ્રીતમરાય વ્રજરાય દેસાઈ,

બી. એ.; એસ. ટી. સી. ડી.

-: પ્રકાશક : -

પોપટલાલ મગનલાલ ગજરાવાળા,

ધી ગુજરાત ઓરિએન્ટલ બુકડીપો,

અમદાવાદ.

કિંમત ૦-૮-૦

ધી સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસમાં પટેલ મૂળચંદભાઈ ત્રીકમલાલે છાપી.
ઠે. પાનકોરનાકા—અમદાવાદ.

આવૃત્તિ ચોથી] [સને ૧૯૨૮

ઉપોદ્ઘાત.

સાહિત્ય લોકોના વિચારનું સ્થાયી સ્વરૂપ છે. અમુક સમયના જનસમૂહના મનમાં જે વિચાર ચાલતા હોય તેનું તત્ત્વ તે જમાનાના સાહિત્યમાં ઉતરે છે.

ગુજરાતી સાહિત્યનો પ્રાચીન યુગ (ઇ. સ. ના દસમા શતકથી ઇ. સ. ના ચૌદમા શતક સુધી) ગુજરાતની આબાદીનો કાળ હતો. જળમાર્ગે અને સ્થળમાર્ગે ચાલતા વ્યાપારથી અઢળક ધન એકઠું થયું હતું, અને સબળ રાજ્યસત્તાને લીધે ચાંચીઆ અને લૂંટારાનું જોર ઓછું થઈ કેટલેક અંશે શાન્તિ પથરાઈ હતી. રાજ્ય તરફથી વિદ્વાનોને આશ્રય મળતો હતો અને તેમનાં પુસ્તકો પૂજ્ય ગણાતાં. હેમાચાર્યના વ્યાકરણના ગ્રંથને હાથી ઉપર પધરાવી તેનો મોટો વરઘોડો કાઢી રાજ્યના સરસ્વતી ભંડારમાં મૂકવામાં આવ્યો હતો એ તો જાણીતી વાત છે. ગુજરાતની બહાર ઘણે દૂર આવેલા પ્રદેશો સુધી ગુજરાતના રાજાઓની આણ મનાતી. આ જમાનાનું સાહિત્ય પ્રમાણમાં ઘણું થોડું મળી આવ્યું છે, પણ જે મળી આવ્યું છે તેમાં ભૂમિનું અભિમાન, વીરતા, નિર્મળ પ્રેમભાવના વગેરે દેખાય છે. તે સાહિત્યમાં વેગ છે, ઉલ્લાસ છે અને **પુરુષપરાક્રમનું** ગંભીર ગાન છે.

ગુજરાતી સાહિત્યના મધ્યકાલીન યુગમાં (ઇ. સ. ના પંદરમા શતકથી સત્તરમા શતક સુધી) ગુજરાત મુસલમાન સત્તા નીચે આવે છે. દેશમાં અશાંતિ ફેલાય છે, સાહિત્યને મળતો રાજ્યનો આશ્રય બંધ થાય છે, પ્રજામાં નિરાશા વ્યાપે છે, રાજ્ય–સત્તા અને રાજ્ય–લક્ષ્મી પ્રયાસ કરતાં પણ મળે તેમ નથી એમ લાગે છે. રાજ્યની ઉથલ–પાથલને લીધે જીવનવ્યવહાર મુશ્કેલ અને અચોક્કસ થાય છે. આને પરિણામે સ્વતંત્રતા, વીરતા અને ઉલ્લાસ દબાઇ જાય છે, અને સાહિત્યનો વેગ મંદ થાય છે. ગયા જમાનાના સંસ્કારને લીધે સાહિત્યનો પ્રવાહ કાંઇક ચાલે છે પણ તે દિશા બદલે છે. પૈસો, સત્તા, આબરૂ વગેરે ભૌતિક સંપત્તિ ગુમાવવાથી લોકનું વલણ ધર્મ પર થાય છે, તેથી આ જમાનાના કવિઓ નરસિંહ મહેતા,

મીરાંબાઇ, ભાલણ વગેરે ધર્મ અને ધર્મ જોડે સંબંધ રાખતા વિષયો જેવા કે કૃષ્ણલીલા, કૃષ્ણનો શૃંગાર વગેરે પસંદ કરે છે.

એકલા ગુજરાતમાંજ નહિ પણ આખા હિંદુસ્તાનમાં પણ આજ ભાવના તે જમાનાના સાહિત્યમાં માલમ પડે છે. જે વખતે પશ્ચિમમાં નરસિંહ મહેતા ભક્તિપ્રધાન કાવ્યો લખે છે તેજ વખતે કબીર અને તુળસીદાસ ઉત્તરમાં, વિદ્યાપતિ પૂર્વમાં, અને તુકારામ દક્ષિણમાં એજ ભાવનાનાં કાવ્યો રચે છે. પરરાજ્યની સ્થાપનાથી પ્રજા–જીવનને સંક્ષોભ થયો તે થોડો કાળજ ટક્યો. સ્વતંત્રતાના વાતાવરણને લીધે કાવ્યને જે વેગ મળતો હતો તે બંધ થયો, અને ધર્મભાવના ધીમે ધીમે ઓછી થઈ તથા ધર્મમાં સડો પેઠો. પરરાજ્ય અને જાનમાલની અસ્થિરતાને પરિણામે કાવ્યઝરણું સુકાયું. નરસિંહ મહેતાના પછીના કાળમાં ઘણે ભાગે સાહિત્ય નિર્માલ્યજ ઉત્પન્ન થયું છે, અને તેમાં મુખ્ય કાવ્યો તો પુરાણીઓએ ઉદર-નિર્વાહને માટે કરેલાં જોડકણાં છે. મીરાંબાઈ આ કાળમાં અપવાદરૂપ છે.

મોગલ રાજ્યની સ્થાપના પછી કાંઇક શાંતિ પથરાઈ. ધર્મમાં અને પ્રજાજીવનમાં પેઠેલા સડા ઉપર વિચારકોનું ધ્યાન ખેંચાયું. દેશમાં પુનરુદ્ધાર કરવા પ્રયત્નો થવા લાગ્યા. જે કારણોથી મહારાષ્ટ્રમાં સ્વધર્મ અને સ્વરાજ્યની સ્થાપના માટે શિવાજી મહારાજનો જન્મ થયો, જે કારણોથી પંજાબમાં સીખ લોકોની જાગૃતિ થઈ, તેજ કારણોથી બનેલા વાતાવરણને પરિણામે ગુજરાતમાં પ્રેમાનંદ, અખો, અને વલ્લભભટ્ટ થયા. સ્વદેશપ્રેમની ભાવના ભાષાપ્રેમ તરીકે પ્રેમાનંદમાં ઉદ્‌ભવી, અખાએ તે વખતના ધર્મ-ગુરુઓ અને ધર્મના પાખંડ ઉપર ચાબખા લગાવ્યા અને વલ્લભભટ્ટે તે વખતની દુર્દશા જોઈ તે દુર્દશા મટાડવા બહુચર માતાને કળિકાળના ગરબામાં પ્રાર્થના કરી. પ્રેમાનંદે ભાષાપ્રેમથી આરંભેલા પ્રયાસોથી સાહિત્યમાં ઘણો વધારો થયો.

મોગલ સલ્તનતની પડતી, મરાઠાઓનાં આક્રમણ અને પુરેપુરી અંધાધુંધીની અસર ત્યાર પછીના કાળના સાહિત્યમાં જણાય છે. અંગ્રેજ

રાજ્યની સ્થાપનાની પહેલાંના કાળનું સાહિત્ય વળી પાછું નિર્માલ્ય બને છે. ફક્ત કવિ દયારામ આ જમાનાને અંતે ઉત્પન્ન થાય છે, અને તે રસસાહિત્યમાં સંગીન વધારો કરે છે.

અંગ્રેજ રાજ્યની સ્થાપનાને પરિણામે શાન્તિ ફેલાય છે, અને આધુનિક કાળના સાહિત્યમાં તેનાં પરિણામ માલમ પડે છે.

પ્રીતમરાય વ્રજરાય દેસાઈ.

અનુક્રમણિકા.

સાહિત્ય વાચનમાળા.

ભાગ ૨.

જય જય ગરવી ગુજરાત.

[સામાન્ય વાતોમાં " ગાંડી ગુજરાત " એમ કહેવામાં આવે છે, તેને બદલે " **ગરવી ગુજરાત** " બનાવવા મથનાર અને કવીશ્વર દલપતરામના સમકાલીન તથા તેવાજ મહાન કવિ નર્મદાશંકરનું આ કાવ્ય છે. કવિ નર્મદાશંકરનો જન્મ ઇ. સ. ૧૮૩૩ માં સુરતમાં થયો હતો. ગુજરાતની સેવા ખાતર આ સ્વદેશાભિમાની વીરે પોતાની જાત અર્પણ કરી હતી. સંસારસુધારો, ધર્મસુધારો અને સ્વદેશપ્રેમ તેમના પ્રિય વિષય હતા. " **પ્રેમશૌર્ય** " તેમનો મુદ્રામંત્ર હતો. " **નર્મકવિતા** " નામના તેમના મોટા કાવ્યસંગ્રહમાં તેમણે જુદા જુદા વિષયો ઉપર અંગ્રેજી ભાષાની અસરવાળાં કાવ્યો લખ્યાં છે. તે ઉપરાંત " **નર્મગદ્ય** " નામનો તેમનાં ગદ્ય લખાણોનો સંગ્રહ છે. તેમના જમાના સુધી ગુજરાતી ગદ્ય બહુ લખાવા માંડયું નહોતું. જે થોડુંઘણું લખાતું તે આડંબરી સંસ્કૃતમય ભાષામાં લખાતું. ગુજરાતી સારા ગદ્યની શરુઆત નર્મદાશંકરથી થઈ એમ કહીએ તો ચાલે. તેમણે ઇ. સ. ૧૮૮૬ માં સ્વર્ગવાસ કર્યો.

કવિએ " **નર્મકોશ** " નામનો મોટો શબ્દકોશ એકલે હાથે તૈયાર કર્યો અને પોતાને ખર્ચે ઇ. સ. ૧૮૬૮માં પ્રસિદ્ધ કર્યો. તે જમાનામાં ચાલતા રિવાજ મુજબ કોઈ તવંગરની ખુશામત કરી તેને અર્પણ નહિ કરતાં એ પુસ્તક આખા ગુજરાતને આ કાવ્ય લખી અર્પણ કર્યું. " આવી મહેનતે અને આવા જોખમે આવો મોટો ગ્રંથ પ્રગટ કરવાની હિંમત જે દેશના સુપુત્રે કરી તે દેશને અભિનંદનજ ઘટે છે, કે " **જય જય ગરવી ગુજરાત** " (નવલરામ). આટલાં વર્ષ થયાં પણ હજી એવો બીજો કોશ થયો નથી, તે એ કોશની મહત્તા જણાવવાને બસ છે.]

જય જય ગરવી ગુજરાત !
જય જય ગરવી ગુજરાત!
દીપે અરુણું પરભાત,—જય જય.
ધ્વજ પ્રકાશશે ઝળળળ કસુંબી, પ્રેમશૌર્ય અંકિત;
તું ભણવ ભણવ નિજ સંતતિ સઉને, પ્રેમભક્તિની રીત—
ઉંચી તુજ સુંદર જાત,
જય જય ગરવી ગુજરાત. ૧

ઉત્તરમાં અંબા માત,
પુરવમાં કાળી માત,
છે દક્ષિણ દિશમાં કરંત રક્ષા, કુન્તેશ્વર મહાદેવ,
ને સોમનાથ ને દ્વારકેશ એ, પશ્ચિમ કેરા દેવ-
છે સહાયમાં સાક્ષાત,
જય જય ગરવી ગુજરાત. ૨

નદી તાપી, નર્મદા જોય,
મહી ને બીજી પણ જોય,
વળી જોય સુભટના જુદ્ધરમણને, રત્નાગર સાગર,
પર્વત ઉપરથી વીર પૂર્વજો, દે આશિષ જયકર-
સંપે સોયે સહુ જાત,
જય જય ગરવી ગુજરાત. ૩

તે અન્હિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસિંગ,
તે રંગથકી પણ અધિક સરસ રંગ, થશે સત્વરે માત,
શુભ શકુન દીસે મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત-
જન ઘૂમે નર્મદા સાથ,
જય જય ગરવી ગુજરાત. ૪

નર્મદાશંકર.

૨. દરેક દેશની ભૂગોળ શીખવતી વખતે તે દેશનું અમુક પહાડ કે અમુક સમુદ્રથી રક્ષણ થએલું છે એમ જણાવવામાં આવે છે. ગુજરાતનું એવું રક્ષણ થએલું નથી એમ કેટલાક કહે છે. તેના જવાબમાં કવિ કહે છે કે સાક્ષાત્ દેવો ગુજરાતનું રક્ષણ કરવા તૈયાર છે, પછી પહાડ કે સમુદ્રની શી જરૂર ?

હિંદુઓની પડતી.

[દેશભક્તિથી ઉછળતા આ કાવ્યમાં કવિ નર્મદાશંકરે તેમના જમાનાની દુઃખદ દશાનું વર્ણન કર્યું છે, અને સાથે સાથે સમાજસુધારા માટે સૂચન કર્યું છે. આ કાવ્ય લગભગ ૬૦ પાનાંનું છે. તેમાંથી નીચેની થોડી લીટીઓ પસંદ કરવામાં આવી છે. અભ્યાસીઓએ આ કાવ્યની સાથે વલ્લભભટ્ટનો કળિકાળનો ગરબો સરખાવવો.]

રોળાવૃત્ત.

હિંદુ દેશના હાલ, થયા છે ભુંડા આજે;
સત્તા મોટી ખોઇ, નીચું તે જોએ લાજે.
ઉડાવતો જે બ્હાર, થયો છે તે લાચારે;
ખાને જે આબાદ, ખરાબીમાં તે ભારે.
બ્રાહ્મણ પંડિત જેહ, ખપે છે મૂરખમાં તે;
ક્ષત્રી શૂરા જેહ, ખપે છે કાયરમાં તે.
વળી ઘણા નહિ એહ, રહી છે થોડી જાતો;
વૈશ્ય થયા નિર્વંશ, હશે સંકરકો ન્યાતો.
શૂદ્ર થયા છે વૈશ્ય, કમાઇને વેપારે;
પણ વિદ્યાવણ મૂઢ, દુઃખી છે ગુરુને મારે.
રહ્યા એમ બે વર્ગ, શૂદ્ર ને બ્રાહ્મણ કેરા;

મૂરખ બંને તોય, રેહે જ્યમ ગુરુ ને ચેલા.

× × ×

કરે ન કો અભ્યાસ, પુરતો તન મન દઇને;
કામ જેટલું લેઇ, બેસી રહે સંતોષે તે.
કરે ન કો અભ્યાસ, કારખાનાં ક્યમ લાવે?
વિના હુનર વેપાર, દ્રવ્ય તે ક્યાંથી લાવે?

× × ×

વધે વિદ્વાનો કેમ, થાય વિદ્વાનો ભેગા;
બતાવતા ઉપાય, વ્હેમ પર મારી છેકા?
વળી ભણેલા કોક, હોય તે ફુલાએ છે;
ભૂલી ફરજ નિત તેહ, મૂર્ખને ભટકાવે છે.
અજ્ઞાની ને અંધ, જન બે સરખાં ચાલે;
જેમ દોરવે અન્ય, તેમ તે અહીં તહીં હાલે.

× × ×

અરે ઓમકારેશ, તૂટ્યો છે પૂરો;
નથી હમારે કોઈ, આજ વિક્રમ નૃપ શૂરો.

× × ×

નીચ બુદ્ધિને કહાડ, કહાડ સઘળા વ્હેમોને;
ઉંચી સુબુદ્ધિ આલ, દશા છે કેવી જોને.
દેશપ્રીતિનું ભાન, કરવ તું વ્હેલો હાવાં;
કે ઉપજે અભિમાન, જેથી લઇએ સુખલ્હાવા.
ઈંગ્લંડનો દેશ, જેહવો આજે સ્હોએ;
કર તેવો આ દેશ, લાજ સંધે એ ખોએ.
પ્રથમ તાહરો એહ, હતો માનીતો ઝાઝો;
કેમ રૂઠયો તું છેક, રિબાતા છૈએ આ જો.
શા કીધા અપરાધ, એટલા કે તું રૂઠે;
માફ કરી દે દેવ, હવે તું, ક્યારે ત્રૂઠે!

નર્મદાશંકર.

સુખદુઃખ.

[આ કાવ્યના લખનાર નરસિંહ મહેતા (ઇ. સ. ૧૪૧૫ થી ૧૪૮૧) સામાન્ય રીતે ગુજરાતી સાહિત્યના આદ્ય કવિ મનાય છે; પણ ખરી રીતે તે આદ્ય કવિ નથી, તે છતાં સાહિત્યમાં તેમનું સ્થાન બહુ ઉંચું છે. તેમણે મુખ્યત્વે કરીને કૃષ્ણની ભક્તિનાં પદ રચ્યાં છે. એમની શૈલીમાં પ્રાચીનતા કે પાંડિત્ય નથી. તેમનાં ઘણાં પદ લોકોને મ્હોડે હજી છે. પથારીમાંથી ઊઠતા પહેલાં તેમનાં પ્રભાતીઆં લોકો ગાય છે. તેમનો જન્મ જુનાગઢમાં નાગર ન્યાતમાં થયો હતો. નાનપણમાં માબાપ મરી જવાથી તેમને ભાઇભોજાઇને ઘેર ઉછરવું પડયું. ભાભીના મહેણાને લીધે ઘેરથી નીકળી તે જુદા રહ્યા, પણ તેમનો આખો વખત સાધુસંતની સંગતમાં અને ભજનમાં જતો. ગરિબાઈને લીધે સંસારવ્યવહાર નભાવવામાં તેમને અડચણ પડતી, અને તેમની ખરા વૈષ્ણવને યોગ્ય સમાનતાની ભાવનાને લીધે તેઓ ઢેડને ઘેર ભજન કરવા ગએલા તેથી ન્યાતે હેરાન કરેલા.]

સુખ દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડીયાં;
ટાળ્યાં તે કોઇનાં નવ ટળે, રઘુનાથનાં જડીયાં. સુખદુઃખ૦ ટેક.
નળ રાજા સરખો નર નહિ, જેની દમયંતી રાણી;
અર્ધે વસ્ત્રે વનમાં ભમ્યાં, ન મળ્યાં અન્ન ને પાણી. સુખદુઃખ૦
પાંચ પાંડવ સરખા બંધવા, જેને દ્રૌપદી રાણી;
બાર વરસ વન ભોગવ્યાં, નયણે નિદ્રા ન આણી. સુખદુઃખ૦
સીતા સરખી સતી નહિ, જેના રામજી સ્વામી;
રાવણ તેને હરી ગયો, સતી મહા દુઃખ પામી. સુખદુઃખ૦
રાવણ સરીખો રાજીયો, જેની મંદોદરી રાણી;
દસ મસ્તક છેદાઈ ગયાં, બધી લંકા લૂંટાણી. સુખદુઃખ૦
હરિશ્ચંદ્ર રાય સતવાદીઓ, તારાલોચની રાણી;
તેને વિપત્તિ બહુ પડી, ભર્યાં નીચ ઘેર પાણી. સુખદુઃખ૦

એ વિચારી હરિને ભજો, તે સાહ્યજ કરશે;
જુઓ આગે સાહ્ય ઘણી કરી, તેથી અર્થજ સરશે. સુખદુઃખ૦
સર્વ કોઇને જ્યારે ભીડ પડી, સમર્યા અંતરજામી;
ભાવટ ભાગી ભૂધરે, મહેતા નરસૈંને સ્વામી. સુખદુઃખ૦

નરસિંહ મહેતા.

કાચબોકાચબી.

(આ કાવ્ય બનાવનાર ભોજાભક્ત (ઇ. સ. ૧૭૮૫ થી ૧૮૫૦) જાતે પાટીદાર અને નિરક્ષર હતા. તેમણે ચાબખા લખીને લોકોને સુધારવા પ્રયત્ન કર્યા હતા. પોતાના જમાનાના ઢોંગ અને સાધુઓના ખરાબ વર્તન ઉપર તેમને તિરસ્કાર હતો, તેથી તે વિષય ઉપર પણ તેમણે ચાબખા બનાવ્યા છે.)

કાચબો કહે છે કાચબીને, તું રાખની ધારણ ધીર,
આપણને ઉગારશે, વ્હાલો જુગતેશુ જદુવીર;
ચિંતા મેલી શરણે આવો રે, મરવા તુંને નહિ દિયે માવો રે.—૧
વારતી 'તી તે સમે તેં શા વાસ્તે, મારૂં કંથ ન માન્યું કે'ણ,
કાળ આવ્યો કોણ રાખશે, તમે નીચાં ઢાળો નેણ;
પ્રભુ તારો ન આવીઓ પ્રાણી ! રે, માથે આવી મોત નિશાની રે.—૨
અબળાને ઈતબાર ન આવે, કોટિ કરોને ઉપાય,
કહ્યું ન માને કોઇનું રે, એ તો ગાયું પોતાનું ગાય;
એવી વિશ્વાસ વો'ણીરે, પ્રથમ તો મત્યની પોણી રે.— ૩
કાચબી કહે છે ક્યાં છે તારો, રાખણહારો રામ,
હરિ નથી કેના હાથમાં રે, તમે શું બોલો છો સ્વામ;
મરવા ટાણે મતિ મુઝાણી રે, ત્રૂટયા પછી ઝાલવું તાણી રે.—૪

ત્રિકમજી ત્રણ લોકમાં મારે, તારો તે ઇતબાર,
અટક પડી હરિ આવજો, મારી આતમના ઉદ્ધાર;
છોગાળા વાત છે છેલી રે, થાજો બુડથલના બેલી રે.—૫
કાચબી કહે છે કોણ ઉગારે, જાતો રહ્યો જગદીશ,
ચોય દિશેથી સળગી ગયું, તેમાં ઓરીને વીચોવીચ;
જેનો વિશ્વાસ છે તારે રે, તેનો ઇતબાર નહિ મારે રે.—૬
બળતી હોઉં તો બેસની મારી, પીઠ પર રાખું પ્રાણ,
નિંદા કરો છો નાથની રે, એ તો, મારો છો મુને બાણ;
વા'લો મારો આવશે વા'રૂ રે, ઓર્યામાં ઉગારવા સારૂ રે.—૭
કાચબી કહે કરતાર ન આવ્યો, આપણો આવ્યો અંત,
પ્રાણ ગયા પછી પાંચશે રે, તમે શું બાંધો મર ! તંત;
આમાંથી જો ઉગરિયે રે, તો બારો કદી પગ ન ભરિયે રે.—૮
વિઠ્ઠલજી મારી વિનતિ સૂણી, શામળા લેજો સાર,
લીહ લોપાશે લોકમાં રે, બીજી વાંસે કેની વા'ર;
હરિ મારી હાંસી થાશે રે, પ્રભુ પરતીતિ જાશે રે.—૯
કેશવજીને કરુણા આવી, મોકલ્યા મેઘ મલાર,
આધરણમાંથી ઉગારિયો, આવી કાચબાને કર્તાર;
બોજલ ભરોંસો આવશે જેને રે, ત્રિકમજી તારશે તેને રે.—૧૦

ભોજેભક્ત.

---

૧. હરિભક્ત કાચબો પોતાની સ્ત્રીને લઇને પાણીની બહાર ઉભેલા પારધિને સંત જાણી નમવા ગયો. પારધિએ તેને પકડી હાંડલામાં નાખી, અંદર પાણી રેડી દેવતા ઉપર હાંડલું ચઢાવ્યું. તે વખતે હરિએ તેને સહાય કરી તે આ કાવ્યનો વિષય છે.

૩. વો'ણી=વિહોણી, વગરની.

મત્યની પોણી—મત્ય=મતિ. પોણી બુદ્ધિ એટલે ઓછી બુદ્ધિ. અથવા પાનીએ બુદ્ધિ એ અર્થમાં પણ કદાચ હોય. 'પ્રમદા બુદ્ધિ પાનીએ' એ કહેવત ઉપરથી.

૬. ઓરીને—નાખીને (હાંડલામાં)

૮. મર ! તંત, મર=ભલે. ભલે તમે તંત બાંધો એટલે હઠ લો, બા'રો=બહાર

૯. લીહ=પ્રવાહ, ભક્ત વત્સલતારૂપ પ્રવાહ.

૧૦. આધરણ=ઉનું પાણી.

બાપજી પાપ મેં.

પ્રભાતીઉં.

બાપજી પાપ મેં, કવણ કીધાં હશે, નામ લેતાં તારૂં નિદ્રા આવે;
ઊંઘ, આલસ્ય, આહાર મેં આદર્યા, લાભ વિના લવ કરવી ભાવે. બાપજી.
દિન પંઠે દિન તો વહી જાય છે. દુરમતિનાં મેં ભર્યાં રે ડાલાં;
ભકિત ભૂતલ વિષે, નવ કરી તાહરી, ખાંડયાં સંસારનાં થોથાં ઠાલાં. બાપજી.
દેહ છે જૂઠડી, કરમ છે જૂઠડાં, ભીડભંજન તારૂં નામ સાચું;
ફરી ફરી વરણવું, શ્રીહરિ તુજને, પતિતપાવન તારૂં નામ જાચું. બાપજી.
તારી કરુણા વિના, કૃષ્ણ કોડામણા, કળ અને વિકળનું બળ ન ફાવે;
નરસૈયા રંકને ઝંખના તાહરી, હેડ બેઠી ભાગો શરણ આવે. બાપજી.

નરસિંહ મહેતા.

અખિલ બ્રહ્માંડમાં.

પ્રભાતીઉં.

અખિલ બ્રહ્માંડમાં, એક તું શ્રી હરિ, જૂજવે રુપે અનંત ભાસે;
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે. ટેક.
પવન તું, પાણી તું, ભૂમિ તું ભૂધરા, વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી અનેક રસ લેવાને, શિવથકી જીવ થયો એજ આશે. અ૦
વેદ જો એમ વદે, શ્રુતિ સ્મૃતિ સાખ દે, કનક કુંડલ વિષે ભેદ ન્હોય;
ઘાટ ઘડિઆ પછી, નામ રુપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોય. અ૦
વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરો એજ પાસે;
ભણે નરસૈયો એ, મનતણી શોધના, પ્રીત કરૂં પ્રેમથી પ્રકટ થાશે. અ૦

નરસિંહ મહેતા.

સમરને શ્રીહરિ.

સમરને શ્રીહરિ, મેલ્ય મમતા પરી, જોને વિચારીને મૂળ તારૂં;
તું અલ્યા કોણ ને, કોને વળગી રહ્યા, વગર સમજે કહે મહારૂં મહારૂં. ટેક.
દેહ તારી નથી, જો તું જુગતે કરી, રાખતાં નવ રહે નિશ્ચે જાયે;
દેહ સંબંધ તજે, નવનવાં બહુ થશે, પુત્ર કલત્ર પરિવાર વ્હાએ. સ૦
ધનતણું ધ્યાન તું, અહોનિશ આદરે, એજ તારે અંતરાય મોટી;
પાસે છે પિયુ અલ્યા, તે નવ પરખિયો, હાથથી બાજી ગઈ થયો રે ખોટી.સ૦
ભરનિદ્રા ભર્યા, રોધિ ઘેર્યો ઘણો, સંતના શબ્દ સૂંણી કાં ન જાગે;
ન જાગતાં નરસૈયા લાજ છે અતિ ઘણી, જન્મોજન્મ તારી ખંત ભાંગે. સ૦

નરસિંહ મહેતા.

આત્મજ્ઞાન.

જ્યાં લગી આત્મા તત્ત્વ ચીન્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી;
મનુષ્ય દેહ તારો એમ એળે ગયો, માવઠાની જેગ વૃષ્ટિ વૂઠી. જ્યાં૦ ૧
શું થયું સ્નાન સેવા ને પૂજા થકી? શું થયું ઘેર રહી દાન દીધે?
શું થયું ધરી જટા ભસ્મ લેપન કરે? શું થયું વાળ લોચન કીધે? જ્યાં૦ ૨
શું થયું તપ ને તીર્થ કર્યા થકી? શું થયું માળા ગ્રહી નામ લીધે?
શું થયું તિલક ને તુલસી ધાર્યા થકી? શું થયું ગંગાજળ–પાન પીધે? જ્યાં૦ ૩
શું થયું વેદ વ્યાકરણ વાણી વદે? શું થયું રાગ ને રંગ જાણે?
શું થયું ખટ દર્શન સેવા થકી? શું થયું વરણના ભેદ આણે? જ્યાં૦ ૪
એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા, આત્મારામ પરિબ્રહ્મ ન જોયો;
ભણે નરસઇઓ કે, તત્ત્વદર્શન વિના,રત્ન ચિંતામણી જન્મ ખોયો. જ્યાં૦ ૫

નરસિંહ મહેતા.

રામ ને રહેમાન.

નામ સમજીને બેસી રહિયે રે,
ભાઇ રે, નામ સમજીને બેસી રહિયે;
આત્મા ચીનીને મનમાં મગન થઈએ રે,
ભાઇ રે, નામ સમજીને બેસી રહિયે. ટેક. ૧

રામ ને રહેમાન તમે એક ભાઈઓ જાણજો,
કૃષ્ણ ને કરીમ એક કહિયે;
વિષ્ણુ બિસમિલ્લામાં ભેદ નથી ભાળ્યો,
અને અલ્લા અલખ એક લહિયે રે. —ભાઈ રે, નામ. ૨

ગફુર ગોવિંદ રહીમ એક તમે જાણજો,
મૌલા માધવ ગુણ ગાઇએ;
હરિ હક્કતાલાનો ભેદ મેં તો જાણ્યો,
હવે ચોરાશી માર નવ સહિયે રે. —ભાઈ રે, નામ. ૩

પરવરદીગાર પરમેશ્વર એક તમે જાણજો,
નબી નારાયણ ચોંટયો હઇયે;
ચોખા ને ચાવલ પણ ડાંગર એક છે,
એવું સમજે તેના ચેલા થઈએ રે. —ભાઇ રે, નામ. ૪

બાપુ સાહેબ નામ પાક છે, ને બીજું નાપાક છે,
એવું સમજ્યા કહોને કયાં જઈએ;
જે સાધન કરે તેનાં પડે સાંસો,
અમે બ્રહ્મજળમાં તો નિત્ય નહિયે રે. —ભાઈ રે, નામ. ૫

—બાપુ સાહેબ ગાયકવાડ.

પ્રાણીઆ ભજી લેને કીરતાર.

—ચાલ ખો—

પ્રાણીઆ ભજી લેને કીરતાર, આ તો સ્વપ્નું છે સંસાર. ટેક.
ધન દોલત ને માલ ખજાના, પુત્ર ને પરિવાર;
એમાંથી જાશે તું એકલો, પછે ખાશે જમના માર રે.–પ્રા. ૧
ઉંચી મેડી ને અજબ ઝરૂખા, ગોખનો નહિ પાર;
કોટિધ્વજ ને લક્ષપતિ, તેનાં બાંધ્યાં રહ્યાં ઘરબાર રે.–પ્રા. ૨
ઉપર ફરેરાં ફરફરે, ને હેઠે શ્રીફળ ચાર;
ઠીક કરીને ઠાઠડીમાં ઘાલ્યો, પછે વાંસે પડે પોકાર રે.–પ્રા. ૩
સેજ તળાયું વિના સૂતો નહિ, જીવ હુન્નર કરતો હજાર;
ખોરી ખોરીને ખૂબ જળાયો, જેમ લોઢું ગાળે લુહાર રે.–પ્રા. ૪
સ્મશાન જઇને ચેહે ખડકી, ને માથે છે કાષ્ઠનો ભાર;
અગ્નિ મેલીને ઉભાં રહ્યાં, અને નિશ્ચય ઝરે અંગાર રે.–પ્રા. ૫
સ્નાન કરીને ચાલી નીકળ્યાં, નર ને વળી નાર;
ભોજો ભગત કે' દશ દી રોઇને, પછે મેલ્યો વિચાર રે.–પ્રા. ૬

ભોજો ભગત.

જાગ્યને જાદવા.

જાગ્યને જાદવા કૃષ્ણ ગોવાળીઆ, તુજ વિના ઘેનમાં કુણ જાશે?
ત્રણસેં ને સાઠ ગોવાળ ટોળે મળ્યા, વડો રે ગોવાળિઓ કુણ થાશે? ટેક.
દહીં તણાં દૈથરાં, ઘી તણાં ઘેવરાં, કઢિયલ દૂધ તે કુણ પીશે?
હરિ તાર્યો હાથીઓ, કાળિ નાગ નાથીઓ, ભૂમિનો ભાર તે કુણ લેશે? જા.
જમુનાને તીરે ગોધણ ચરાવતાં, મધુરીસી મોરલી કુણ વાશે?
ભણે નરસૈયો તારા ગુણ ગાઈ રીઝિએ, બુડતા બાંહેડી કુણ સહાએ? જા.

નરસિંહ મહેતા.

નાગદમન.

જલકમલ છાંડી જાને બાળા, સ્વામી અમારો જાગશે;
જાગશે તને મારશે, મને બાળહત્યા લાગશે. જલ૦ ટેક.
કહે રે બાળક તું મારગ ભૂલ્યો, કે તારા વેરીએ વળાવિયો;
નિશ્ચય તારો કાળજ ખૂટયો, અહીંઆં તે શીદ આવિયો. જલ.
નથી નાગણ હું મારગ ભૂલ્યો, નથી મારા વેરીએ વળાવિયો;
મથુરા નગરીમાં જુગટું રમતાં, નાગનું શીશ હું હારિયો. જલ.
રંગે રૂડો રૂપે પુરો, દીસંતો કોડીલો કોડામણો;
તારી માતાએ કેટલા જન્મ્યા, તેમાં તું અળખામણો. જલ.
મારી માતાએ બેઉ જન્મ્યા, તેમાં હું નટવર નહાનડો;
જગાડ તારા નાગને, મારૂં નામ કૃષ્ણ કહાનડો. જલ.
લાખ સવાનો મારો હાર આપું, આપું રે તુજને દોરિયો;
એટલું મારા નાગથી છાનું, આપું તુજને ચોરીઓ. જલ.
શું કરૂં નાગણ હાર તારો, શું કરૂં તારો દોરિયો;
શાને કાજે નાગણ તારે, કરવી ઘરમાં ચોરીઓ. જલ.
ચરણ ચાંપી મૂછ મરડી, નાગણે નાગ જગાડિયો;
ઉઠોને બળવંત કોઈ, બારણે બાલક આવીયો. જલ.
બેઉ બળિયા સાથે વળગિયા, કૃષ્ણે કાળિનાગ નાથિયો;
સહસ્ર ફેણા ફૂંફવે જેમ, ગગન ગાજે હાથિયો. જલ.
નાગણ સૌ વિલાપ કરે જે, નાગને બહુ દુઃખ આપશે;
મથુરા નગરીમાં લેઈ જશે, પછી નાગનું શીશ કાપશે. જલ.
બેઉ કર જોડીને વીનવે સ્વામી, મૂકો અમારા કંથને;
અમે અપરાધી કાંઈ ન સમજ્યાં, ન ઓળખ્યા ભગવંતને. જલ.
થાળ ભરી શત મોતીએ, શ્રી કૃષ્ણને રે વધાવીઓ;
નરસૈયાના નાથ પાસેથી, નાગણે નાગ છોડાવિયો. જલ.

નરસિંહ મહેતા.

વૈકુંઠ નહિ આવું.

ગોપી—મારૂં વૃંદાવન છે રૂડું રે, વૈકુંઠ નહિ આવું.
નહિ આવું નંદજીના લાલ, નહિ આવું.—ટેક.
બેસીને રહેવું ને ટગમગ જોવું, નહિ ખાવું નહિ પીવું રે.
વૈકુંઠ નહિ. ૧
વૈમાન મોકલો તો મોકલો વહેલું, હું આવીશ સૌના પહેલું રે,
વૈકુંઠ નહિ. ૨
બ્રહ્મના લોક તો છે અતિ કૂડા, વાસી વ્રજના રૂડા રે,
વૈકુંઠ નહિ. ૩
*જે વિજે બે પોળીઆ હતા, તે તે તત્ક્ષણ મોકલ્યા કહાડી રે,
વૈકુંઠ નહિ. ૪
નરસૈયાનો સ્વામી અંતરજામી, તમે સાંભળો ને સારંગપાણી રે.
વૈકુંઠ નહિ. ૫

નરસિંહ મહેતા.

* જય અને વિજય.

—*—

શામળો ઘરેણું.

[આ કાવ્યનાં લેખક **મીરાંબાઈ** છે. તેમના જીવનને લગતી માહિતી મતભેદ ભરેલી છે. એટલું તો નક્કી છે કે તે મેડતાના રાજકુટુંબમાં જન્મ્યાં હતાં, અને ચિતોડના રાજકુટુંબમાં તેમનું લગ્ન થયું હતું. મીરાં નાનપણથી વૈષ્ણવ કુટુંબમાં ઉછર્યાં હતાં, અને કૃષ્ણ તરફ તેમની અગાધ ભક્તિ હતી. એમને સંસાર ઉપર વૈરાગ્ય હતો, તેથી તેમના પતિ સાથે બન્યું નહિ અને મેવાડ છોડી ગુજરાતમાં રહ્યાં અને સાધુસંતની સોબતમાં કૃષ્ણભક્તિનાં પદ બનાવી જીવન ગાળ્યું. તેમના સમયમાં ગુજરાતી અને મારવાડી ભાષા લગભગ સરખીજ હતી, તેથી તેમનાં કાવ્યો ગુજરાતી ગણાયાં અને લોકપ્રિયતાને લીધે પાઠાફેર થઈ હાલની ભાષાના જેવાંજ લાગે છે. તે નરસિંહ મહેતાના કાળમાં થઈ ગયાં.]

મુજ અબળાને મોટી મીરાંત બાઈ, શામળો ઘરેણું સાચું રે.
વાળી ઘડાવું વિઠ્ઠલવર કેરી, હાર હરિનો મારે હૈયે રે;
ચિત્તમાળા ચતુરભુજ ચુડલો, શિદ સોની ઘેર જઈએ રે. મુજ.
ઝાંઝરીયાં જગજીવન કેરાં, કૃષ્ણજી કલ્લાં ને કાંબી રે;
વિછુવા ઘુઘરા રામનારાયણના, અણવટ અંતરજામી રે. મુજ.
પેટી ઘડાવું પુરુષોત્તમ કેરી, ત્રિકમ નામનું તાળું રે;
કુંચી કરાવું કરુણાનંદ કેરી, તેમાં ઘરેણું ઘાલું રે. મુજ.
સાસરવાસો સજીને બેઠી, હવે નથી કાંઈ કાચું રે;
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, હરિને ચરણે જાચું રે. મુજ.

મીરાંબાઈ.

મુખડાની માયા.

મુખડાની માયા લાગી રે, મોહન પ્યારા. મુખડાની૰
મુખડું મેં જોયું તારૂં, જગત તો થયું ખારૂં;
મન મારૂં રહ્યું ન્યારૂં રે—મોહન પ્યારા૰
સંસારીનું સુખ એવું, ઝાંઝવાના નીર જેવું;
તેને તુચ્છ કરી ફરી રે—મોહન પ્યારા૰
સંસારીનું સુખ કાચું, પરણીને રંડાવું પાછું;
તેને ઘેર શીદ જઈએ રે—મોહન પ્યારા૰
પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો;
રાંડવાનો ભે ટાળ્યો રે—મોહન પ્યારા૰
મીરાં બલિહારી તારી, આશ એક ઉર ધારી,
હવે હું તો બડભાગી રે—મોહન પ્યારા૰

મીરાંબાઈ.

નહિ રે વિસારૂં હરિ.

નહિ રે વિસારૂં હરિ, અંતરમાંથી. નહિ રે૦
જલ જમુનાનાં પાણી રે જાતાં,
શિર પર મટકી ધરી—અંતરમાંથી૦
આવતાં ને જાતાં મારગ વચ્ચે,
અમુલખ વસ્તુ જડી—અંતરમાંથી૦
આવતાં ને જાતાં વૃંદાવનમાં,
ચરણુ તમારે પડી—અંતરમાંથી૦
પીળાં પીતાંબર જરકસી જામો,
કેસર આડ કરી—અંતરમાંથી૦
મોર મુગટ ને કાને કુંડળ,
મુખ પર મોરલી ધરી—અંતરમાંથી૦
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણુ,
વિઠ્ઠલવરને વરી—અંતરમાંથી૦

મીરાંબાઇ.

દવ તો લાગેલ ડુંગરમાં.

દવ તો લાગેલ ડુંગરમાં, કહોને ઓધાજી હવે કેમ કરીએ;
કેમ તે કરીએ અમે કેમ કરીએ, દવ તો લાગેલ ડુંગરમાં.
કહોને. ટેક.

હાલવા જઈએ તો વહાલા, હાલી ન શકીએ, બેસી રહીએ
તો અમે બળી મરીએ રે. કહોને૦ ૧
આરે વરતીએ નથી ઠેકાણું રે વહાલા, હેરી, પરવરતીની
પાંખે અમે ફરીએ રે. કહોને૦ ૨
સંસાર સાગર મહાજળ ભરીયો વહાલા, હેરી, બાંહેડી
ઝાલો નીકર બૂડી મરીએ રે. કહોને૦ ૩

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, હેરી, ગુરુજી તારે તો
અમે તરીએ રે. કહોને૦ ૪

મીરાંબાઈ.

પ્રેમની કટારી.

પ્રેમની, પ્રેમની, પ્રેમની રે, મને લાગી કટારી પ્રેમની. ટેક.
જળ જમુનામાં ભરવા ગયાંતાં, હતી ગાગર માથે હેમની રે. મને.
કાચે તે તાંતણે હરજીએ બાંધી, જેમ ખેંચે તેમ તેમની રે. મને.
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, શામળી સુરત શુભ એમની રે. મને.

મીરાંબાઈ.

રામ રમકડું.

રામ રમકડું જડિયું રે, રાણાજી, મને રામ રમકડું જડિયું. ટેક.
રૂમઝુમ કરતું મારે મંદિરે પધાર્યું, નહિ કોઈને હાથે ઘડિયું રે. રાણાજી.
મોટા મોટા મુનિજન મથી થાકયા, કોઈ એક વિરલાને હાથે ચડીયું રે. રાણાજી.
સુન શિખના રે ઘાટની ઉપર, અગમ અગોચર નામ પડિયું રે. રાણાજી.
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર, મારૂં મન શામળીયાશું જડિયું રે. રાણાજી.

મીરાંબાઈ.

બોલ મા.

બોલ મા, બોલ મા, બોલ મા રે, રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા. ટેક.
સાકર શેરડીનો સ્વાદ તજીને, કડવો તે લીમડો ઘોળ મા રે; રાધા. ૧
ચાંદાસુરજનું તેજ તજીને, આગીઆ સંગાથે પ્રીત જોડ મા રે; રાધા. ૨

હીરા માણેક ઝવેર તજીને, કથીર સંગાથે મણિ તોળ મા રે; રાધા. ૩
મીરાં કે' પ્રભુ ગીરધર નાગર, શરીર આપ્યું સમતોલમાં રે; રાધા. ૪
મીરાંબાઈ.

પ્રેમ વિષે.

છપ્પો ૧.

નથી નિપજતો પ્રેમ, વાડીમાં પાણી પાતાં,
નથી નિપજતો પ્રેમ, તેલ ચોળ્યાથી તાતાં;
નથી મળતો કાંઈ પ્રેમ, ગાંધી દોશીને હાટે,
નથી મળતો કાંઇ પ્રેમ, ખોળતાં વાટે ઘાટે;
નથી મળતો (કાંઇ) પ્રેમ તપાસતાં, ગુજરી ગામોગામની,
કહે નરભો પ્રેમ પૂરો મળે, કૃપા હોય શ્રીરામની.

છપ્પો ૨.

જ્યારે પ્રગટ્યો પ્રેમ, તુલસીના દળથી રાજી,
જ્યારે પ્રગટ્યો પ્રેમ, ખાધી ખીચડી ને ભાજી;
જેને પ્રગટ્યો પ્રેમ, પ્રેમને તે નર જાણે,
જેને પ્રગટ્યો પ્રેમ, તેહને વેદ વખાણે;
મનમાં જો પ્રેમ પ્રગટ થયો, એક રતિભર જેહને,
કહે નરભેરામ ગુરુ થકી, નિત્ય બલિહારી તેહને.

છપ્પો ૩.

કરીને યજ્ઞ અનેક, વ્રત વિધિ બહુ પાળે,
વળી આપે ગૌદાન, હાડ હિમાળે ગાળે;
ગીત વેદનાં ગાય, તીર્થ પણ બહુ ફરી આવે,
દધિ, દૂધ, ઘૃત, ખાંડ, વિપ્ર પોષે મન ભાવે;
એવાં સુકૃત કીધાં ઘણાં, શું આપું જીભે ગણી,
કહે નરભેરામ એ સર્વથી, જ્ઞાનદાન શિરોમણિ.

છપ્પો ૪.

નથી મૃતિકામાં માલ, નથી પિત્તળમાં પેઠો,
કનકની મૂર્તિ કરે, નથી ઈશ્વર મહીં બેઠો;
નથી ઘોરોમાં પીર, નથી શ્રાવકને દે'રે,
અસલ જુએ નહિ કોય, સહુ નકલોને હેરે;
છે રામ નામ અક્ષર અસલ, બીજું નકલ કહેવાય છે,
કહે નરભેરામ ગુરુ થકી, પ્રેમે પ્રગટજ થાય છે.

નરભેરામ.

લોચનમનનો ઝગડો.

[અંગ્રેજ સમયની પહેલાંના શુષ્ક કાળમાં થઈ ગએલા પણ ગુજરાતી સાહિત્યના ત્રણ મુખ્ય કવિમાંના એક દયારામ (ઇ. સ. ૧૭૬૭થી ૧૮૫૨) આ કાવ્યના લેખક છે. દયારામ રસિક કવિ હતા. તેમના જેવી સરલતા અને રસિકતા તેમજ લોકહૈયાં ઉછાળવાની શક્તિ બીજા કવિઓમાં ભાગ્યેજ જોવામાં આવે છે.]

લોચનમનનો રે, કે ઝગડો લોચનમનનો;
રસિયા તે જનનો રે, કે ઝગડો લોચનમનનો—ટેક.
પ્રીત પ્રથમ કોણે કરી, નંદકુંવરની સાથ;
મન કહે લોચન તેં કરી, લોચન કહે તારે હાથ. ઝગડો લોચન.
નટવર નિરખ્યા નેણ તેં, સુખ આવ્યું તુજ ભાગ;
પછી બંધાવ્યું મુજને, લગન લગાડી આગ. ઝગડો લોચન.
સૂણ ચક્ષુ હું પાંગળું, તું મારૂં વાહન;
નિગમઅગમ કહ્યું સાંભળ્યું, દીઠા વના ગયું મન. ઝગડો લોચન.
ભલો કરાવ્યો મેં તને, સુંદરવર સંજોગ;
મને તજી તું નિત મળે, હું રહું દુઃખ વિજોગ. ઝગડો લોચન.

વનમાં વ્હાલાજી કને, હુંય વસું છું નેણ;
પણ તુંને નવ મેળવે, હું નવ ભોગવું ચેન. ઝગડો લોચન.
ચહેન નથી મન કયમ તને, ભેટે શ્યામશરીર;
દુઃખ મારે જાણે જગત, રાત્રી દિવસ વહે નીર. ઝગડો લોચન.
મન કહે ધીકું હું હદે, ધૂમ્ર પ્રગટ ત્યાં હોય;
તે તુજને લાગે રે નેણુ, તે થકી તું રોય. ઝગડો લોચન.
એ બેહુ આવ્યા બુદ્ધિ કને, તેણે ચુકાવ્યો ન્યાય;
મનલોચનનો પ્રાણુ તું, લોચન તું મન કાય. ઝગડો લોચન.
સુખથી સુખ, દુઃખ દુઃખથી, મન લોચન એ રીત;
દયા પ્રીતમ શ્રીકૃષ્ણશુ, બેહુ વડેથી પ્રીત. ઝગડો લોચન.

દયારામ.

અન્નદેવ.

તમને આરાધું અન્ન-દેવ, પ્રથમ કરૂં તમારી સેવ. ટેક.
સવા પહોરે સૂતાં ઉઠે, બકોર કરતાં બાળ;
માતા પાસે ખાવા માગે, પહેલે પ્રાતઃકાળ. તમને.
પહોર દહાડામાં આવી મળે તો, કાયા કરે કલોલ;
માણસ થાય છે મરવા જેવું, ઘડી થાય જો સોળ. તમને.
વાત કરતાં વઢી પડે છે, ભણતાં જાય ભૂલી;
આંખડીએ અંધારાં આવે, કાયા થઇ જાય લૂલી. તમને.
× × × × ×
બળિયામાં જે બળિયો કહાવે, જે છે સઉથી બળિયો;
તે જો પામે ત્રીજે પહોરે, ધૂળ થઇને ઢળિયો. તમને.

રણછોડ ભકત.

નળાખ્યાન.

[ગુજરાતી ભાષાને બીજી ભાષાઓ કરતાં ચઢિઆતી ન બનાવું ત્યાં સુધી પાઘડી ન પહેરૂં એવું પણ લઈ ગુજરાતી ભાષાના ઉદ્ધાર માટે સતત પ્રયત્ન કરનાર ભાષાપ્રેમી મહાકવિ પ્રેમાનંદનું આ ઉત્તમ કાવ્ય છે. પ્રેમાનંદના સમય સુધી ફક્ત ભક્તિનાંજ કાવ્યો લખાતાં; તેને બદલે પુરાણનાં આખ્યાનો ઉપરથી કાવ્યો લખવાના સફળ પ્રયત્ન પ્રેમાનંદે કર્યા. પ્રેમાનંદ ગુજરાતી સાહિત્યના સર્વોત્તમ કવિ છે.]

(જુઓઃ—ભાગ ૧.)

નળનું રાજ્ય.

રાગ ગોડી.

બૃહદશ્વજી વાણી વદે, રાય યુધિષ્ઠિર ધરતા હૃદે;
નૈષધ નામે દેશ વિશાળ, રાજ કરે વીરસેન ભૂપાળ.
તેહને સુરસેન બાંધવજંન, તે બેઉને અકેકો તંન;
તે રૂપે કુટડા જેવા કામ, નળ પુષ્કર બન્યોનાં નામ.
પછે નળને આપી રાજ્યાસન, પિતા કાકો બન્યો ગયા વન;
ચલાવે રાજ્ય નળ મહાપતિ, પુષ્કરને કીધો સેનાપતિ.
જીત્યા દેશ વધારી ખ્યાત, શત્રુ માત્ર પમાડયા શાંત;
ભૂપતિ સર્વ નૈષધને ભજે, નળ પુષ્કરે કીધો દિગ્વિજે.
પ્રજા સૂએ ઉઘાડે બાર, ન કરે ચોરી ચોરચખાર;
સત્યે યમપતિ કીધો સાધ, પુરમાંહે કોને નહિ વ્યાધ.

× × × × ×

પુષ્કરનું માનસી રાજ્ય.

ત્યારે પુષ્કરને થઈ અદેખાઈ, મુજ થકી વધ્યો પીતરાઈ;
નળને નમે પ્રજા સમસ્ત, એ આગળ હું પામ્યો અસ્ત.

એહવું જાણી મન આણી વૈરાગ્ય, ગયો વન ઘર કીધું ત્યાગ;
નળનો વાળ્યો તે નવ વળ્યો, દારુણ વનમાં પોતે પળ્યો.
જઈને સેવ્યું પર્વતશૃંગ, તળે વહે છે નિર્મળ ગંગ;
શલ્યાનું કીધું આસન, પાંદડાંનું કીધું છત્ર રાજન.
માનસી રાજ્ય માંડયું વનતણું, કોકિલા ગાન કરે છે ઘણું;
આ મૃગ તે અશ્વ માહરે કારણે, દ્રુમ પ્રતિહાર ઉભા બારણે.
ભુંડ હસ્તી પૃથ્વી પરજંગ, એ રાજ કેમ ન પામે ભંગ;
કો લૂંટી લેવા આવી નવ ચડે, ઉઘાડે બાર ખાતર નવ પડે.
એણી પેરે માંડયું રાજ્યાસન, અણ ચાલતે વશ કીધું મન;
એ કથા એટલેથી રહી, નળ રાજા શું કરતો તહીં.

× × × × ×

નારદજી નળરાજા પાસે ગયા અને નળરાજાને કુંવારા રહેવાનું કારણ પૂછ્યું. લાયક કન્યા નથી મળતી તેમ નળે જણાવ્યું. નારદજીએ વિદર્ભ દેશના રાજા ભીમકની કુંવરી દમયંતીના રૂપ અને ગુણનાં વખાણ કર્યાં.

દમયંતીનું વર્ણન.

રાગ આશાવરી.

ગુણ ચાલને ચાતુરી, અદ્દભુત સુંદર વેશ;
તેહને હું કેમ વર્ણવું, વર્ણવી ન શકે શેષ.
બુદ્ધિ પ્રમાણે માનનીનું, કરૂં છું વર્ણન;
જયમ સાગરમાંથી ચાંચ જળની, ભરે પક્ષીજન.
દમયંતીનો ચોટલો, દેખી અતિ સોહાગ;
અભિમાન મૂકી લજ્જા આણી, પાતાળ પેઠો નાગ.
ભીમકસુતાનું વદન સુધાકર, દેખીને શોભાય;
ચંદ્રમા તો ક્ષીણ પામી, આભમાં સંતાય.
સૃષ્ટિ કરતાં બ્રહ્માજીએ, ભર્યું તેજનું પાત્ર;

તે તેજનું પ્રજાપતિએ ઘડયું, દમયંતીનું ગાત્ર.
તેમાંથી કાંઈ શેષ વાધ્યું, ઘડતાં ખેરો પડીઓ;
બ્રહ્માએ એકઠું કરીને, તેનો ચંદ્રમા ઘડીઓ.
નળ કહે નારદને, એ વખાણ ભાવ ન પહોંતો;
દમયંતી હમણાં અવતરી, ચંદ્ર પહેલો નહોતો ?
નારદ કહે બ્રહ્માજીએ, સઉ પહેલી ઘડીને રાખી;
પણ પૃથ્વીમાં અવતારી નહિ, ભરથાર એવી પાખી.
વિરંચીએ વૈદર્ભી નાખી, ઉદય હવડે પામી;
તે જો અહીંઆં અવતરી, તો નિર્મ્યો હશે કો સ્વામી.

× × × × ×

આ વખાણ સાંભળી નળને દમયંતી પરણવાની ઇચ્છા થઈ. નળ મૃગયા રમવા ગયો અને ત્યાંથી સોનાની કાયા અને રત્ન જેવી ચાંચવાળા એક હંસને પકડી લાવ્યો. તે હંસે દમયંતી સાથે નળનું લગ્ન કરાવી આપવાનું માથે લીધું, અને વિદર્ભ દેશ ગયો.

હંસ અને દમયંતી.

વિશ્વાસ આપ્યો વીરને, પછે પરવર્યો ખગેશ;
થોડે કાળે આવીઓ, જ્યાંહાં વિદર્ભ દેશ.
ભીમક રાયના ઘરની વાડી, ત્યાં દમયંતીનું ધામ;
તે વાડી મધ્યે આવી હંસે, લીધું નળનું નામ.
ચંદ્રમા મસ્તકે આવ્યો, પૂર્ણિમા મધ્ય જામની;
સખી સાથે દ્યૂત રમે છે, દમયંતી એ ભામની.
તેણે સમે ત્યાં હંસલે, વખાણ્યો નળ રાજન;
શબ્દ સુંદર સાંભળી, શ્યામાએ ધરીઓ કાન.
હરિવદનીએ હંસ દીઠો, બેઠો ચંપક છોડ;
આ શું સોનાનું સાવજું, થયું ઝાલવાનું કોડ.

શોભતું ને બોલતું, કરે નળની વિખાણુ;
એ પંખી કર ચડે નહિ, તો તજું માહરો પ્રાણ.
અબળા હેઠી ઉતરી, ઝાંઝર કાઢયાં તત્કાળ;
હંસે દીઠી કામની, ત્યારે બેઠો નીચી ડાળ.
દોડે આડી અવળી અંગના, કરે ઝાલવાનો ઉપાય;
હાથમાંથી હંસ નહાસે, ચપળ નવ ઝલાય.
પંખી કહે રે પ્રેમદા, અમો કમળના રહેનાર;
નળ વિના કો ન ઝાલે, તું કોણ જે ગ્રેહેનાર.

વલણ.

ગ્રેહેનાર તું કોણ મૂર્ખી, તુંને કાંહાંથી નળની શુદ્ધ રે,
વચન સૂણીને વામાએ, વિચારી ઝાલવાની બુદ્ધ રે.

× × × × ×

દમયંતીએ હંસને પકડવા યુકિત કરી, પણ હંસ જાણી જોઈને પકડાયો અને નળનાં વખાણ કરે ગયો.

નળનું વર્ણન.

એટલામાં મન વિહ્વલ કીધું, ચિત્ત મહિલાનું આકરષી લીધું;
બેઉ કર જોડીને નમયંતી, હંસ પ્રત્યે કહે દમયંતી.
હું પૂછું છું બીહીતી, નળની કથા કહો અથ ઈતિ;
છે બાળક વૃદ્ધ જોબન ધામ, શે અર્થે નળ ધરાવ્યું નામ.
તમે આવડો જીભે વરણ્યો, છે કુંવારો કે પરણ્યો;
એવાં વચનને સાંભળી, ત્યારે હંસ બોલ્યો કળકળી.
નળ છે કુંવારો નથી કન્યા, છે બ્રહ્માનો મોટો અન્યા;
અમો કોટાનકોટ નારી નિરખી, ન મળે નળને પરણ્યા સરખી.
એક વાર બ્રહ્માએ શું કરીઉં, સકળ તેજ એક પાત્રમાં ભરીઉં;
તે તેજનો ઘડયો નળરાય, કોઈ એક રજ વાધી પાત્રમાંય.

તેની એક થપોલી હવી, આકાશે ઉપન્યો રવિ;
વહાણે સાંજે નળ બાહેર નીસરે, તેજવંત વનમાં ફરે.
સુરજ ઝાંખી કહાડે કોર, વહાણું સાંજ તેણે ટાહડો પોહોર;
અદ્દષ્ટ જ્યારે થાય રાજાન, નિશ્ચિત ભાનુ તપે મધ્યાન્હ.

વલણ.

મધ્યાહ્ને નળ જાય મંદિરમાં, માટે સુરજ તપે ઘણું;
હંસ કહે હો હરિવદની, શું વખાણુ કરૂં તે નળતણું.

રાગ જેતશ્રી.

હંસ ભણે હો ભામિની, બ્રહ્માંડ ત્રણ જોયા સહી;
નળની તુલના મેળવું પણ, મહીતળમાં તુલના કોઈ નહિ. તુલના.
જુગ્મ રવિ સુત રૂપ, આગળ જાય નાખી વાટ;
ગંભીરતાએ વર્ણવું, પણ અર્ણવમાં ખારાટ. તુલના.
શીતળતાએ શશી હાર્યો, મૂકે કળા પામે કષ્ટ;
તેજથી આદિત ફરે નાઠો, મેરૂ કેરી પૃષ્ઠ. તુલના.
ઐશ્વર્ય યુદ્ધ ઇંદ્ર હાર્યો, ઉપાય કીધા લાખ;
નળ આગળ મહિમા ગાયો માટે, મહાદેવ ચોળે રાખ. તુલના.
નૈષધરાયના રૂપ આગળ, દેવને થઈ ચિંતાય;
રખે આપણી સ્ત્રીઓ વરે નળને, સર્વે માંડી રક્ષાય. તુલના.
લક્ષ્મીનું મન ચંચળ જાણી, વિષ્ણુ મન વિમાસે;
પ્રેમદાને લઈ પાણીમાં પેઠા, બેઠા શેષને વાંસે. તુલના.
હિમસુતાને હર લઈ નાઠા, ગયા ગુફા માંય;
સહસ્ર આંખો ઇન્દ્રે કરી, કરવા નારીની રક્ષાય. તુલના.
સિદ્ધિબુદ્ધિને ધીરે નહિ, રાખે ગણપતિ અહોનિશ પાસ;
ઋષિપત્નીને ઋષિ લેઈ નાઠા, જઈ રહ્યા વનવાસ. તુલના.
પાતાલમાં લેઇ પદ્મિનીને, વસીઆ વરુણ તે ભૂપ;
સ્વાહાને સાચવવા વન્હિએ, ધર્યાં અડતાલીસ રૂપ. તુલના.

ચંદ્ર ને સુરજ નાઠા ફરે છે, રખે વરતી નારી;
નારદજી આગળથી ચેત્યા, માટે રહ્યા બ્રહ્મચારી. તુલના.
હંસ ભણે હો ભામિની, એમ સૌએ શ્યામા સંતાડી;
નળના વપુના નામથી, સર્વે સૃષ્ટિ કષ્ટ પમાડી. તુલના.
ત્યારે નરમ થઇ દમયંતી બોલી, નિર્મળ નળ ભૂપાળ;
જેમ તેમ કરતાં ભાઇ મારો, ત્યાં મેળવ વેવિશાળ. તુલના.
હંસ કહે ફોકટ ફાંફાં જેમ, વામણો ઇચ્છે આંબાફળ;
તેમ તુજને ઇચ્છા થઇ, ભરતાર પામવા નળ. તુલના.
હજાર હંસ હું સરખા ફરે છે, નૈષધપતિના દૂત;
ખપ કરી પરણાવીએ, તો તું સરખું કંઈ ભૂત. તુલના.
વચન સૂણી વિહંગમનાં, અબળાએ મૂક્યો અહંકાર;
ભુંડા એ શું મુને નિભ્રંછ્યા, આપણે મિત્રાચાર. તુલના.
સ્નેહ તે સત્કર્મનો એમ, વદે વેદ ને ન્યાય;
એમ જાણી પરણાવ મુજશું, લાગું તારે પાય. તુલના.

વલણ.

પાયે લાગું ને નળ માગું, હવે આવી તારે શર્ણ રે;
નહિતર પ્રાણ જાશે માહરા, ને પિંડ પડશે ધર્ણ રે.

નળનું વેવિશાળ.

રાગ વેરાડી.

હંસ ભણે હો ભગિની મારી, ભીમકરાજકુમારી;
નિશ્ચય નળ તુજને પરણાવું, મુને દયા આવે છે તારી. હંસ.
અમો મળતાંને પ્રાણજ આપું, પુરૂં મનની આશ;
તારો મોહ લગાડું નળને, નાખી ઉંચા નીચા પાશ. હંસ.
એક જડીબુટ્ટી સુંઘાડું નળને, તત્ક્ષણ થાશે ઘેહેલો;
આફણીએ આંહાં આવીને રહેશે, વહેલો સર્વની પહેલો. હંસ.

નળને તું નિરધાર પરણશે, એ માહરો સંકેત;
રખે ત્યાર પહેલી કોને વરે, પછે હું થાઉં ફજેત. હંસ.
સ્વયંવર તું ધ્વર રચાવે, વળી કરે એક વાનું;
તારો પિતા નોહતરૂં મોકલે, તું પત્ર લખજે છાનું. હંસ.

× × × ×

હંસે નળરાજાને આવી બધી વાત કરી. દમયંતીના સ્વયંવરનું તેડું આવ્યું, સાથે દમયંતીનો પત્ર પણ આવ્યો અને નળ સ્વયંવરમાં ગયો.

સ્વયંવર.

રાગ સારંગ.

નળ પોહાંતો વિદર્ભ દેશ, તાંહાં મળ્યા મોટા નરેશ,
ચોહોફેર સબીરનાં ધામ, વસ્યા રાજા તેટલાં ગામ;
સાગરમાં નાવ હોયે જેમ, ભીમકનું નગ્ર દીસે તેમ,
ગજદળ હયદળ ને માનવ, તેણે અન્ન થયું મોઘું સરવ.

\+ \+ \+ \+

રાગ સોરઠી.

વૈશંપાયન રાજન, સાંભળ સ્વયંવરનું વર્ણન;
પડયો બાજ્યો સૂણ્યો સર્વ રાતે, ઉઠયા ઉજમ થાતે પ્રભાતે.
શીઘ્ર જઇએ વર્યાની તકે, તેડાં મોકલ્યા ભાઇઓ ભીમકે;
નોહે અતિકાળ કીધાનું કામ, માંડવે નવ મળશે બેસવાનાં ઠામ.
ભીડ ભરાઇ ગામ ભાગળથી, રંક જાએ રાય આગળથી;
મળે શુકન સામા તેડે, શુકન વદે ને રથ ખેડે.
કરે તિરસ્કાર સેવક પર રીસ, પડે મુગટ ઉઘાડાં શીશ;
જાયે અસ્વાર બહુ અલબેલા, હયહીંડે જાણે જળના રેલા.
ભરાયે રથ માંહોમાંહે અટકે, ત્રાડે હરતી ઘોડા ભડકે;
અસ્વાર પડે છે નીસરી, તે મળે કંઇએ નવ ફરી.

વાહન પડઘાનો ચાલ્યો છબ, ચરણ રેણુએ છાયો નભ;
થઇ રહ્યું છે અંધારૂં ઘોર, પડી રહ્યો છે શોહોરાશોહર.
બોલે દુંદુભીના બહુ ડંક, અડળામણનો વળ્યો અંક;
સર્વને દયયંતીનું ધ્યાન, પ્રાણિમાત્ર વર નહિ કો જાન.
સ્વયંવર જોવા કારણે, પ્રજા મળી મંડપબારણે;
દ્વારે ઉભો છે જ્યેષ્ટિકાદાર, તેડે જેને જેવો અધિકાર.

× × × ×

ભીમક ભૂપને દે છે માન, આવી રહ્યા સર્વ રાજન;
ગાનારી ગીત ગાએ ગાથા, બાંધ્યાં તોરણ દેવાય હાથા.
વસ્ત્રે કેસર માંહે ઝકઝોળ, બેસે આસને આરોગે તંબોળ;
વર થઇ બેઠાં પ્રાણિમાત્ર, સમાં કર્યાં છે વરવાં ગાત્ર.
શરીર ક્ષુદ્ર કાષ્ટનાં ખોડ, તેને દમયંતી પરણ્યાના કોડ;
બાળ યૌવન ને વળી વૃદ્ધા, તેને દમયંતી પરણ્યાની શ્રદ્ધા.
કો તો મોટા ઘરના કુંવર, કો કહે આદ્ય અમારૂં ઘર;
આશા અભિમાને ભર્યા નર, વાંકા મુગટ ધર્યા શિર પર.
ઘરડા થયા નાના વર, વત્તાં કરાવતાં વાગ્યા છર;
તન મન કન્યાને અર્પણ, આગળથી નહિ ટાળે દર્પણ.
કેટલાક કરે તિલકની રેષ, કેટલાક કરે માંહોમાંહે દ્વેષ:
કેટલાક કરે પુછાપૂછ, હું કેવો કહી મરડે મૂછ.
જેના મુખ માંહે નહિ દંત, તેને પરણવાનું ચંત;
કેવળ વૃદ્ધ ડાચાં ગયાં મળી, તે બેઠા ટુંપાવી પળી.
જોશીની પ્રણિપત કરી, દેખાડે હાથ ને જન્મોતરી:
જો દમયંતી મુને પરણે, તો જોશી હું લાગું ચરણે.

× × ×

પણ દમયંતીએ તો નળનેજ વરમાલા આરોપી. લગ્ન પછી કેટલોક સમય ગયો. ત્યાર બાદ પુષ્કરના આગ્રહથી નળ જુગટું રમ્યો અને રાજપાટ હાર્યો. નળ અને દમયંતી જંગલમાં ગયાં અને તેમનાં છોકરાંને મોસાળ મોકલ્યાં, તે મોસાળ મોકલતી વખતે દમયંતી કહે છે.

બાળકોને વિદાય.

રાગ મેવાડો.

મોસાળ પધારો રે, મોસાળ પધારો—
મોસાળ પધારો બાહુઆં રે, મારાં લાડવાયાં બે બાળ;
નમાયાં થઈ વરતજો, સેહેજો મામીની ગાળ—મોસાળ૦
હૃદયા ચાંપે રે, રાણી હૃદયા ચાંપે,
હૃદયા ચાંપે પેટને રે, એ છેલુંવહેલું લાડ:
હવે મળવાં દોહલાં રે, મળીએ તો પ્રભુનો પાડ—મોસાળ૦
થયાં માતા વોહોણાં રે, થયાં માત વોહોણાં,
માત વોહોણાં થયાં દામણાં રે, નહિ કો રૂડો સાથ;
રૂએ રાણી હૃદય ફાટે રે, કોણ માથે ફેરવશે હાથ—મોસાળ૦
મંદિરના ગુરુજી રે, મંદિરના ગુરુજી,
મંદિરના ગુરુજી સુદેવજી રે, તમારે ખોળે સોંપું બે તન;
જઈ કહેજો મારી માતને રે, જીવની પેરે કરજો જતન—મોસાળ૦
પુત્રી જમાઈ રે, તમતણાં પુત્રી જમાઈ,
પુત્રી જમાઈ તમતણાં, કહેજો વનમાં પૂર્યો વાસ;
જઈ કહેજો મારા તાતને રે, અમ જોગીનો લે તપાસ—મોસાળ૦
ચુંબન કરતી રે, માવડી ચુંબન કરતી,
ચુંબન કરતી માવડી રે, ફરી ફરી મુખ જોય;
હૈયે થકાં નવ ઉતરે રે, એમ કહી દમયંતી રોય—મોસાળ૦

વલણ.

રોયે રાણી અતિ ઘણું, વત્સ સોંપ્યાં ગુરુ કર માંહે રે;
ઋષિ સાથે બે બાળકાં, વોળાવ્યાં નળરાય રે.

નળ અને દમયંતી એકેક વસ્ત્ર પહેરી જંગલમાં ગયાં. કેટલાક દિવસ કાંઈ ખાવાનું મળ્યું નહિ. નળ ત્રણ માછલાં પકડી લાવ્યો અને તે દમયંતીને સોંપ્યાં. દમયંતીના હાથ અડવાથી મરેલાં સજીવન થાય એવું વરદાન હતું,

તેથી દમયંતી માછલાંને અડી કે તરત તે સજીવન થઈ નાસી ગયાં. નળ બીજો ખોરાક શોધવા ગએલો તે કાંઈ નહિ મળવાથી નિરાશ થઈ પાછો આવ્યો ને માછલાં દીઠાં નહિ, એટલે દમયંતી ખાઇ ગઇ હશે એવો વહેમ આવ્યો. થોડાક વખત પછી નળે એક પક્ષીને ઉડતું જોયું. તેને પકડવા માટે રાજાએ પોતાનું વસ્ત્ર ફેંકયું પણ પક્ષી વસ્ત્ર લઇ ઉડી ગયું. હવે રાજા અને રાણી બન્નેએ એકજ વસ્ત્ર પહેર્યું. રાતના આવી દશામાં બન્ને જણાં સુતાં. ભૂખ, દુઃખ અને રાણીના ઉપર આવેલા વહેમથી દમયંતીને મૂકી નાસી જવાનો વિચાર નળને થયો.

ત્યાગ.

રાગ વેરાડી.

કટકા બે પટકુળના કરી, મૂકી નળ ચાલ્યો સુંદરી;
ગયો ડગલાં સાતજ ભરી, પ્રીત શ્યામાની સાંભરી.
નળ વિમાસણ મનમાં કરે, એકલી એ ફાટીને મરે;
વર્યો હું દેવતા પરહરી, વળી વનમાં સાથે નીસરી.
ત્રૈલોક મોહન એ માનિની, કેમ વેદના સહેશે રાનની;
ન ઘટે મૂકી જાવું મને, નળ આવ્યો દમયંતી કને.
દીઠું મુખ અંતર પરજળ્યો, સંભારી મચ્છને પાછો વળ્યો;
કળી તાણે વાટ મન તણી, પ્રેમ તાણે દમયંતી ભણી.
વિચાર વારિનિધિમાં પડયો, આવાગમન હીંડાળે ચઢયો;
સાત વાર આવ્યો ફરી ફરી, તજી ન જાયે સાધુ સુંદરી.
બળ પ્રબળ કળીનું થયું, પ્રેમબંધન ત્રુટીને ગયું;
સર્પ કંચુકીને તજે જેમ, મેં દમયંતી તજવી તેમ.

\+ \+ \+

એવું કહીને મૂકી દોટ, ઉજાડે દોડયો સાસોટ;
ત્યાં લગે ધાયો ભૂપાળ, રહ્યો જ્યાં થયો પ્રાતઃકાળ.

વલણ.

કાળ ઉદે અરુણ તણો, ત્યાં લગે ધાયો ધીશ રે;
જાગ્યો હદે થયું દુઃખ ઉદે, જ્યારે દીઠો દીશ રે.

નળનો શોક.

રાગ રામગ્રી.

નળ જળ નયણે ભરે ને, કરે વિવિધ વિલાપ;
વ્યાકુળ અંગ પોતાતણું, અવની પછાડે આપ.
વૈદરભી વામા, રંક રામા, એકલડી વન મધ્ય;
ભય ધરશે ને ફાટી મરશે, જીવ્યાની ટળી અવધ્ય.
નહિ મળે ફરી કોકિલાસ્વરી, શે ઉપન્યો વિખવાદ;
મન ગમયંતી, બોલ દમયંતી, નળે માંડ્યો સાદ.
વિશ્વમોહિની, સૃષ્ટિદોહિની, સુંદરી સુજાણ;
વિરહિણી વલ્લભ, દર્શનદુર્લભ, બોલ પિયુના પ્રાણ.
વન ફરતો, રુદન કરતો, જોતો આવ્યાની વાટ;
કળિએ ચરણ ધરણનાં ભુંસ્યાં, વન કીધું નિર્વાટ.
વડડાળે ભૂપાળ વળગ્યો, તે રૂએ હૃદયા ફાટે;
મોહધારણ કર્મકારણ, કહે ભુજ દેઇ લલાટે.
રાય વિલપે, ઘણું કલપે, સંભારે સુખ સ્નેહ;
કુબુધ આવી, મન ભાવી, અન્યાયે દીધો છેહ.

+ + + + +

નાથ મૂકીને જાય છે એવું દમયંતીને સ્વપ્ન આવ્યું, અને ઝબકીને જાગી તો નળને દીઠો નહિ એટલે કલ્પાંત કરવા લાગી.

વનમાં વૈદરભી.

રાગ રામગ્રી.

વૈદરભી વનમાં વલવલે, અંધારી રાત;
ભામની ભય પામે ઘણું, એકલડી રે જાત. વૈદરભી.

રસનાએ નામજ નળતણું, મુખ જપતી રે જાય;
શુદ્ધ નથી શરીરની, ભાંજે કંટક પાય. વૈદરભી.
રોઇ રોઈ રાતી આંખડી, ભરે આંસુ નીર;
નયને ધારા બબ્બે ઝરે, વહે અંગ રુધિર. વૈદરભી.
હીંડતાં તે આખડે, પગમાં વાગે ઠેસ;
ચાલતાં ઉભી રહે, ભરાયે કાંટે કેશ. વૈદરભી.
અંગે ઉઝરડા પડયા ઘણા, વહે શોણિતધાર;
હો નળ, હો નળ બોલતી, બીજો નહિ વિચાર. વૈદરભી.
ઉંડાં કોતર ઉતરે, ચઢે ગિરિકરાડ;
અશુદ્ધે ઉધડકે નહિ, પાડે વાઘ બરાડ. વૈદરભી.
વાંકી વાટ ટીંબા ટેકરા, ભયાનક ખોહ:
રાફ માંહે સાપ ફૂંકવે, ઘણું ઘુઘવે ઘોહ. વૈદરભી.
શબ્દ પશુ પંખી તણા, ન પડે કાંઈ પ્રીછ;
વરૂ વણીઅર બીહાવે અરણ્યમાં, વાઘે વળગવા રીંછ. વૈદરભી.
શૂકર રોઝ ચિકારડાં, ચીતળા દે ફાળ;
ફાલુ નાદ હોયે ઘણા, બહુ બોલે શિઆળ. વૈદરભી.
આંબા આમલી લીમડા, અરીઠા અપાર:
શીમળ સમળી સેગઠા, ન સૂઝે પંથવિચાર. વૈદરભી.
ખેર ખાખર ને કાચકી, કંટાળા થુએર;
બાવળીઆ બહુ બોરડી, સરગુવા સમેર. વૈદરભી.
આખડી પડતી સુંદરી, ચરણે વેલા વિંટાય;
છૂટા કેશ કામની તણા, ઝાંખરે ઝિંટાય. વૈદરભી.
વૃક્ષ અથડાએ અંગશું, મૂકે કાંટામાં પાય;
શુદ્ધ નથી રે શરીરની, ભજતી નળરાય. વૈદરભી.
દિવસ નિશા પ્રીછે નહિ, એવું ઘાડું અરણ્ય;
દમયંતી ભૂલી ભમી, ત્યાં દિવસ ત્રણ. વૈદરભી.

અન્ન ઉદક પામી નહિ, નહિ બેસવું શયન;
ત્રણ દિવસ એમ વહી ગયા, ભમયંતાં વંન. વૈદરભી.

વલણ.

વન ભયાનક ભામિની ભમી, દિવસ ત્રણુ ગયા વહી રે;
વાટ ઘાટ ને ગામ ઠામ કાંઈ, પ્રેમદા પામી નહિ રે.

નળને શોધતી દમયંતી.

રાગ રામગ્રી.

ભૂલી ભમે છે ભામિની, નૈષધનાથની નારી રે;
હો નળ, હો નળ બોલતી, ભીમકરાજકુમારી રે. ભૂલી.
ધોવાયું કાજળ આંસુએ કરી, વેદનાએ વ્યાકુળ રે;
અર્ધ ઉઘાડી દેહડી, માથે ફાટયું છે પટકુળ રે. ભૂલી.
એવે દીઠો એક ચીતરો, ધાઈ દમયંતી ઉલટ રે;
પૂછે ભાળ નળ ભૂપાળની, છે તારા જેવી કટ રે. ભૂલી.
શાર્દુલ દીઠો વાટમાં, વૈદરભી પૂછે ધરી વહાલ રે;
નૈષધ નરેશ વાટે મળ્યા ? છે તારા જેવી ચાલ રે. ભૂલી.
સાવજ થાયે ગાભરા, ભય પામી નાસી જાય રે;
રખે વનદેવી અમને ઝાલતી, પશુ અરિ કંપાય રે. ભૂલી.
પૂછે ઉંચા દ્રુમને, તારી ગગને ગઈ ડાળ રે;
તરુવર જે મારી વતી, કહીં દીસે ભૂપાળ રે. ભૂલી.
પર ઉપકારી સદા તમો, વળી શીતળ તારી છાંય રે;
નૈષધનાથ કયહું દીઠડા, જોઉં છૌ વનમાંય રે. ભૂલી.
તરુ ઉત્તર આપે નહિ, તેમ તેમ રાણી રોય રે;
પુણ્યશ્લોકે જયારે પરહર્યા, શત્રુ થયાં સર્વ કોય રે. ભૂલી.
અજગર પડયો છે વાટમાં, વીકાસી મુખ ભાગ રે;
દમયંતીએ જાણ્યું નહિ, તેના મુખમાં મૂકયો પાગ રે. ભૂલી.

ચરણ ગળ્યો જાનું લગે, વિષ ચઢી ગયું શરીર રે;
પડી ભોમ સાદ નળને કરે, મુખે પાડે ચીસ રે. ભૂલી.
અજગર આનંદ પામીઓ, ભલું જડયુ ભક્ષ રે;
વૈદર્ભી ઘણું વલવલે, ઉંચાં ચઢી ગયાં ચક્ષ રે. ભૂલી.
કંઠે બંધાઇ કાચકી, મુખે પડીઓ શોષ રે;
મરણ સમે મૂકે નહિ, હૃદે રસના પુણ્યશ્લોક રે. ભૂલી.
રોતી રાણી સાંભળી, પારધી આવ્યો ધાઇ રે;
પગ દીઠો અજગરમુખમાં, તેણે શ્યામાને સાહી રે. ભૂલી.
પારધીએ અજગર મારીઓ, કોહોવાડા ધાય રે;
જત્ન કરીને મૂકાવીઓ, નળપત્નીનો પાય રે. ભૂલી.
વૈદર્ભીને વિષ ચઢયું નહિ. છે વાસવનું વરદાન રે;
કરતલ વાસ સુધા તણો, દેહી રહી પરમ નિધાન રે. ભૂલી.

દમયંતીને અજગરના મોંમાંથી છોડાવનાર પારધીની દાનત બગડી. તે પારધીને દમયંતીએ શાપ આપ્યો તેથી તે બળીને ભસ્મ થઈ ગયો. દમયંતી રખડતી અને હેરાન થતી તેની માસી ભાનુમતીના રાજ્યમાં આવી, પણ તેની માસી તેને ઓળખી શકી નહિ. તે માસીને ત્યાં દાસી તરીકે રહી. નળરાજાએ રસ્તામાં કર્કોટક નાગ બળતો હતો તેને બચાવ્યો. કર્કોટક નાગ તેને કરડયો અને તેનું બધું સ્વરૂપ બદલાઈ ગયું; તે કદરૂપો બન્યો. જ્યારે નળની ઇચ્છા થાય ત્યારે પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કરી શકે એવી યુક્તિ કર્કોટકે કરી હતી. આ યુક્તિથી નળને છુપે વેશે રહેવું ફાવ્યું. દમયંતીની માસીનાજ ગામમાં તે જઈ પહોંચ્યો અને દમયંતીના માસા રાજા ઋતુપર્ણના સારથી તરીકે નળે બાહુક નામ ધારણ કરી નોકરી કરવા માંડી. એક દિવસ રાજકન્યા ઇંદુમતી મોતીનો હાર મૂકી નાહવા બેઠી હતી. દમયંતી સિવાય બીજું કોઇ ત્યાં હતું નહિ. કળિએ હાર સંતાડયો. કળિને કોઈ દેખી શકે નહિ એટલે દમયંતી ઉપર ચોરીનો આરોપ આવ્યો. દમયંતીએ ઈશ્વરની પ્રાર્થના કરી.

દમયંતીની પ્રાર્થના.

હો હરિ સત્યતણા સંઘાતી, હરિ હું કહીંએ નથી સમાતી;
હરિ મારે કોણ જન્મના કરતું, પ્રભુ ચોરી થકી શું નરતું.
હરિ હું શા માટે દુઃખ પામું, પ્રભુ જુઓ હું રાંકડી સામું;
હરિ તમે ગ્રાહથી ગજ મુકાવ્યો, તો હું ઉપર શો રાષ આવ્યો.
હરિ હું નથી દુઃખની ધીર, તમે છો વિપત સમેના વીર;
હરિ તમે મન અપરાધ ન લાવો, હરિ તમે અનાથ બંધુ કહાવો.
હરિ હું હરખે હણાઇ, હરિ હું ચોરટીમાં ગણાઇ;
હરિ હું કેની તે કોણુ તણી, હરિ જુઓ હું રાંકડી ભણી.
હરિ હું તારી સેવા ચૂકી, તો નળે વનમાં મૂકી;
હરિ મેં વિપ્ર ન પૂજ્યા હાથે, તેથી શું તરછોડી નાથે.
હરિ મેં શિવ ન પૂજ્યા જળે, તો શું રોતી મૂકી નળે;
હાર દોહેલે ઉદર ભરવું, હરિ મુજને ઘટે છે મરવું.
હરિ હું ભરતારે છાંડી, હવે દુઃખ કહું કેને માંડી;
હરિ મેં કોણ પાતક કીધાં, હરિ મેં સાધુને મેણાં દીધાં.
હરિ મેં રાખ્યું હોય સત્ય, જો વહાલા હોય નળ પત્ય;
મારા કોટિક છે અવગુણ, પણ તમો તો છો રે નિપુણ.
અપરાધ સર્વે વિસારી, ચઢો વિઠ્ઠલા વહારે મારી;
જો નહિ આવો જગદીશ, તો પ્રાણ મારો હું તજીશ.
એવું કહીને આંખે ભર્યું જળ, અમો અબળા તણું શું બળ;
એવું મનમાં ધરીયું ધ્યાન, સતીની વારે ચઢયા ભગવાન.
અંતરજામીએ બુધ દીધી, સતીએ આંખ રાતડી કીધી;
કહે માસીને કરી ક્રોધ, ફરી કરો હારની શોધ.
સાખી સુરજ, વિષ્ણુ ને વાય, જો મેં કીધો હોય અન્યાય;
બાઈ હાર તમારો જડજો, લેનારો ફાટી પડજો.
એવું કહેતામાં કળજુગ નાઠો, ત્યારે તડાક ટોડલો ફાટયો;

માંહે થકો પડ્યો નિસરી હાર, સતીને ત્રૂઠયા વિશ્વાધાર.
અંત્રિક્ષથી અકસ્માત, વરસ્યો હારતણો વરસાદ;
એક એકપેં અદકાં મોતી, રાજમાતા ટગટગ જોતી.
પછે દમયતીને પાગે, રાજમાતા ફરી ફરી લાગે;
બાઈ તું છે મોટી સાધ, મારો ક્ષમા કરો અપરાધ.

દમયંતીના માતાપિતાએ દમયંતીની તપાસ કરવા રાજગોર સુદેવને મોકલ્યા.

સુદેવની શોધ.

પાત્ર કરમાં રહિત જોખમ, જ્યેષ્ટિકા જીર્ણ વસંન;
દુઃખી દરિદ્રી સરખો દેખીએ, જદ્યપિ છે સંપન્ન.
નીરખે ઓવારા નવાણના, જ્યાં નીર ભરતી નાર;
જોયાં જુથ જુવતી તણા, પણ ન જડી ભીમકકુમાર.
તીર્થ જાત્રા જગન જાગ્રણ, જ્યાં સ્ત્રીઓનો સંવાય;
અજાણ્યો થઈ જુએ બ્રાહ્મણ, શીશ ધૂણીને જાય.
પગે અટણ રસનાએ રટણ, મુખે દમયતીનું નામ;
એમ કરતાં સુદેવ આવ્યો, રાજમાતાને ગામ.
વિપ્ર પુરમાં આવીઓ, વધામણી પામ્યો તર્ત;
સાંભળ્યું જે રાજમાતા, ઉજવે છે વર્ત.
પૂર્ણાહુતિ, વેળાહુતિ જોવા મળ્યાં બહુ જન;
દાસી સાથે દમયંતી, કરે પંથીનું દર્શન.
જગ્નમંડપ જોયો નહિ નહિ જોયો દીક્ષિત નરેશ;
ઘેલો જસો આવ્યો ધસ્યો, સર્વને મારે ઠેસે.
લોક કહે હો ઘેલાઆ, ટેહેલીઆ અંતરના અંધ;
ભિક્ષુક ભ્રષ્ટ વિકળ દષ્ટ, શો આ સાથે સંબંધ.
કહ્યું કોનું નવ સાંભળે, છે કલેવરમાં કષ્ટ;
એવે સુદેવને દમયંતીની, મળી દષ્ટે દષ્ટ.

સુદેવે દમયંતીને ઓળખી અને તેને પીયર લઈ ગયો. તેની માસી ભાણેજીને ન ઓળખી શકી તેથી તેણે ઘણું કલ્પાંત કર્યું. પીયર ગયા પછી સુદેવને નળની શોધ કરવા ફરી મોકલ્યો. કોહ્યડા રૂપે ટેલ નાખતો તે ગામેગામ ફર્યો અને છેવટે ઋતુપર્ણના દરબારમાં આવ્યો.

ધીરજ આપી નૈષધનારને, વેશ નાનાવિધ ધરતો રે;
દમયંતીએ શીખવ્યો હીંડે, ટેહેલ સઘળે કરતો રે.
રથે બેઠો ફરે મુનિવર, સેવક સેવા કરે રે;
જ્યાં ગામ આવે ત્યાં કળા પાડી, વેશ ટેહેલીઆની ધરે રે.
દોઢ માસ ગયો અટણ કરતાં, આવ્યો અયોધ્યા માંય રે;
સભા માંહે ટેહેલ નાખી, જ્યાં બેઠો ઋતુપર્ણ રાય રે.
અલભ્ય વસ્તુની પ્રાપ્તિ થઈ, પરિત્યાજ તેનો કીધો રે;
ધર્મ ધોરિંધર ધિક્ક તુજને, ફરી તપાસ ન લીધો રે.
રંકે રત્નનું જત્ન ન થાએ, જાત નીવડી નટ રે;
વિલપે છે વસ્તુ વોહોરતીઆ વિના, કાં ભરે પરઘેર પેટ રે.
કુળ લજાવ્યું કરમી માણસે, કીર્ત્તિ કીધી ઝાંખી રે;
જ્ઞાની પુરુષ વિચારી જોજો, ટહેલ છે સુદેવે નાખી રે.
સભા સહુ વિસ્મય થઇ કાંઇ, ટેહેલ છે મરમાળી રે;
ગેહેલીઓ ટેહેલીઓ કરીને ક્હાડયો, કોઈ ઉત્તર નાપે વાળી રે.

નળનો જવાબ.

સુદેવ ગયો હયશાળા મધ્યે, ટેહેલ નાખી તેણે દ્વાર રે;
મહિલાનાં ક્હાવ્યાં વચન સૂણીને, બાહુક નીસર્યો બહાર રે.

× × ×

ભારે વચન કહ્યાં, તેં બ્રાહ્મણ, નીસર્યો મેહેણાં દેવા રે;
વસ્તુને વિપત તો વોહોરતીઓ, કરતો હશે પરઘેર સેવા રે.
વોહોર્યું તે કાંઇ રત્ન જાણીને, કાચ થઇ નીવડયું રે;
તત્ત્વ રહિત માટે તજ્યું છે, નથી છૂટી પડયું રે.

તેહ મિત્રને તજીએ જેનું, મળવું મન વિના ઠાલું રે;
તે સ્ત્રીને પરહરીએ જેનું, પિયુ કરતાં પેટ વહાલું રે.
વાંક નહિ હોયે વોહોરતીઆનો, રહ્યો હોશે નિજ ધર્મે રે;
વસ્તુ વિપત પામતી હશે તે, પોતે પોતાને કર્મે રે.

સુદેવ બાહુક સંબંધી બીજી બાતમી મેળવી, પણ બાહુક એ નળ રાજા છે એમ તે માની શક્યો નહિ અને નિરાશ થઈ પાછો વળ્યો. દમયંતીને બધી હકીકત કહી અને બાહુકને ત્યાં લાવવા યુક્તિ રચી. દમયંતી ફરીથી સ્વયંવર કરવાની છે, એવી મતલબની કંકોતરી ઋતુપર્ણને સુદેવ મારફત મોકલી અને સ્વયંવર જે દિવસે ભરવાનો જણાવ્યો હતો તેને આગલે દિવસેજ તે ઋતુપર્ણને મળે તેવી ગોઠવણ કરી. ઋતુપર્ણ સ્વયંવરમાં જવા તૈયાર થયો. બાહુક અશ્વવિદ્યા જાણતો હતો તેથી તેને સારથી તરીકે લીધો.

ઋતુપર્ણનું વિદર્ભ જવું.

ઋતુપર્ણ આનંદ પામ્યો, મોકલ્યો સેવક;
લાવ તેડી બાહુકીઆને, જે જાણે ગયાની તક.
શ્વાસ ભરાયો દાસ આવ્યો, અશ્વપાલકની પાસ;
ઉઠો ભાઇ ભૂપ તેડે છે, ગ્રહો પરોણો રાસ.
બાહુક ચાલ્યો, ચાબુક ઝાલ્યો, મુખે તે બડબડતો;
આવ્યો નીચી નાડે નરખતો, નાકે તે સરડકાં ભરતો.
સભા મધ્યે સર્વ હસ્યા, આ રત્ન રથખેડણ;
ઋતુપર્ણ બોલ્યો માન દઇ, આવો દુઃખફેડણ.
ઘણે દિવસ કારજ પડયું છે, રાખો અમારી લાજ;
તમો પરણાવો વૈદર્ભીને, વિદર્ભ જાવું આજ.
સમુદ્ર સેવ્યો રત્ન આપે, મેં સેવ્યા એમ જાણી;
આજ વિદર્ભો લેઈ જાઓ, ગ્રહું દમયંતીનો પાણિ.

બાહુક વળતો બોલીઓ, કુલાવીને નાસા;
આ ભિએ પરણશે દમયંતીને, અરે પાપણી આશા.
હંસ કન્યા કેમ કરે, વાયસસું સંકેત;
નિર્લજ્જની સાથે અમે આવું, તો પછે થાવું ફજેત.
છોરા ન થઇએ રાયજી, પરપત્નીસું તલખાં;
કેમ વરે વર જીવતે તો, મિથ્યા મારવાં વલખાં.
પુણ્યશ્લોકની પ્રેમદા ને, ભીમકરાજકુમારી;
તમો વિષયીને લજ્જા શાની, થાય ફજેતી મારી.
રાય કહે હયપતિ, મારી વતી હયને હાંકો;
મારે તો સર્વસ્વ ગયું રે, તમો જે વારે ના કાહો.
બાહુક વળતો બોલીઓ, જ્યાં હોય સ્વયંવર;
અંતર નહિ સેવક સ્વામીમાં, આપણ બન્યો વર.
હાસ્ય કરીને કહે રાય, વર તમો પરથમ;
ભાગ્ય ભળશે કન્યા જડશે, ત્યાં જઇએ જયમ ત્યમ.
દુબળા ઘોડા ચાર જોડયા, રથ કર્યો સાવધાન:
શીઘ્રે ત્યાં શણગાર સજવા, સાંચર્યો રાજાન.
રાણી કહે ઋતુપર્ણને, પરહરી હું પર પ્રેમ;
ક્ષત્રી થઇને કરો ઘઘરાગું, નવ હોયે અંત ક્ષેમ.
પતિએ તજી તે અણુહતી, કાંઇ એક ગોરી ગૃધ્ર;
બાહુક વડે પરણવી રાય, થતું ઉજળું દૂધ.
સુરજ વંશતણી એ શોભા, તમથી ઝાંખી હોય:
રીસ ચડી ઋતુપર્ણને પછી, ધણિઆણીને ધોય.
અમો ભ્રમર કોડી કુસુમ સેવું, તું શું ચલાવીશ ચાલ:
વીજળી સરખી લાવું વૈદરભી, કરૂં સોક્યનું સાલ.
એમ કહી સભામાં આવ્યો, દુંદુભી રહ્યાં છે ગાજી;
રીસ કરી કહ્યું બાહુકને કાં, જોડયા દુર્બળ વાજી.

કરણુ લૂલા ને ચરણુ રાંટા, બગાઇ બહુ ગણુગણે;
અસ્થિ નીસર્યાં ત્વચા ગાઢી, ભયાનક હણુહણે.
ચારે નોહે ચાલવાના, આગળ નીચા પાછળ ઉંચા;
ખુંધા ને ખોડે ભર્યા, બે કરડકણુા બે બૂચા.
ઋતુપર્ણું જોઈ શીશ ધુણાવીને, બોલ્યો વળતી ખીજ;
એ જોડી શું કરૂપ લાવ્યા, જોડ ઘણી છે બીજી.
પવન વેગે પાણી પંથા, શત જોજન હીંડે ઠેઠ:
એવા ઘોડા મૂકીને કાં, જોડાયા દૈવની વેઠ.
બાહુક કહે શી ચેષ્ટા માંડી, શું ઓળખો અશ્વની જાત;
જો પુષ્ટ હયને જોડશો તો, હું ન આવું સાથ.
એ અશ્વ રાખવો ને રથ હાંકવો, ચડી બેઠો ભૂપાળ;
રાસ પરોણો પછાડીઓ, બાહુકને ચઢયો કાળ.
આટલી વાર લગે લજ્જા રાખી, બોલ્યો નહિ માં મુચ;
તું આગળથી રથે કેમ બેઠો, હુંપેં તું શું ઉંચ.
ઋતુપર્ણું હેઠો ઉતર્યો, વિધવિધ વિનય કરતો;
જાય રાય પાસે બાહુક નાસે, તે રથ પુંઠે ફરતો.
પ્રણિપત્ય કીધું ઋતુપર્ણે, હયપતિ હઠ મૂકો;
ઉપકારી જન અપરાધ મારો, બેઠો તે હું ચૂકો.
બાહુક કહે અદ્યપિ રાસ ઝાલું, બેસીએ બંન્યો જોડે;
તુંને હરખ પરણ્યા તણો સમ, હુંએ ભર્યો છોં કોડે.
સામસામા ચક્ર ધારીને, બંને સાથે ચઢયા;
એડી દીધી બાહુકે ત્યારે, અશ્વ ઢળીને પડયા.
મુગટ ખસી ગયો રાયનો, માનશુકન હુઆ;
બાહુકે અશ્વ ઉડાડિયા, હાંકે ને કહે ઘણી મુઆ.
અન્ન એવા અશ્વ નિર્બળ, ખાંચે બીજી ખીજી;
રાય કહે લોક સાંભળો, એ વિના ગાળ દ્યો બીજી.

સુદેવ તાણી બેસાડી, રાય ક્‌હાડે છે ડોળા:
શેરીએ શેરીએ જાન જોવા, ઉભાં લોકનાં ટોળાં.
દુર્બળ ઘોડા દરિદ્ર બ્રાહ્મણ, જોગ સારથીને જોડો;
વૈદર્ભીને વરવા ચાલ્યા, ભલો ભજ્યો વરઘોડો.
હાંકે ને હીંડે પાછા પાછા, ઝુંસરી ક્‌હાડી નાખે:
તાણી દોડે ઘરભણી, ઉભા રહે વણ રાખે.
પૃષ્ટ ઉપર પડે પરોણા, કરડવા પાછા ફરે;
પોહોળે પગે રહે ઉભા, વારે વારે મળમૂત્ર કરે.
રાય કહે હો હયપતિ નથી, વાત એકો સરવી;
બાહુક કહે ચિંતા ઘણી છે, મારે દમયંતી વરવી.
ઘણે દોહેલે ગામ મૂક્યું, રાયે નિસાસા મૂક્યા;
પુણ્યશ્લોકે હેઠા ઉતરી, કાન અશ્વના ફૂંક્યા.
અશ્વમંત્ર ભણ્યો ભૂપતિએ, ઇંદ્રનું ધર્યું ધ્યાન:
અશ્વ ચારે ઉત્પત્યા, ઉચ્ચૈઃશ્રવા સમાન.
અવનીએ અડકે નહિ, રથ અંતરિક્ષ જાય:
દોટ મૂકી બેઠો બાહુક, રખે પડતા રાય.
માંહોમાંહે વળગીને બેઠા, ભૂપ ને બ્રાહ્મણ:
રાય વિમાસે વરે કન્યા, વરુઆમાં વશીકર્ણ.
ગણિતશાસ્ત્રને હું જાણું છઉં, કહો તો દેખાડું કરી:
એક બેહડાનું વૃક્ષ આવ્યું, બાહુક પડ્યો ઉતરી.
રાય પ્રત્યે કહે રે બાહુક, ગર્વ વચન શાં આવડાં;
આ બેહેડાંની જમણી ડાળે, કેટલાંક છે પાંદડાં.
રાયે વિચારીને કહ્યું, સહસ્ર ત્રણ ને શત ત્રણ;
બાહુકે જઈ વૃક્ષ છેદી, ડાળ પાડી ધરણ.
ગણી જોયાં બાહુકે, ઉતર્યાં તંતોતંત;
ઉત્કૃષ્ટ વિદ્યા દેખીને, હરખ્યું નળનું ચંત.

ફરી આવ્યો રથ પાસે, કહ્યું રાય તમો ધન્ય;
ભૂપ કહે જો મન મળે તો, વિદ્યા લીજે અન્યોઅન્ય.
માંહોમાંહે મંત્ર આપ્યા, મને મન ગયાં મળી;
પરીક્ષા કરવા વિદ્યાની, નળે ડાળ છેદી વળી.
કલ્પ્યાં તેટલાં ઉતર્યાં, ગણિત સંખ્યા મળી;
બીજી વિદ્યાને પ્રતાપે, દેહમાંથી નીસર્યો કળિ.

સ્વયંવર તો હતો નહિ. જુદી જુદી રીતે બાહુકની દમયંતીએ પરીક્ષા કરી અને તેને ખાતરી થઈ કે તે નળજ છે. બન્ને એકબીજાને મળ્યાં અને મનના સંદેહ દૂર થયા. નળ રાજાએ પાછું પોતાનું ખરૂં સ્વરૂપ ધારણ કર્યું. પુષ્કરે રાજ્ય પાછું સોંપ્યું અને નળ ફરીથી રાજ્ય કરવા લાગ્યો.

નળનું ધર્મરાજ્ય.

નળના રાજ્યમાં બંધન નામે, એક પુસ્તકને બંધન જી;
દંડ એક શ્રીમાનને હાથે, ધન્ય વીરસેન નંદન જી.
કંપારવ ધજાને વરતે, પવન રહે આકાશ જી;
કુળ કર્મ પારધિએ મૂક્યા, જીવનો ન કરે નાશ જી.
ભય એક તસ્કરને વરતે, કમાડને વિજોગ જી;
હરખ શોક સમતોલ લેખવે, ત્યાજ વિષયના ભોગ જી.

* * * *

એવું રાજ નળ નાથે કીધું, પુણ્યશ્લોક ધરાવ્યું નામ જી;
પછે પુત્રને રાજ આપી ગયા, તપ કરવા ગુણગ્રામ જી.

ઉપસંહાર

કર્કોટક ને નળ દમયંતી, સુદેવ ઋતુપર્ણ રાય જી;
એ પાંચેનાં નામ લતાં, કળજુગ ત્યાંથી જાય જી.

પુત્ર પૌત્ર ધન ધાન્ય સમૃદ્ધિ, પામે વળી નરનાર જી;
બ્રહ્મહત્યાદિક પાપ ટળે ને, ઉતરે ભવ જાય પાર જી.
વીર ક્ષેત્ર વડોદરા કહાવે, ગરવો દેશ ગુજરાત જી;
કૃષ્ણસુત કવિ ભટ પ્રેમાનંદ, વાડવ ચોવીસા ન્યાત જી.
ગુરુપ્રતાપે પદ બંધ કીધો, કાલાવાલા ભાખી જી;
આરણ્યક પર્વની મૂળ કથામાં, નૈષધ લીલા ભાખી જી.
મુહૂર્ત કીધું સુરત માંહે, થયું પૂર્ણ નંદરબાર જી;
કથા એ નળ દમયંતી કેરી, સાર માંહે સાર જી.
સંવત સત્તર બેતાળો વર્ષે, પોષ સુદિ ગુરુવાર જી;
દ્વિતીયા ચંદ્રદર્શનની વેળા, થઈ કથા પૂર્ણ વિસ્તાર જી.
તે દિવસે પરિપૂર્ણ કીધો, ગ્રંથ પુનિત પદ બંધન જી;
શ્રોતા વકતા સહુને થાશે, શ્રીહરિ કેરો સંબંધ જી.

પ્રેમાનંદ.

ઉત્તરા અને અભિમન્યુ.

(આધુનિક કાળનાં કાવ્યો લખવાની શરૂઆત કરનાર સાક્ષર શ્રી નરસિંહરાવ ભોળાનાથ દીવેટીઆએ આ કાવ્ય લખ્યું છે. ભાવ પ્રમાણે છંદ બદલવાની પદ્ધતિ આધુનિક કાવ્યોમાંજ માલમ પડે છે. આ કાવ્યનું મૂળ મહાભારતમાંથી લેવામાં આવ્યું છે, પણ કવિએ તેમાં કેટલાક ફેરફાર કર્યા છે. અભિમન્યુ સવારમાં રણમાં ચઢવાનો છે; તેની પત્ની ઉત્તરા ઊંઘમાંથી ઝબકીને જાગી ઊઠે છે ત્યાંથી કાવ્ય શરૂ થાય છે.

ઉત્તરા અને અભિમન્યુ.

અનુષ્ટુપ.

" ધાઓ, ધાઓ અરે નાથ ? ઉગારો અગ્નિજ્વાળથી; "
લવતી ઝબકી જાગી, નવોઢા આંસુ ઢાળતી. ૧

વસંતતિલકા.

"મોંઘી કળી હૃદયની સુકુમાર મ્હારી !
કોણે ત્હને મધુર નીંદર માંહી ડારી ?
સૂતો સમીપ અભિમન્યુ પતિ પ્રચંડ,
તે ભૂલી કોણ રમતો અહીં મૃત્યુ સંગ ?" ૨

એવું વદીજ રણધીર નવીન નાથ,
દાબે ધીરે ધબકતું ઉર ઉર સાથ;
ખીલી ગુલાબ કળી ઝાકળ બિન્દુ ધારે,
એવા કપોલ પર આંસુ ધીરે સમારે. ૩

ને સ્પર્શી ત્યાં અધરથી મૃદુભાવ ધારી,
પૂછે ફરી ફરી પ્રિયા વદને નિહાળી;
" શું છે ? મીઠી ! થયું શું ? આવડી કેમ કાંપી ? "
મુગ્ધા ફરી હૃદય, સાથ ધીરેથી ચાંપી. ૪

અનુષ્ટુપ.

ઉખેડી ભૂમિથી નેનો, રોપિઆં પતિ નેનમાં;
લસતાં દીર્ઘ પક્ષ્મોમાં, આંસુડાં ગૂંથીને નવાં. ૫
ફરી કંઠ ઉંચો કાંઇ, અબોલા ક્ષણ એ રહે;
પછી દીન બની સ્વપ્નાં, તણી વાર્તા બધી કહે. ૬

ઉધોર.

" આજે નાથ ! બન્યું વિપરીત,
તમને તે કહું શી રીત ?
જાણે પુરુષ વેશજ ધારી,
મ્હેં અશ્વે કરી છ સવારી. ૭
ધારી ધનુષ બાણ હું ચાલી,
મૃગયા કાજ વન પંથ ઝાલી;

સુંદર એક ત્યાં સહકાર,
તે પર બેઠું છે સુકુમાર. ૮
જુગલ કપોત કેરૂં મીઠું,
કરતું પ્રેમ કેલિ દીઠું;
મૂર્ખી હું ખરે બની કાંઇ,
બીજું કાંઈ સૂઝયું નહિ. ૯
ને શર ફેંકી નર તરુ ડાળ,
પરથી પાડીઓ તત્કાળ;
સહસા ત્યાંહિં અગ્નિજવાળ,
ઉપની કપોતી કેરે ભાલ. ૧૦
કૂદતો એહ અગ્નિ કરાળ,
આવ્યો મુજ કને ભરી ફાળ:
જિવ્હા તીવ્ર નચવી અનેક,
મુજને વીંટી વળીઓ છેક. ૧૧
છોડી સર્વ બીજાં અંગ,
અંબોડો ધર્યો નિઃશંક;
છળીને એકદમ પછી જાગી,
કરવા રુદન હું તો લાગી." ૧૨

સોરઠો.

એમ વદીને નાર, સહસા આંસુ રેડતી;
"સ્વપ્નાનો શો સાર, હશે કારમો નાથ એ! ૧૩
અભાગણી હું મોઇ! ઉંધી મતિ શાને સૂઝી!
બીજું જડયું નહિ કોઈ? કપોત પ્રેમી શે હણ્યો? ૧૪

વસંતતિલકા.

શાને મીઠી! તું ગભરાય અરે અતીશે?
આ સ્વપ્ન માંહિ નવ વાસ્તવ કાંઇ દીસે;

જો ! પેલી વાગી રણદુંદુભિ રમ્ય ઘોર ?
રે ! અશ્વ ! અશ્વ ! સખિ કંઠ હવે તું છોડ." ૧૫

ઉધોર.

"વ્હાલા ! ન્હોય ! દુંદુભિનાદ,
એ તો મેઘ ગાજ્યો આજ;
બંધન કંઠનું ક્યમ છોડું,
મુજને ભય નથી કંઈ થોડું. ૧૬
પેલી અગ્નિ કેરી ઝાળ,
આવે ઓ ! જુઓ, શી કરાળ !"

શિખરિણી.

"અરે ઘેલી ! એ શું ?
બકતી બધી એ સ્વપ્નભ્રમણા. ૧૭

દ્રુતવિલંબિત.

તુરગ જો ! મુજ કાંઇ ખુંખારતો,
'રણ ચઢો' કંઇ એમ પુકારતો;
નહિ વિલમ્બ હવે કરવો પ્રિયે !
કદિજ ધર્મ તજ્યો નથી ક્ષત્રિયે." ૧૮

ઉધોર.

"ક્ષત્રિય ધર્મ જો પ્રિય થાય,
તો તો કરી કોટિ ઉપાય;
સર્વે સંકટોથી નિત્ય,
અબળા રક્ષવી એ રીત. ૧૯
પેલી તીવ્ર અગ્નિજવાળ,
મુજ પૂઠળ ભમે ચિરકાળ;
ત્હેનાથી બચાવો નાથ !
અબળાનો તજો નવ હાથ." ૨૦

વસંતતિલકા.

"છે એક જો સબળનિર્બળનોજ પાતા,
વ્હાલી! હવે સ્થિર થઈ ધર ચિત્ત શાતા;
જો! દેખું આ અસિ પ્હણે ચમકે અનંત,
ને ચિત્ત આ ચમકીને બન્યું વેગવંત." ૨૧

દ્રુતવિલંબિત.

અધરવેગ થકી અધરે અડી,
નૃપકુમાર, પ્રિયા અળગી કરી;
ત્વરિત અશ્વ પલાણી પળ્યો રણે,
તુરગનાં પગલાં યુવતી સૂણે. ૨૨

અનુષ્ટુપ.

દૃષ્ટિપાર થયો કાન્ત, પદઘોષ ગયો ડૂબી;
ભૂલી ત્રિકાલને મુગ્ધા, અનિમેષ રહી ઉભી. ૨૩

નરસિંહરાવ.

૧. નવોઢા—નવી પરણેલ યુવતી. લગ્ન પછી ઉત્તરા આ વખત પહેલી વારજ સાસરે આવી હતી.

૪. મુગ્ધા—જેને તરતની જુવાની ફૂટતી હોય તેવી સ્ત્રી.

૫. આંસુડાં ગૂંથીને નવાં—ઉત્તરા પહેલી વારજ સાસરે આવેલી અને પહેલીજ વાર આંસુ પડેલાં માટે નવાં આંસુ.

૧૧. જિવ્હા—જીભ. આ સ્થળે જવાળા.

૧૨. અંબોડા—જો સ્વપ્નામાં સૌભાગ્યવતી સ્ત્રીનો ચોટલો જાય તો તે રાંડે એવી માન્યતા છે.

ગ્રામ્ય માતા.

(આ કાવ્યના લેખક લાઠીના ઠાકોર સુરસિંહજી છે. તે "કલાપી" એ નામથી લખતા. તેમનો જન્મ ઇ. સ. ૧૮૭૪ માં થયો હતો અને ફક્ત છવ્વીસ વર્ષની ટુંકી જિંદગી ભોગવી તે ઇ. સ. ૧૯૦૦ માં સ્વર્ગવાસી

થયા. એટલા ટુંક જીવનમાં તેમણે ઘણાં સારાં કાવ્યો લખ્યાં છે, અને તે કાવ્યો "કલાપીના કેકારવ" તરીકે તેમના મરણ પછી તેમના મિત્ર સ્વ૦ મણિશંકર રત્નજી ભટ્ટે (કાન્ત) પ્રસિદ્ધ કર્યાં છે. કલાપીનાં કાવ્યોમાં જિંદગીમાં જુદે જુદે પ્રસંગે અનુભવાતી લાગણીઓના ઉદ્‌ગાર માલમ પડે છે આ ઉદ્‌ગારના વર્ણનમાં લાગતું ખરાપણું લોકોનાં હૃદયને અસર કરે છે, અને તેથી તેમનાં કાવ્ય ઘણાં લોકપ્રિય થયાં છે.)

ઉગે છે સુરખી ભરી રવિ મૃદુ, હેમન્તનો પૂર્વમાં,
ભુરૂં છે નભ સ્વચ્છ સ્વચ્છ દીસતી, એકે નથી વાદળી;
ચંડો હિમ ભર્યો વહે અનિલ શો, ઉત્સાહને પ્રેરતો,
જે ઉત્સાહ ભરી દીસે શુક ઉડી, ગાતા મીઠાં ગીતડાં!

મધુર સમય તેવે, ખેતરે શેલડીના,
રમત કૃષિવલોનાં, બાલ ન્હાનાં કરે છે;
કમલવત ગણીને, બાલના ગાલ રાતા,
રવિ નિજ કર તેની, ઉપરે ફેરવે છે!

વૃદ્ધ માતા અને તાત, તાપે છે સગડી કરી,
અહો! કેવું સુખી જોડું, કર્ત્તાએ નિરમ્યું દીસે!

ત્યાં ધૂળ દૂર નજરે ઉડતી પડે છે,
ને અશ્વ ઉપર ચડી નર કોઈ આવે;
ટોળે વળી મુખ વિકાસી ઉભાં રહીને,
તે અશ્વને કુતૂહલે સહુ બાલ જોતાં!

ધીમે ઉઠી શિથિલ કરને, નેત્રની પાસ રાખી,
વૃદ્ધા માતા નયન નબળાં, ફેરવીને જુએ છે;
ને તેનો એ પ્રિય પતિ હજુ, શાન્ત બેસી રહીને,
જોતાં ગાતો સગડી પરનો, દેવતા ફેરવે છે.

ત્યાં તો આવી પહોંચ્યો એ, અશ્વ સાથે યુવાન ત્યાં;
કૃષિક એ ઉઠી ત્યારે, " આવો બાપુ " કહી ઉભો.

" લાગી છે મુજને તૃષા, જલ જરી દે તું મુને " બોલીને,
અશ્વેથી ઉતરી યુવાન ઉભીને, ચારે દિશાએ જુએ;
" મીઠો છે રસ ભાઇ ! શેલડી તણો, " એવું દયાથી કહી,
માતા ચાલી યુવાનને લઇ ગઇ, જ્યાં છે ઉભી શેલડી.

પ્યાલું ઉપાડી ઉભી શેલડી પાસ માતા,
છુરી વતી જરીક કાતળી એક કાપી;
ત્યાં સેર છૂટી રસની ભરી પાત્ર દેવા,
ને કૈં વિચાર કરતો નર તે ગયો પી.

" બીજું પ્યાલું ભરી દે ને, હજુ છે મુજને તૃષા;
કહીને પાત્ર યુવાને, માતાના કરમાં ધર્યું.
કાપી કાપી ફરી ફરી અરે, કાતળી શેલડીની,
એકે બિન્દુ પણ રસ તણું, કેમ હાવાં પડે ના ?
" શું કોપ્યો છે પ્રભુ મુજ પરે ? " આંખમાં આંસુ લાવી,
બોલી માતા વળી ફરી છુરી, ભોકતી શેલડીમાં.

" રસહીન ધરા થૈ છે, દયાહીન થયો નૃપ;
નહિ તો ના બને આવું, " બોલી માતા ફરી રડી.

એવું યુવાન સૂણતાં ચમકી ગયો ને,
માતા તણે પગ પડી ઉઠીને કહે છે;
" એ હુંજ છું નૃપ, મને કર માફ બાઇ !
એ હુંજ છું નૃપ, મને કર માફ ઈશ !

પીતો 'તો રસ મિષ્ટ હું પ્રભુ અરે, ત્યારેજ ધાર્યું હતું,
આ લોકો સહુ દ્રવ્યવાન નક્કી છે, એવી ધરા છે અહીં;
છે તોયે મુજ ભાગ કૈં નહિ સમો, તે હું વધારૂં હવે,
શા માટે બહુ દ્રવ્ય આ ધનિકની, પાસેથી લેવું નહિ ?

રસે હવે દે ભરી પાત્ર બાઈ,
પ્રભુકૃપાએ નક્કી એ ભરાશે;

સુખી રહે બાપ ! સુખી રહો સૌ !
ત્હમારી તો તો આશિષ માત્ર માગું !"
પ્યાલું ઉપાડી ઉભી શેલડી પાસ માતા,
છુરી વતી જરીજ કાતળી એક કાપી;
ત્યાં સેર છૂટી રસની ભરી પાત્ર દેવા,
ઝ્હોળો વહે રસ અહો છલકાવી પ્યાલું !

કલાપી.

જંગલ વસાવ્યું રે જોગીએ.

જંગલ વસાવ્યું રે જોગીએ, તજી તનડાની આશ જી;
વાત ન ગમે આ વિશ્વની, આઠે પહોર ઉદાસ જી. જંગલ. ૧
રોજ પલંગે રે પોઢતા, મંદિર ઝરૂખા માંય જી;
તેને નહિ તૃણ સાથરો, રહેતા તરુતળ છાંય જી. જંગલ. ૨
શાલ દુશાલા ઓઢતા, ઝીણા જરકશી જામ જી;
તેણે રે રાખી કંથા ગોદડી, સહે શિર શીત ઘામ જી. જંગલ. ૩
ભાવતાં ભોજન જમતા, અનેક વિધિનાં અન્ન જી;
તે રે માગણ લાગ્યા ટૂકડા, ભિક્ષા ભવન ભવન જી. જંગલ. ૪
હાં જી કહેતાં હજારો ઊઠતા, ચાલતાં લશ્કરલાવ જી;
તે નર ચાલ્યા રે એકલા, નહિ પેજારપાવ જી. જંગલ. ૫
રહો તો રાજા રસોઈ કરૂં, જમતા જાઓ જોગીરાજ જી;
ખીર નિપાવું ક્ષણ એકમાં, તે તો ભિક્ષાને કાજ જી. જંગલ. ૬
આહાર કારણ ઉભો રહે, એકની કરી આશ જી;
તે જોગી નહિ ભોગી જાણવો, અંતે થાય છે વિનાશ જી. જંગલ; ૭
રાજ સાજ સુખ પરહરી, જે જન લેશે રે જોગ જી;
તે ધન દારામાં નહિ ધસે, રોગ સમ જાણે ભોગ જી. જંગલ. ૮
ધન્ય તે ત્યાગ વૈરાગ્યને, તજી તનડાની આશ જી;
કુળ રે તજીને નિષ્કુળ થયા, તેનું કુળ અવિનાશ જી. જંગલ. ૯

નિષ્કુલાનંદ.

—:ભરત:—

ભરત ઉંમરે પ્હોંચી, છોડી વૈભવ રાજ્યને;
વનમાં ગંડકીતીરે, આશ્રમ બાંધીને રહ્યો.
ૐકારના રટનમાં, દિન જાય ચાલ્યા,
એકાગ્ર ચિત્તથી ભજે, પરિબ્રહ્મ રાજા;
આહાર કન્દફલનો, કરતો સદાએ,
એકાન્ત શાન્ત સ્થલમાં, સુખથી વસે છે.
હૈયું સદા સહુ પરે, સમતા ધરે છે,
જેના પ્રભાવથી વને, ખીલતું રહે છે;
એ યોગતેજ તરુમાં, ચળકી રહ્યું છે,
તિર્યક ત્યાં અધિક હર્ષ, મહીં ફરે છે.
જટા પીળી શીર્ષે, કૃશ અવયવો ઉપર રહી,
દીસે છે મ્હોટી એ, મધુર ફૂલના પુંજ સરખી;
સમાધિવેલાએ, જલશિકરથી સિકત બનતી,
અને એ મોતીડાં, વીખરી પડતાં કેશ પરથી.
વિભૂતિના સ્પર્શે, સુરખ દીસતાં આર્દ્રવિપુલ,
રહે ઘેરાએલાં, પ્રણવપ્રણયી દિવ્ય નયનો;
મટી તેના તેજે, કુદરત તણી સૌ વિષમતા,
સુખે નેત્રો જોતાં, સતત ગતિની બ્રહ્મરચના.
રે સંસારી ? નિમિષભર તું ફેંકજે દૃષ્ટિ આંહી,
આ દૃષ્ટિનું અનુકરણ કૈં, રાખ સંસાર માંહી;
ભોળા ! ત્હારી ગડમથલમાં, શાન્ત થા શાન્ત થા કૈં,
સ્થિતિની તું ઉપર ચડી જો, ત્યાગની દૃષ્ટિ આંહી.
આ ત્યાગીનાં નયન ફરીથી, જોઇ લે એક વાર,
શું તેમાં ના સતત વહતી, પ્રેમની એક ધાર ?

હા ! તૈયારી સહુ અરપવા, ત્યાગમાં એ નથી શું ?
બીજાંનાં કૈં દુઃખથી ગળી એ, નેત્ર જાશે નહિ શું ?

તપસ્વીના આ તપમાં રહી છે;
મહા દયાની અતિ તીવ્ર રેખા;
ફૂલો, લતા ને તરુ, મેઘ માંહી;
આનંદ પીતાં નયનો સદા છે.

પ્રભાતકાલે નભની સુનેરી,
સન્ધ્યાસમેની સરની લહેરી;
વાયુ તણા શીતલ ગન્ધથી એ,
આભાર હૈયું ઋષિનું દ્રવે છે.

સન્ધ્યાકાલે પ્રભાતે એ, તપસ્વી નદીએ જતો;
સ્નાનાદિ ત્યાં કરી નિત્યે, ટે'લતો વનમાં હતો.

નદી વહે છે ગિરિથી રમન્તી,
ફૂલો તણાં ગીત હજાર ગાતી;
ગાયત્રીનો મંત્ર જપે નદીમાં,
ઉભો રહીને ઋષિ એક દી ત્યાં.

ત્યાં ઘૂઘૂઘૂ ગિરિ નભ મહીં, ગાજતો નાદ આવે,
મોજાં તેનાં પ્રતિધ્વનિ તણાં, ભેખડે આથડે છે;
વારિ કંપ્યું, ડગમગી ગયાં, શૃંગ અદ્રિ તણાં ને,
ત્રાસે ન્હાસે વનચર બધાં, કોઈ ધ્રૂજી પડે છે.

સિંહ ધ્વનિથી જય ગર્જનાથી,
ડરી મૃગો કૈં ઋષિ પાસ આવે;
ફલંગ મારી ઝરણું કૂદે છે,
તપસ્વી તે ચિત્ર ઉભો જુએ છે.

ત્યાં એક બાલ મૃગ કો હજુ જે અશક્ત,
કૂદી જતાં ઝરણ તે જલમાં પડયું ને:

એ પૂરમાં તરફડી ઘસડાતું જોઈ,
લાગ્યું ઋષિહૃદય એ અનુકમ્પવાને.
ઉપયોગી થવા પ્રેરે, તપસ્વી દિલને દયા;
પડે છે વારિમાં તેથી, યોગી તે મૃગ ઝીલવા.

બલ કર મહીં આવ્યું, પૂરને વીંઝવાને,
ગરીબ મૃગ બચાવા, કાંઇ ચિન્તા દિલે છે;
ઋષિ પદ ગ્રહી તેનો, ખેંચીને બ્હાર લાવ્યો,
હરિણ ઉગરવાથી, કાંઇ આરામ આવ્યો.

જરા મીંચાએલાં, નયન મૃગનાં સુન્દર દીસે,
અને તેના ભાવો, ઋષિ તરફ કેવા મૃદુ દીસે;
ઋષિનું હૈયુ આ, નીરખી શકતું 'તું રસિકતા,
થતું જોઈ ઘેલું, કુદરત તણી આ મધુરતા.

પંપાળ્યું પાણી પાયું ને, આશ્રમે ઉંચકી ગયો;
તૃણાદિ ત્યાં દઇ તેને, ફૂદતું ઋષિએ કર્યું.
રમે છે, કૂદે છે, ઋષિચરણ ચાટે જીભ વડે,
અને તે યોગીની, મૃગ પર અમીની નજર છે;
ઉગી તેને શિરે, ચળકતી રૂપાળી શીંગડીઓ,
ઋષિની પીડે એ, કરતી ચળ ન્હાની કુમળીઓ.

ઋષિની છાયા શું, ફરતું દિન રાત્રી ઋષિ કને,
પિતા, માતા, બન્ધુ, સહુ મૃગ ઋષિને સમજતું;
ઋષિ તેને દેતો, કુમળું તૃણ ને પર્ણ કુમળાં,
અને બાંધે માલા, કુસુમકલીની ડોક ઉપરે.

સ્નાનાદિ ક્રિયા કરીને ઋષિ એ,
આશિષ દેતો મૃગબાલને તે;
" તું જીવતું રહે," વદતો દયાળુ,
ચુમ્બી લઇને હસતો દયાળુ.

આભાર ભૂલી મૃગ ના ગયું 'તુ,
જોતાં ઋષિને દિલ રીઝતું 'તું;
કૈં ગેલથી તે ઋષિને હસાવે,
ને એ મહાત્મા દિલને હસાવે.

દૂરે જોતાં મૃગ વનમહીં, યોગી બેચેન થાતો,
ખોવાતું તો શ્રમ લઈ વને, શોધવા દૂર જાતો;
પીઠે તેને ઉંચકી વળતો, આશ્રમે હર્ષભેર,
સુખી તેને નિરખી વહતાં, નેત્ર આનંદરેલ.
અહોહો ! અલ્પ જીવોના, પ્રેમમાં બલ છે બહુ !
ખેંચાતાં પ્રેમથી તે સૌ, ખેંચી પ્રેમવતી શકે.
યોગી ચાલ્યો જપ તપ ભૂલી, પ્રેમખેંચાણ માંહીં,
ચાલ્યો ને તે અટકી ન શકે, આટલે દૂર આવી.

ધક્કો દેતાં હૃદય પીંગળે, આર્દ્રતાને અરે રે !
ખેંચે તેને હૃદય કુમળું, કોણ ઠેલી શકે છે ?
ભીનાં નેત્રે ઋષિ ધીમે, ક્યારે ક્યારે કહી જતો;
" દૂર થા ! દૂર થા! રે વ્હાલા મૃગ બાલ તું ?
ખેંચે છે તે પ્રણયી દિલને, ઠેલવું હાય ! શાને ?
ધક્કો દેવા મૃદુ હૃદયને, યોગી ! તું કેમ ઇચ્છે !

તારા આવા નિયમ સઘળા, શુષ્ક લાગે મને તો;
મીઠી વૃત્તિ કુદરતી અરે ! બાળવા ઇચ્છતો કાં ?
વ્હાલું છે તો ક્યમ દૂર કરે ? નેત્રમાં કેમ અશ્રુ ?
ધક્કો દેતાં પ્રણયી દિલને, શ્રેય હું તો ન માનું;
આવાને શું તુજ હૃદયને, ચાહતાં પાપ થાય !
સ્વાર્થી તું છે પણ પ્રણયથી, કાંઈ ત્હારૂં ન જાય.
સાક્ષી પૂરે તુજ જિગર જો, આંસુથી વાતને આ,
તેની સામે કઠિન બનીને, થાય છે આગ્રહી કાં ?

પીવા તેને હૃદયઝરણું, ટેવ છે તેંજ પાડી,
બીજે ક્યાં તે જઈ હૃદયની, પામશે લ્હાણ આવી ?
એ તો ત્હારાં સમિધ ફૂલને, સ્પર્શતાંએ ડરે છે,
તું ખીજે તો મૃદુ મૃદુ, થઈ ગેલ કેવાં કરે છે;
તું રીઝે તો તુજ તરફ એ, હોંસથી દોડી આવે,
એ નેત્રો શાં તુજ જિગરથી, વાત છાની કરે છે.
કિન્તુ યોગી ! તુજ ફરજ તું, કાંઇ જુદીજ માને,
આ પ્રીતિ કૈં તુજ હૃદયને, માર્ગ જુદો બતાવે;
હું સંસારી નવ કહી શકું, યોગ્ય આ વા નહિ આ,
તોયે આવી તુજ મગજની, શુષ્ક રીતિ રૂચે ના.

રાગ ને ત્યાગની વચ્ચે, હૈયું એ ઝૂલતું હતું;
એક દી યોગી ઉરે આ, ઉદ્‌ગારો નીકળે કંઈ.
" કંઇ દુ:ખે છે ! દુ:ખતો જણાય છે !
" કહીં દુ:ખે શું ? પણ ના કળાય તે;
" મને રૂચે આ મૃગ છોડવું નહિ,
" કહીંય આસક્ત થવું રૂચે નહિ.

" બ્રહ્માંડ આખું નિજ માનનાર જે,
" બને ન વ્યક્તિ કદિ પાળનાર તે;
" ન ન્યૂન હોઇ નવ કો વિશેષ વા,
" ન દૃષ્ટિએ ઉામ ચડે પડે ન વા.

" ન ઓટ તેને ભરતી નહિ હશે,
" તળાવ જેવો ઉદધિ રહે ભલે;
" દયા ભલે કૈં ઉપયોગની થતી,
" દયાથી આસક્ત થવું ઘટે નહિ.
" બચાવ્યું મેં ભલે તેને, હવે છો કૂદતું ફરે;
" પડે જો સિંહપંજે તો, નિર્માયું તે ભલે બને.

" ચાલે સૌ પર જેમ ચક્ર ફરતું, નિર્માણનું સૃષ્ટિએ,
" તેવું તો મૃગ ઉપરે સુખથી છો, એ ચક્ર ચાલે હવે;
" રોકાશે મુજથી નહિ ક્યમ પછી, ચિન્તા નકામી ધરૂં ?
" જે મ્હારૂં જગનું અને સહુ તણું, તે છો બને તે તણું.

" ફર સુખથી હવે તું, શોધીને કોઈ ટોળું,
" ફરી કદિ પણ મ્હારા, આશ્રમે આવવું ના;
" જપતપ કરનારો, પાળશે આ તને ના,
" અરર ! પણ સુખી તું, છોડશે કેમ સ્નેહ ?

ઋષિ ! ત્હારી સ્થિતિ જોઇ, આવે છે મુજને દયા;
આવશે વ્હાલથીં તેને, પંપાળીશ હવે ન શું ?

નેત્રો રમે આ તુજ વાદળીથી,
ક્રીડા ગમે છે કંઇ માછલીની;
સન્ધ્યાસમે કૈં વધુ હર્ષ આવે,
તો કેમ ત્હારૂં મૃગલું ત્યજે છે ?
રમાડ તેને પણ લુબ્ધ ના થજે,
ઋષિ ! ન એ શું તુજથી બની શકે ?

દયા ભલે છો ઉપયોગની થતી,
દયા બતાવે હજુ ઉચ્ચ માર્ગ કૈં.

પડે જો સિંહપંજે તો, નિર્માયું તે ભલે બને;
રડજે તું નહિ ત્યારે, કિન્તુ હાલ રમાડજે.
છોડી દેવા રસ મધુર સૌ, સાધ્ય લાગે તને જો,
તો ના શાની પ્રણયી બનતાં, સાચવે ત્યાગ ત્હારો ?
હું સંસારી મુજ હૃદય આ, ખીલતાં હર્ષ પામું,
તું યોગીને તુજ હૃદયને, બાળવું યોગ્ય લાગ્યું ?

સુખ અનુભવનારો, કિન્તુ આંસુય પાડે,
જરૂર સ્થિર નહિ તે, કમ્પતો તાર ચાલે;

રુદન સ્થિર નહિ ત્યજાતું, હાસ્યના ત્યાગ પહેલાં,
કટુ નકી કટુ લાગે, સ્વાદનું ભાન થતાં.
બને તે કેમ કોઇથી, ચાહવું ને ન ચાહવું ?
બને તો તું ભલે તેને, છોડી દેજે રમાડવું.

વહ્યા કૈં દહાડા ને, મૃગ પ્રિય હજુ છે ઋષિદિલે,
વહેશે કૈં દહાડા, મૃગ પ્રિય રહેશે ઋષિદિલે;
અહાહા ! બંધાયો, જગત ત્યજનારો મૃગ મહીં,
અરે ! છૂટયો ફાંસો, સમજણ છતાંએ કદિ નહિ !
ધીમે ધીમે શરીર પર એ, મૃત્યના હસ્ત લાગ્યા,
કિન્તુ ઓછી નવ થઇ અરે ! બન્ધની કાંઈ પીડા;
પંપાળે છે શિથિલ કરથી, યોગી તેનું કુરંગ,
નિત્યે નિત્યે વધુ વધુ હજુ, યોગમાં થાય ભંગ.

જટાથી ટેકવી માથું, સૂતો છે ઋષિ એક દી;
મૃત્યુથી તૂટતી નાડી, જોરથી ધબકી રહી.

પાસે ઉભું છે દુઃખીયું કુરંગ,
શું થાય છે તે સમજ્યું હતું તે;
ચાટી ઋષિના કર ને કપાલ,
ને નેત્ર નેત્રે મળી દર્દ રોતાં.

ભીના હતા ગાલ ઋષિ તણા એ,
અશ્રુ હતું એક તહીં રહેલું;
બોલ્યો ઋષિ, " રે ! મુજ બાલ બાપુ !
" આ આશ્રમે હા, ક્યમ જીવશે તું ?
" તું એકલાની સ્થિતિ શું ? અરે રે !
" ટોળું હવે શોધીશ ક્યાં નવું તું ?
" રે ! શું થશે મૃત્યુ અકાલ ત્હારૂં !"
પંચત્વ પામ્યો વદી આમ યોગી.

કથા એવું કહે છે કે, જન્મશે મૃગ એ ઋષિ !
વાંછના જે રહી તે તે, પુરી સૌ કરવી પડે.

કલાપી.

સાહસ.

[આ કાવ્ય કવિ નર્મદાશંકરે લખ્યું છે, અને તે ટુંકમાં એમના જીવન પર્યંતની કાર્યપદ્ધતિનો ખ્યાલ આપે છે. સ્વદેશનો સુધારો કરવા તે "યાહોમ કરીને ઝૂકી પડતા."]

લાવણી.

સહુ ચલો જીતવા જંગ, બ્યૂગલો વાગે;
યાહોમ કરીને પડો, ફતેહ છે આગે. ટેક.
કેટલાંક કરમો વિષે, ઢીલ નવ ચાલે,
શંકા ભય તો બહુ રોજ, હામને ખાળે;
હજી સમય નથી આવીઓ, કહી દિન ગાળે,
જન બ્હાનું કરે નવ સરે, અર્થ કો કાળે;
ઝંપલાવવાથી સિદ્ધિ, જોઈ બળ લાગે,
યાહોમ. સહુ ચલો—યાહોમ૦ ૧
સાહસે કર્યો પરશુએ, પુરો અર્જુનને,
તે પરશુરામ પરસિદ્ધ, રહ્યો નિજ વચને;
સાહસે ઇંદ્રજિત શૂર, હણ્યો લક્ષ્મણે,
સાહસે વીર વિક્રમ, જગત સહુ ભણે;
થઈ ગર્દ જંગમાં મર્દ, હક્ક નિજ માંગો,
યાહોમ. ચહુ ચલો—યાહોમ૦ ૨
સાહસે કોલંબસ ગયો, નવી દુનીઆમાં,
સાહસે નેપોલિયન ભીંડયો, યુરપ આખામાં;
સાહસે લ્યુથર તે થયો, પોપની સામાં,

સાહસે રફૉટે દેવું રે, વાળ્યું જોતામાં;
સાહસે સિકંદર નામ, અમર સહુ જાગે,
યાહોમ. સહુ ચલો—યાહોમ૦ ૩
સાહસે જ્ઞાતિના બંધ, કાપી ઝટ નાખો,
સાહસે જાઓ પરદેશ, બ્હીક નવ રાખો;
સાહસે કરો વેપાર, જમે સહુ લાવો,
સાહસે તજી પાખંડ, બ્રહ્મરસ ચાખો;
સાહસે નર્મદા દેશ, દુઃખ સહુ ભાગો,
યાહોમ. સહુ ચલો—યાહોમ૦ ૪
નર્મદાશંકર.

ધીરે ધીરે સુધારાનો સાર.

[આ કાવ્ય દલપતરામે લખ્યું છે, અને તે કવીશ્વર દલપતરામની કાર્યપદ્ધતિનો ખ્યાલ આપે છે. તે પોતાના સમકાલીન કવિ નર્મદની માફક યાહોમ કરીને ઝૂકવાની પદ્ધતિને પસંદ કરતા નહોતા.]

પદ.

સજ્જન સંભળાવજો રે, ધીરે ધીરે સુધારાનો સાર;
સજ્જન સ્નેહ સહિત સંભળાવજો. ટેક.
છોટી અક્કલવાળા આગળે, મુખે ન વદીએ મોટી વાત;
પાશેર કેરા પાત્રમાં, કેમ શેર સમાશે સાત. સજ્જન. ૧
લાખો કીડી પર લાડવો, આખો મેલીએ તો મરી જાય;
ભૂકો કરી ભભરાવીએ, તો તે ખાસી રીતથી ખાય. સજ્જન. ૨
માંકડાં લઇને માનવી, બેઠો નાવમાં દઇને નૂર;
ભડકાવે તો તે અભાગિયાં, પડે કૂદી પાણીને પૂર. સજ્જન. ૩
જે સમજે જેવી રીતથી, તેને પણ સમજાવીએ તેમ;
બે'રો તો સમજે સાનમાં, ત્યારે કરીએ લવારો કેમ. સજ્જન. ૪

બાળક આગળ બોલીએ, ત્યારે બનીએ બાળકરૂપ;
ભૂ, બાઉ, તાતા, ભાખીએ, ભલે હોઇએ ભણેલા ભૂપ. સજ્જન. ૫
પલક ટકે નહિ પેટમાં, જો ખાય બિલાડી ખીર;
ખામુખા શીદ ખવરાવીએ, તે વિચારોને મારા વીર. સજ્જન. ૬
જંગલ કેરાં જાનવરો, આપે પાળવા કરીએ જો આશ;
એવું આદરીએ કે આપણી, પાસે વસે કરી વિશ્વાસ. સજ્જન. ૭
ધીરે ધીરે નિત્ય ધીરવી, અને અક્કલ શિખવીએ અનેક;
હળીમળી હેત વધારીએ, પણ છુટા ન પડીએ છેક. સજ્જન. ૮
નિશાળીઆને ગમે નહિ, આપે શિક્ષક જો એવું જ્ઞાન;
નાસીને જાય નિશાળીઆ, મળે શિક્ષકને કેવું માન. સજ્જન. ૯
છણુછણુતે તેલ છાંટી, લઈને નિર્મળ ટંડું નીર;
સળગી ઉઠે એ તો સામટું, વળી સામાનું બાળે શરીર. સજ્જન. ૧૦
સજ્જનને મન શુદ્ધ છે, પણ વિશ્વ વિરુદ્ધ વિચાર;
બહુ જનમાં નહિ બોલીએ, જેથી ઉપજે ઉપાધિ અપાર. સજ્જન. ૧૧
સંસારી જનને સુધારશો, રૂડી રાખીને એવી જો રીત;
દલપતરામના દેવની, તમે પામશો પૂરી પ્રીત. સજ્જન. ૧૨

દલપતરામ.

મ્હોડે બકેથી શું થયું ?

મ્હોડે બકેથી શું થયું, બોલ્યું બજાવ્યું તે ખરૂં. ટેક.
ઉપદેશ બીજાને કર્યો, પોતે ન સીધો તે ધર્યો;
કવિ બ્હાનું ને પાછો ફર્યો, મ્હોડે બકેથી શું થયું ? ૧.
ઉશ્કેરવા સંધે ભમ્યો, ધરણી ઉપર બહુ ધમધમ્યો;
ફૂંણી શંખ પોતે કમકમ્યો, મ્હોડે બકેથી શું થયું ? ૨.
ખૂબ મેઘ પેરે ગડગડયો, ઉમંગથી ઘોડે ચ્હડયો;
રણુ જોઇને લથડી પડયો, મ્હોડે બકેથી શું થયું ? ૩.

મરતાં સુધી ખસવું નથી, પતરાજને કેહે કથી;
થઇ હાર કે ન્હાસે મથી, મ્હોડે બકેથી શું થયું? ૪.
ભણી ટેકી થા તું નર્મદા, અપમાન થાએ નહિ કદા;
જશ લેઈ રેહ સુખી સદા, બોલ્યું બજાવ્યું તે ખરૂં. ૫.

નર્મદાશંકર.

ફૂલ વીણ સખે!

ફૂલ વીણ, સખે! ફૂલ વીણ સખે!
હજુ તો ફુટતુંજ પ્રભાત, સખે!
અઘુના કળી જે વીકસી રહી છે,
ઘડી એ ઘડીમાં મરતી દીસશે!
સુમહોજ્જવલ આ કિરણો રવિનાં,
પ્રસરે હજુ તો નહિ ઘુમ્મટમાં.
ન વિલમ્બ ઘટે,
કંઈ કાલ જતે,
રવિ એ પણ અસ્ત થવા ઢળશે,
નમતાં શિર સૌ કુસુમો કરશે;
પછી ગન્ધ પરાગ નહિ મળશે!
ફૂલ વીણ, સખે! ફૂલ વીણ, સખે!
હજુ તો ફુટતુંજ પ્રભાત, સખે!
નહીં ઉત્તમ અગ્રિમ કાલ, સખે!
ભર યૌવન આ હજુ રક્ત, સખે!
ગતિ કાલની ચોક્કસ ન્હોય, સખે!
ભરતી પછી ઓટજ ત્હોય, સખે!
ફૂલ વીણ, સખે!
તક જાય, સખે!
ઢળતી થઈ તો ઢળતીજ થશે,
રજની મહીં ચન્દ્ર ઉગે ન ઉગે;

હજુ દિવસ છે,
ફૂલડાં લઇ લે,
ફરી લે, રમી લે, હસી લે, તું સખે !
મૃગલાં રમતાં,
તરુઓ લડતાં,
વિહગો ઉડતાં.
કલીએ કલીએ ભ્રમરો ભમતા:
ઝરણું પ્રતિ હર્ષભર્યું કૂદતું.
ઉગતો રવિ જોઇ ન શું હસતું ?
પછી કેમ વિમાસી રહ્યો તું સખે !
ફૂલ વીણ, સખે ! ફૂલ વીણ, સખે !
હજુ તો ફુટતુંજ પ્રભાત, સખે !

કલાપી.

સોરઠ દેશ.

[અંગ્રેજ રાજ્યની સ્થાપનાના સમયમાં આવેલા ઘણા ખાનદાન કુટુંબના અને પરોપકારી અંગ્રેજ અમલદારોમાંના સર એલેકઝાન્ડર કિન્લોક ફૉર્બ્સ સાહેબ એક હતા. ગુજરાતી ભાષાના ઉદ્ધાર માટે અને ગુજરાતી ઇતિહાસના સંશોધન માટે પોતાના આત્મભોગથી તેમણે ઘણા સફળ પ્રયત્ન કર્યા હતા. ભાટચારણો પાસેથી હકીકત મેળવી તેને વ્યવસ્થિત કરી '**રાસમાળા**' નામનું પુસ્તક તેમણે અંગ્રેજીમાં રચ્યું છે, તેમાંથી આ તેમજ બીજા કેટલાક લેખ લેવામાં આવ્યા છે. આ પુસ્તકનું ગુજરાતી ભાષાંતર સ્વર્ગસ્થ દિ. બા. રણછોડભાઈ ઉદયરામે કર્યું છે. રણછોડભાઇએ ગુજરાતી સાહિત્યની ઠીક સેવા બજાવી છે. ' લલિતા દુઃખદર્શક નાટક ' તેમણે લખ્યું હતું, અને તે ગુજરાતી ભાષાનું પહેલુંજ નાટક છે.]

સોરઠ દેશ હિન્દુઓનો મૂળથી માનીતો છે; તે તેમને મન આ પૃથ્વી ઉપરનું સ્વર્ગ છે. તે સ્વચ્છ નદીઓની ભૂમિ છે. ત્યાં ઉત્તમ જાતિના ઘોડા નીપજે છે, અને ત્યાંની સ્ત્રીઓ સુંદર છે. વળી વિશેષમાં તે પવિત્ર ક્ષેત્ર છે. જૈન લોકોના આદિનાથ અરિષ્ટ મુનિનો આશ્રમ તેમાં છે. હિન્દુઓના મહાદેવ અને શ્રીકૃષ્ણનું રહેઠાણ પણ ત્યાં છે. તીર્થંકરને માનનારા જૈન લોકો યાત્રા કરવા સારૂ પોતાનું મન ગિરનાર અને શેત્રુંજયના પવિત્ર પર્વતો ભણી દોડાવે છે. વિષ્ણુનો સેવક ગોપીચંદનનું તિલક કપાળે કરતી વેળાએ નિત્ય સવારમાં સોરઠ વિષેનો વિચાર કરે છે; શિવનો ભક્ત જયવંત શંકરના ગુણનાદ શંખનાદથી કરે છે, તેમજ રજપુતો અને ચારણો રા'ખેંગારના પરાક્રમનાં વખાણ કરે છે, અથવા રાણકદેવીના માઠા ભાગ્યનો શોક કરે છે, અથવા તો સાંજની વેળાએ ગામના એક ઝાડ નીચે બેસીને હુક્કો ગગડાવતાં કોઈ ભટકતો પરદેશી બીજા દેશની વાતો કરે છે, ત્યારે તે નીચે લખેલી કવિતા ગાય છેઃ–

શ્લોક–सौराष्ट्रे पंचरत्नानि नदी नारी तुरंगमः ।
चतुर्थं सोमनाथश्च पंचमं हरिदर्शनम् ॥

પંચ રત્ન સોરઠ વિષે, અશ્વ, નદી ને નાર;
સોમનાથ ચોથા વસે, વળી હરિનો દ્વાર.

મુસલમાનો પણ સોરઠનાં વખાણ કરવાને થોડા આતુર નથી. મિરાતે સિકંદરીમાં લખે છે, કે " માળવા, ખાનદેશ, અને ગુજરાત જે અતિ ફળદ્રૂપ છે, તેમાં જે જે મુખ્ય વાત નીપજે છે તે સર્વ એકદમ એક ઠેકાણે દૃષ્ટિએ પડે, એવા હેતુથી આ દેશ પસંદ કરવામાં આવ્યો હોય એમ લાગે છે. વળી પ્રાંતોની ધરતીમાંથી થતા લાભ એ દેશની ધરતીમાંથી થાય છે એટલુંજ નહિ, પણ તે સાથે એ દેશમાં બંદરો છે તેથી ત્યાંના વ્યાપારીઓ દ્રવ્ય મેળવે છે, અને માંહેલા પ્રાંતોમાં મોજશોખને સારૂ વસ્તુઓ પૂરી પાડવામાં આવે છે; એવો લાભ આપવાનું અભિમાન ત્રણે દેશોથી કરી શકાવાનું નથી."

રાસમાળા.

નર્મદાશંકર અને દલપતરામ.

[નર્મકવિતાની પ્રસ્તાવના ગુજરાતી સાહિત્યમાં સમર્થ ટીકાકાર તરીકે પ્રખ્યાતિ પામેલા સાક્ષર શ્રી રા. સા. નવલરામ લક્ષ્મીરામ પંડયાએ લખી છે, તેમાંથી આ ભાગ લીધો છે. વિવેચક તરીકેની શક્તિનો ખ્યાલ કરવા માટે તથા વિવેચન કેવી રીતે કરાય તે શીખવા માટે અભ્યાસીઓએ " નવલ ગ્રંથાવલિ " ભાગ બીજો જોવાની જરૂર છે.]

એ તો કાયરનું સર્વાનુમતે સિદ્ધ થઈ ચૂક્યું છે, કે આ જમાનાના કવિ તો એજ: નર્મદાશંકર ને દલપતરામ. આ સમે કવિતા કરનારા તો જોઇએ તેટલા છે, અને તેમાં થોડાક સારા કવિ પણ છે, પરંતુ જ્યાં કવિ ઉચ્ચારણ કર્યું, ત્યાં પ્રથમ પ્રતીતિ સર્વે ગુજરાતીના મનમાં આ બેમાંનાજ કોઈ એકની થાય છે. ગુજરાતના આ છેડાથી પેલા છેડા સુધી અને બાળ કે યુવાનથી વૃદ્ધ પર્યંત સર્વેને જાણીતા એવા તો આ જમાનાના કવિ એજ બે છે. આ બંનેની પ્રસિદ્ધિમાં ફેર હશે, બંનેની પરસ્પર ગણનામાં મતભેદ છે, અને વખતે એકથી મોહિત જનો બીજાને દોષપાત્રજ ઠેરવવા મથતા

હશે, તો પણ નિષ્પક્ષપાત ગંભીર બુદ્ધિને તો એ બંને આ જમાનાની કાવ્યમૂર્તિના પ્રતિબિંબ રૂપે સમાનજ પ્રકાશતા માલમ પડે છે. દેશકાળથી પર એવી જે સામાન્ય કવિરૂપ ગણના, તે તો એ બંનેની હવે પછીના જમાનામાં યથાર્થપણે થાય; પરંતુ જો એ બંનેની શૈલીનું કાંઈ પૃથક્પણે સ્વરૂપ જાણ્યું હોય, તો મિથ્યા ખેંચાખેંચ કોઇને રહે નહિ.

દલપતરામની કવિતા શાંત બુદ્ધિની, વ્યવહારમાં કુશળ, ચતુરાઈની ભરી અને સભારંજની છે. એ નવે રસમાં પ્રસંગોપાત વિચરે છે, પણ તે શાંતિ અને વિવેકની સાથે; વ્યવહારની મર્યાદા એજ આ કવિતામાં રસના સંભવાસંભવની મર્યાદા છે. કોઈ પણ રસની મસ્તી એ આ કવિને મન ગાંડાઈ છે; સંસારનું શાંત બુદ્ધિથી અવલોકન કરવું અને વ્યવહારોપયોગી બોધ લેવો, એ દલપતશૈલીને સૌથી વધારે રુચિકર છે. એ શૈલી જાતે દર્દથી મુક્ત હોવાને લીધે બે ઘડી નવરાશની વેળાએ વિનોદ કરવો, એમાંજ મોટું સુખ માણે છે. ડાવકું હાસ્ય (Humour), મર્માળા કટાક્ષ (Wit), વાણીની મિઠાશ, રચનામાં વિવિધ પ્રકારનું ચાતુર્ય, એ વડે દલપતશૈલીનાં શાંત ને સુબોધક વર્ણનો ઝગઝગી રહ્યાં છે. દલપતરામની ચોટ સદા સભાનાં મનુષ્યોનાં મન રંજન કરવા ઉપરજ રહેલી હોય છે, અને તેમાં તે બરાબર ફત્તેહ પામે છે; કેમકે શ્રોતાના મનમાં ઉતરીને તેને કેમ લાગે છે, તે જોવાની શક્તિ આ કવિતામાં છે.

નર્મદશૈલીનું સ્વરૂપ તથા ઉદ્દેશ આથી ઉલટાંજ છે. એ સભાને રંજન કરવા નહિ, પણ પોતાના અંતરનો ઉભરો બહાર કાઢવાજ કવિતા કરે છે: કવન વેળા દલપતરામની સમક્ષ જેમ શ્રોતાની મૂર્તિ આવીને ઉભી રહે છે, અને તે તરફ જોઇ જોઇનેજ એ પોતાની શૈલીનો ઘાટ વડે છે; તેમ અહીંઆં કવિતા કરવાને સમે અમુક લાગણી કવિની રગેરગમાં વ્યાપી રહે છે, અને તે જેમ પ્રેરે છે તેમજ એ ઉદ્ગાર કરે છે. નર્મદની લાગણી કવચિત્ જ વિનોદી, પણ બહુધા તો ગંભીર અને આતુર એટલે દર્દથી ઉછળતી હોય છે, એ કારણથી નર્મદશૈલી હંમેશાં પોતાનાજ તાનમાં મસ્ત રહે છે;

વખતે મદોન્મત્ત થઈ ભાષા તથા વ્યવહારનાં બંધનો પણ એ તોડી નાખે છે; શાંત વૃત્તિમાં પણ નર્મદની કાવ્યદેવી વ્યવહારના પટને ભેદી શાસ્ત્રીય કે કાલ્પનિક પ્રદેશમાંજ ભ્રમણ કરવાનું પસંદ કરે છે. નર્મદશૈલીમાં સ્વભાવ તથા શાસ્ત્રનું બળ ઘણું, પણ ચાતુર્યનું થોડુંજ દીઠામાં આવે છે.

પ્રાકૃત કવિઓ કવિતાના અંગમાં રસ ને ચાતુર્ય આવાં બે વાનાં જુદાં ગણાવતા આવ્યા છે. કોઈ પૂછશે કે ચાતુર્ય તે જુદું અંગ કેમ સંભવે ? રસ વિનાની તે કવિતાજ કેમ કહેવાય ? અમારી સમજમાં એનું સમાધાન આ પ્રમાણે છે. આ ઠેકાણે રસ શબ્દનો અર્થ 'रसात्मकं वाक्यं काव्यं' એ સિદ્ધાંતમાં જેટલા બાહુલ્યથી થાય છે તેમ કરવો નહિ, પણ એમાં ગંભીર મસ્ત રસ છે તેટલાજ ગણવા, અને હાસ્યાદિક લલિત રસોને અથવા રસનાં લલિત રૂપોને ચાતુર્યના પેટામાં મૂકવાં; કવન વેળા કવિના ચિત્તની સ્વસ્થતા, પદ્યબંધકળાનું પરિપૂર્ણ કૌશલ્ય, અને શ્રોતાને રંજન કરવાની વૃત્તિ તથા શક્તિ, એ ચાતુર્યશૈલીની કવિતાનાં મુખ્ય લક્ષણ છે. ચાતુર્યશૈલી રાજદરબાર તથા સભાઓમાં બહુ પોષાય છે, અને તેથી અમે તેને અહીંઆં સભારંજની કહી છે.

છેવટે ટુંકામાં એકજ શબ્દમાં કહીએ, તો દલપતરામની શૈલી સભારંજની, અને નર્મદાશંકરની તે મસ્ત. આ શૈલીઓ પરસ્પર અપ્રમેય (Incommensurable) એટલે એક બીજા સાથે માપી શકાય એવીજ નથી; તે પોતાના સ્થળેજ ઉત્તમ છે. દેશસુધારણાના વિષયમાં પૃથક્ પૃથક્ શૈલીઓ આ બે કવિઓએ વાપરી છે, અને તેમનું ફળ જુદે જુદે રૂપે પણ એક જાતનું અને સમાનજ થયું છે. દલપતરામે હસાવી રમાડી ધીમે ધીમે લોકને વહેમો ઉપર અનાદર કરાવ્યો, અને નર્મદાશંકરે "યાહોમ કરીને પડો" એવી મસ્ત વાણીથી તેમને તે છોડવા પ્રવર્તમાન કર્યા. આ બંનેની કવિતાનો કેટલોક ભાગ ગુજરાતી ભાષામાં અપૂર્વ અને લાંબા વખત સુધી રહે એવો છે.

નવલરામ.

કાવ્યપરીક્ષા.

કાવ્યપરીક્ષામાં તો અમારૂં માપ ઉંચુંજ રહે છે. એ કદાપિ કેટલા-એકને પસંદ નહિ પડતું હોય, પણ કવિતા એવો ઉંચો વિષય છે કે તેમાં નાદાન છોકરાં કલકલાણ કરવા આવે તો તેમને ધમકાવી કહાડવાં એજ ઉત્તમ માર્ગ છે. કવિતા કરવી એ સાક્ષરતાની પરિસીમા છે, પણ હાલ તો કાંઈ ન આવડે તે કવિતા કરવાને તો હું લાયક છું એમ પોતાના મનથી સમજે છે. ઇંગ્રેજી, સંસ્કૃત, વ્રજ કે પોતાનીજ ભાષા બરાબર ભણુતા નથી, અને કવિતા શું તે સ્વપ્નામાં પણ જાણુતા નથી એવા નાદાનો નિશાળ છોડી કવિ થવાજ દોડે છે. એક પદ પુરૂં પાંસરૂં જોડી શકતા નથી, એક પદમાં ભરવા જેટલો પણ જેના મનમાં વિચાર નથી, જેનામાં પારકાના વિચાર પણ પારખીને લેવાની શક્તિ નથી, અંધારામાં મુઠ્ઠી ભરી જો ચોરી લાવે છે તો તેને પોતાની ભાષામાં મૂકતાં પણ આવડતું નથી, અને પ્રાસ તથા તાલ તો જેને કાળ સરખાં લાગે છે, તે છોકરાં કવિતા કરવાને વલખાં મારે એ બહુજ હસામણું છે, અને જો તેના દુરભિમાનથી કંટાળો ન આવતો હોત તો બેશક તે બિચારા ઉપર બહુજ દયા આવત. જો કોઈ નર્મદાશંકર-માંથી " અરેરે ને હાય હાય " શીખી લાવ્યો હોય છે તો તો તે એમજ જાણે છે કે મેં રસનો દરીઓજ ઉથલાવી નાખ્યો, અને દલપતરામની વર્ણ-સગાઈ આણી શકે છે, તે તો તેનો સગો થઇનેજ ફરે છે. આવી કવિતાને તે તિરસ્કાર સિવાય બીજું શું કરી શકાય ? આવી કવિતાથી બધા લોકો હાલ કંટાળી ગયા છે, અને કવિતા શબ્દજ કેવળ અપમાન પામે છે.

નવલરામ.

નવલરામની જીવનકથા.

પ્રિય વાંચનાર ! નર્મદની જીવનકથા લખનારની આ જીવનકથા લખાઈ અને થઈ પણ રહી. નવલરામ કોઈ રાજા ન હતા, એમણે કંઇ રણક્ષેત્રમાં યુદ્ધ નથી કર્યું, શાસ્ત્રના શોધ નથી કર્યા, ગ્રંથકાર રૂપે યુરોપમાં પ્રસિદ્ધિ નથી

મેળવી, લક્ષાધિપતિ ન હતા, ઇંગ્રેજ સરકારના રાજ્યના કોઇ મોટા જજ (Judge) ન હતા, દેશી રાજ્યના દિવાન ન હતા, આઇ. સી. એસ. ન હતા, અને સભાઓ ધ્રૂજાવનાર ન હતા.

જો આવાની જીવનકથા વગર બીજાની કથાને તું કુથલી ગણુતો હશે, તો આ વાંચી નિરાશ થશે. તું પૂછીશ કે ત્યારે આ જીવનકથા કોની છે, નવલરામે શું કર્યું, આ કથામાં શો ચમત્કાર છે, અને આ કથા શા વાસ્તે લખી ? વાંચનાર, જો તું મોટાં માણસનાં જીવન સાંભળતાંજ તૃપ્ત થતો હોય તો સરત રાખજે કે મોટાને માથે પણ મોટા છે, અને નાના હોય તે પોતાનાથી વધારે નાના આગળ તો મોટા છે; આટલો મોટો સૂર્ય પણ જ્યારે આકાશમાં એક બિન્દુ જેવો છે, ત્યારે બિન્દુ જેવા આપણા ઘરના દીવા રાત્રે શા ખોટા ?

મોટા નાના વધુ મોટામાં,
તો નાનાં પણ મોટાં;
" વ્યોમદીપ રવિ નભબિન્દુ,
તો ઘરદીવડાં નહિ ખોટાં."

આપણું ગુજરાત જો, આપણા ગુજરાતીઓ જો, આપણા ગ્રંથકારો જો, અને તને એમ લાગતું હશે કે આપણા પ્રમાણમાં નવલરામ પણ ઠીક હતા ! નવલરામ જીવ્યા એટલા સમયમાં નવલરામનું કર્યું બીજા કોણે કર્યું છે ? એના જીવન ઉપરથી બોધ અને દૃષ્ટાંત લેનાર નીકળશે તો કેટલો લાભ થશે ? એના જીવનનાં પાનાં તારી પાસે છે. તે ઉપરથી વિચારજે કે એમાંથી બોધ ને દૃષ્ટાંત લેવાનું કેટલું જડે છે. જુના હોલકરો વિષે કહેવાતું કે તેમનું રાજ્ય તેમના ઘોડાના પલાણ ઉપર હતું; તેમજ નવલરામનું જીવન તેમના મગજમાં અને હૃદયમાં હતું. વાંચવું, વિચારવું, અને લખવું, એ ત્રણ ક્રિયાઓ સમુદ્રમાં નિરંતર પાણી ઉછળે છે એમ, તેમના જીવનમાં ઉછળતી હતી. વેદાંતના સંપ્રદાય પ્રમાણે વેદાંત તેઓ ભણ્યા ન હતા, પણ તેમના ગજા પ્રમાણે–બુદ્ધિ પ્રમાણે–જે વેદાંત સમજતા હતા (તેને આપણે વેદાંત કહીએ કે ન કહીએ તો પણ) તે એમને શુદ્ધ રાખવાને સમર્થ હતું. એમનું મરણ,

એના જેવું મરણ પામવાની બીજાઓને અભિલાષા કરાવે એવું સુંદર હતું. ઇશ્વર અને બ્રહ્મ ઉભયનું સ્વરૂપ સ્વીકારતા, ઇશ્વરની પ્રાર્થના કરતા, છતાં આત્મા, ઇશ્વર અને બ્રહ્મનું ઐક્ય માનતા. આવું છતાં પ્રવૃત્તિના ઉપાસક હતા, અને એ પ્રવૃત્તિ પરમાર્થે–આ દેશના કલ્યાણને અર્થે–રાખતા. કેટલાક ચતુર્થાશ્રમની નિવૃત્તિને મોટી ગણે છે, પણ ગૃહસ્થાશ્રમ એ આશ્રમનો આધાર છે; જુના વર્ણાશ્રમના પ્રધ્વંસના આ યુગમાં ચાર આશ્રમ નથી પણ પ્રવૃત્તિ એજ એક આશ્રમ છે. બીજા સર્વ આશ્રમોનાં નામરૂપ એમાંથી ઘડી કહાડવાં જોઇએ. ગુજરાતના વિદ્વાનો પેટ ભરવાનો ધંધો કરી સંતોષ માને, શાસ્ત્રને માને નહિ અને અંગ્રેજી પુસ્તક ખરીદે નહિ–તો વાંચે કયાંથી? વાંચે નહિ તો લખે કયાંથી?–એ સઉ કરતાં નવલરામના અહોનિશ નિરંતર મરણપર્યંત કરેલા ઉદ્યમ રમ્ય અને સફળ નથી? હાલ તો પ્રવૃત્તિ–ઉદ્યોગ–એજ ધર્મ છે એમ આખું યુરોપ માને છે, તે નહિ માનનારા દેશમાં ગૃહસ્થાશ્રમનું સત્ત્વ ઉચ્છેદન પામશે, અને ગૃહસ્થાશ્રમ સાથે સર્વ આશ્રમ નિરાધાર થશે માટેજ પ્રવૃત્તિ આ યુગનો આશ્રમ છે; માનશે તેનો પણ એ, અને નહિ માને તેનો પણ એજ આશ્રમ છે. સૂઇ રહીએ તોયે શરીરમાં લોહી ફરે છે અને અત્યંત બેસી રહીએ તોયે સતતગતિમતી પૃથ્વી અહોનિશ હજારો ગાઉ દોડયાં કરે છે, તેની સાથે આપણે મરજી હોય કે ન હોય તોયે ઘસડાઇએ છીએ; તેજ પ્રમાણે એ પ્રવૃત્તિના યુગમાં–પરરાજયમાં–પ્રવૃત્તિ આશ્રમ છે, અને શાણા માણસોએ પ્રવૃત્તિમાં પ્રવાહપાત રાખી તેમાં વેડિયાવાડ ન કરતાં માત્ર મનને નિવૃત્તિમાં રાખવું–એ પ્રવૃત્તિ, એ ઉદ્યોગ, આ સમાનો ધર્મ છે, અને તે ધર્મથી પણ મોક્ષ કહેનારે કહ્યો છેજ.

નવલરામે આ યુગનો આશ્રમ પાળ્યો છે; તે જ્ઞાની હો કે ન હો, પણ એના નિષ્કલંક જીવનમાં પ્રથમથી છેલ્લે સુધી અહોનિશ ઉદ્યોગ–તપ તપાયું છે. એ તપનું ફળ પરમાર્થ સિવાય ઇચ્છયું નથી, "સર્વભાવ" થી એ કર્મ–તપ "ઈશ્વર શરણે" રહ્યું છે, અને દીવાની જયોત સર્વદા ઉભી ને ઉભી રહી હોલાવી વખત પણ ઉભીજ રહે છે, તેમ નવલરામને અવસાન સમયે પણ ઈશ્વરવાસના સ્ફુરી છે. ઈશ્વર અને બ્રહ્મમાં કયાં ભેદ ગણ્યો છે?

સર્વથા પવિત્ર અને સુંદર રાગ કહાડતું વાજું બંધ થઈ ગયું તેના ભણકારા પણ પવિત્ર અને સુંદરજ છે, અને વાંચનારને એ ભણકારા એવા લાગે તો તે લાભ પણ ઓછો. નથી.

ગોવર્દ્ધનરામ.

ભાટનું વચન.

કુમારપાળ મેવાડના રાજાની કુંવરી સિસોદીણી વેરે પરણ્યો હતો. જ્યારે તેણે પરણવાને ખાંડું મોકલ્યું ત્યારે તે કુંવરીના જાણવામાં આવ્યું કે રાજાનો એવો નિયમ છે, કે રાણીઓએ પ્રથમ હેમાચાર્યના અપાસરે જઇને જૈનધર્મની દીક્ષા લીધા પછી દરબારમાં પેસવું. આ ઉપરથી રાણીએ પાટણ જવાની ના કહી, ને કહ્યું કે મને આચાર્યને અપાસરે મોકલવામાં નહિ આવે એવી ખાતરી કરી આપો તો હું આવું. ત્યારે કુમારપાળનો દસોંદી ભાટ જયદેવ કરીને હતો તે વચ્ચે જામીન થયો, એટલે રાણીએ અણહીલપુર જવાની હા પાડી. તેને આવ્યાને કેટલાક દિવસ વીત્યા પછી હેમાચાર્યે રાજાને કહ્યું કે સિસોદીણી રાણી કદી મારી પાસે આવ્યાંજ નથી. તે ઉપરથી કુમારપાળે તેને ત્યાં જવાનો આગ્રહ કર્યો, પણ તેણે ના કહી. પછી રાણી માંદી પડી ત્યારે ભાટની સ્ત્રીઓ તેને જોવાને ગઈ. ત્યાં તેની વાત સાંભળીને તેઓએ તેને પોતાના જેવો પોશાક પહેરાવીને છાનીમાની પોતાને ઘેર તેડી આણી. રાત્રે ભાટ ગઢની ભીંત કોચીને ત્યાંથી રાણીને લઈ ચાલ્યો. આ વાત જ્યારે કુમારપાળ રાજાના જાણવામાં આવી ત્યારે તે બે હજાર ઘોડું લઇને તેના ઉપર ચડયો. ઈડર દસ ગાઉ રહ્યું ત્યાં પેલાં નાસી જનારાંને રાજાએ ઝાલી પાડયાં. ત્યારે ભાટે રાણીને કહ્યું; " જો તમે ઈડરમાં જઈ પહોંચો એમ હોય તો ઉગરાય. મારી પાસે બસેં ઘોડું છે. જ્યાં સુધી અમારામાંનું એક પણ માણસ રહેશે ત્યાં સુધી અમે કોઇનો પણ હાથ તમને અડકવા દઇશું નહિ," એ પ્રમાણે કહીને સામા ચડી આવેલા ભણી તે ફર્યો; પણ રાણીની હિંમત ચાલી નહિ, એટલે તેણે પોતાના રથમાં આપઘાત

કર્યો, ત્યારે દાસી બોલી ઊઠી કે હવે લડીને શું કરો છો ? રાણી તો ક્યારનાંય મરી ગયાં છે. પછી કુમારપાળ અને તેની ફોજ ઘર ભણી વળી.

જયદેવ ભાટે જાણ્યું કે મારી લાજ ગઈ, માટે હવે મારે જીવવું નહિ. તે સિદ્ધપુર ગયો, અને પોતાની નાતના લોકોને કંકોતરીઓ મોકલી કે "આપણી નાતની પ્રતિષ્ઠા લઈ લેવામાં આવી; માટે જેઓ મારી સાથે બળી મરવાને રાજી હોય તેઓએ તૈયાર થવું." પછી શેલડીનો ઢગલો કર્યો, અને જેઓ પોતાની સ્ત્રી સહિત બળી મરવાના હતા તેમણે બબ્બે ઝંડા (સાંઠા) લીધા, અને જે એકલા બળવાના હતા તેમણે દરેકે એકેકો લીધો; તેણે ચિતા અને ઝમોર ખડકી. પહેલી ઝમોર સિદ્ધપુરમાં સરસ્વતીને તીરે કરી, બીજી પાટણથી એક તીરવાને છેટે કરી, ને ત્રીજી તે નગરના દરવાજા પાસે ખડકી. પછી એકેકી ઝમોરમાં સોળ ભાટ પોતાની સ્ત્રીઓ સહિત બળી મુઆ. જયદેવનો ભાણો કનોજ હતો. તેને પણ કંકોતરી મોકલી હતી, પણ તેની માએ તેને પહોંચાડી ન હતી; કારણ કે તેને એકનો એકજ પુત્ર હતો, તથાપિ ભાટનો ગોર ઝમોરની રાખની ગુણો ભરીને ગંગામાં નાખવાને નીકળી ચાલ્યો તે કનોજ આવ્યો. ત્યાં જયદેવનો ભાણો નાકાદાર હતો. તેણે જાણ્યું કે માલ લઇ જાય છે તેથી દાણ માગ્યું, એટલે બ્રાહ્મણે જે માલ હતો તેનું નામ લીધું. આથી ભાટે વધારે પૂછપરછ કરી ત્યારે તેણે જે નીપજ્યું હતું તે સર્વ કહી સંભળાવ્યું. પછી તે પોતાનું કુટુંબ એકઠું કરીને તેમને પાટણ લઇ આવ્યો અને કેટલીક ઝમોર ખડકીને સર્વે બળી મુઆં. એક સ્ત્રીને તરતજ પુત્ર પ્રસવ્યો હતો તે ગોરને સોંપી પોતાના ધણી સાથે બળી મરી, અને હાલ પાટણ પરગણામાં ભાટ છે તેઓ કહે છે કે અમે એ છોકરાની પ્રજા છીએ.

રાસમાળા.

માનચતુર અને ચંદ્રકાન્ત.

(ગુજરાતી સાહિત્યમાં પ્રથમ પદ ભોગવનાર પુસ્તક "સરસ્વતીચંદ્ર" માંથી આ લેખ લેવામાં આવ્યો છે. માનચતુર રત્નનગરીના પ્રધાન વિદ્યા-

ચતુરના પિતા છે, અને ચંદ્રકાન્ત મુંબઈના વકીલ અને પ્રધાનના મહેમાન છે. ગુણસુંદરી પ્રધાનપત્ની છે. વિદ્યાચતુરની પુત્રી કુમુદસુંદરી સાસરેથી પિયર આવવા નીકળે છે, અને રસ્તામાં બહારવટીઆ તેને લૂંટે એવા સંભવની ખબર આવી છે ત્યાર પછીનો આ પ્રસંગ છે. આ પુસ્તકના લેખક સાક્ષરશ્રી ગોવર્દ્ધનરામ માધવરામ ત્રિપાઠી (ઇ. સ. ૧૮૫૫ થી ઇ. સ. ૧૯૦૭) ગુજરાતમાં ઘણી રીતે ઉચ્ચ સ્થાન ભોગવે છે. તે એક લેખક તેમજ વિચારક હતા. તેમણે આ પુસ્તકમાં ગુજરાતી સમાજનું ચિત્ર પાડયું છે, અને લોક આગળ ઘણા વિચાર રજુ કર્યા છે.)

ડોસો હસ્યો. "વારૂ, ગુણસુંદરી, ડોસાને પણ જુઓ તો ખરાં ! તમારો તો જન્મ પણ ન હતો અને આ બધા દેશમાં સાહેબ લોક નવા આવતા હતા તે વખતે તમારો વડીલ તરવાર બાંધી રજપુતો ભેગો દોડતો હતો. શું કુમુદને માથે હરકત આવે ને હું જોઈ રહું ? જો એમ થાય તો મારો અવતાર નિષ્ફળજ. જો, હરભમ, હું અને અબદુલ્લો અમારી ટુકડી લઈ અત્યારે નીકળીશું, ને સુભદ્રા ઓળંગી આગળ ચાલ્યા જઇશું તે જ્યારે કુમુદ મળશે ત્યારે અટકીશું, અને એને લઇ આવીશું. એની સાથે પણ માણસો હશે તેને સાવધાન કરી આગળ પાછળ ચાલીશું. જાઓ, મુખી અને હરભમ, તમે કહ્યા પ્રમાણે તૈયારી કરી પલકારામાં પાછા આવો; અને ગુણસુંદરી, તમે જરા મારાં જુનાં કપડાંમાંથી પાયજામો કહડાવો અને બીજાં કપડાં કહું તે કહડાવો. ફતેહસંગ, તું મ્હારે સારૂ તમારા બધામાંથી કોઈની તરવાર સારી જોઇને લાવ, બંદુક પણ લાવજે, અને......"

ડોસો વધારે બોલવા માંડે એટલામાં તો સર્વ શૂરમંડળ તેના હુકમનો અમલ કરવા વેરાઇ ગયું.

સ્ત્રીમંડળ ડોસાનાં કપડાં લેવા ગયું. જુના કાળમાં જ્યારે ઈંગ્રેજી રાજ્યનો અમલ બેઠો ન હતો, અને બધો દેશ લુંટારા લોકોના ત્રાસથી બારે માસ હથિયારથી સજ્જ રહેતો હતો, જ્યારે બ્રાહ્મણોને અને સ્ત્રીઓને પણ પોતાનું રક્ષણ કરવા જેટલી તત્પરતા રાખવી પડતી હતી, તેવા ભયંકર સમયમાં જેની જુવાનીનો મુખ્ય ભાગ ગયો હતો તે માનચતુર હથિયારના

ઉપયોગમાં પાવરધો હતો; અને તેના હાથને એવી રીતે કસાવાના પ્રસંગ પણ ઘણા મળ્યા હતા. નાનાસાહેબના બંડ પછી દેશ અશસ્ત્ર થયો છતાં, સશસ્ત્ર અવસ્થાનું શૂરાતન, બળ અને આવડત માનચતુરમાંથી અદૃશ્ય થયાં ન હતાં, અને ઘણે વર્ષે પ્રસંગ આવ્યે સૂતેલો સિંહ જાગ્યા પછી પણ સિંહજ હોય છે, તેમ માનચતુર આજ શૂર જનની ઉશ્કેરાયલી અવસ્થા અનુભવવા લાગ્યો.

"ચંદ્રકાંત, તમે ઘેર રહેજો—બધી સ્ત્રીઓનું રક્ષણ થશે તે ભેગું તમારૂં પણ થશે. ખમા ઇંગ્રેજ બહાદુરને કે હથિયાર લઈ લીધાં, અને સ્ત્રીઓની તેમજ તમારા જેવા પુરુષોની સઉ ચિંતા ઉપાડી લીધી"!

પોતાની ચિંતામાં પડેલો ચંદ્રકાંત આ વાક્યથી સાવધાન થયો, આભો બન્યો, અને દેશને અશસ્ત્ર કરનાર ધારાના વિચારમાં પડી સરકાર ઉપર મનમાં ખીજવાયો.

માનચતુર બોલ્યો, "મુંઝાશો નહિ; આ ઉતાવળને પ્રસંગે વાદવિવાદ કરવાનો નથી; તમથી કંઈ અમારી સાથે આવી નીપજે એમ નથી. કાયદાની તકરારો બહારવટીઆ સાંભળે એમ નથી; હું તમને બંદુક આપું પણ દારૂગોળાને ઠેકાણે કાંઈ તેમાં ચોપડીઓ ભરાય એવું નથી. મને વાત કરવા વખત નથી. હું હથિયાર બાંધી જાઉં છું. પાછો આવું એટલામાં આ વાત ઉપર એક નિબંધ લખી કહાડજો."

ગોવર્દ્ધનરામ મા. ત્રિપાઠી.

ગ્રાહરિપુના દુષ્ટ કામ.

"એ ભરવાડ ઘણો જુલમી છે;" શ્રીકૃષ્ણના રાજ્યના વારાથી જે "ગાદી પ્રતાપથી પ્રકાશ પામતી એવા વખત સુધી ચાલતી આવી છે, તે ગાદીએ બેસીને સૌરાષ્ટ્રમાં તે રાજ્ય કરે છે. યાત્રાળુ લોકો પ્રભાસ ભણી જાય છે તેઓને મારીને તેમનાં હાડકાં અને માંસ ધોરી રસ્તામાં વેરે છે, અને જે વામનસ્થળીમાં હનુમાન અને ગરૂડની ધજાઓ ફરકતી, તેમાં રાવણની પેઠે નિર્ભયપણે રાજ્ય કરે છે, અને ચોરોને બીજી પવિત્ર જગાઓમાં વસવા દે છે; બ્રાહ્મણોનો તે તિરસ્કાર કરે છે, અને વટેમાર્ગુઓને

રસ્તા વચ્ચે લૂંટી લે છે; તેથી ધાર્મિક લોકોનાં હૃદયમાં તે તીર પ્રમાણે ખટકે છે. તે જવાન છે, કામી છે, અને મોહનો ભરેલો છે, તેથી પોતાના શત્રુઓનો નાશ કરીને તેઓની સ્ત્રીઓને જોરાવરીથી પોતાના અંતઃપુરમાં ખેંચી જાય છે. આ જંગલી પુરુષ ગિરનારના પર્વત ઉપર ભટકતો ફરે છે, અને પ્રભાસ આગળના હરિણોનો શિકાર કરે છે. તે ગાયના માંસનું ભક્ષણ કરે છે, દારૂ પીએ છે અને લડાઇમાં પોતાના શત્રુનું રુધિર ભૂત, પ્રેત અને તેમના ચરને પાય છે. આ પશ્ચિમ દિશાના રાજા ગ્રાહરિપુએ દક્ષિણ અને ઉત્તરના ઘણા રાજાઓને તેમના રથ મૂકીને નસાડી મૂક્યા છે; તેથી જાણે તે કોઇની પરવા રાખ્યા વિના સ્વર્ગના રાજ્યની જીત મેળવવા ધારતો હોય તે પ્રમાણે ઉંચું જોઈ ચાલે છે. ગ્રાહરિપુ યમપુરીના યમરાય જેવો વિકરાળ શરીરનો છે, સ્વભાવમાં પણ તે તેના જેવોજ છે, ને આખી પૃથ્વીને જાણે હમણાં ગળી જશે અને વૈકુંઠને જતાને બાઝશે એવો દેખાય છે. વળી તેના રાજ્યમાં હુન્નરી માણસો છે, તેઓ એ દુષ્ટના સંગથી પોતાનો હુન્નર બધી જાતનાં એવાં હથિયાર બનાવવામાં વાપરે છે કે તેના ઝપાટામાંથી કોઈ પણ બચી શકે નહિ, ને ધર્મ અધર્મનો વિચાર પણ તેઓ કરતા નથી. તેની ફોજ ઘણી છે, તેથી સર્વ રાજાઓ તેને નમે છે. તે ઘણો આરોગ્ય છે. તેણે સિંધના રાજાને પકડીને તેની પાસેથી દંડમાં હાથી, ઘોડા છીનવી લીધા છે, તેમજ તેણે ઘણા રાજાને વશ કર્યા છે: મને લાગે છે કે યમપુરીના રાજા સાથે તે જો યુદ્ધ મચાવવાનો હોય તો યમને પણ તેને ખંડણી આપીને નમી પડયા વિના છૂટકો થાય નહિ. પહાડોમાંના મોટા કોટ અને નિર્ભય જગાઓ તે તોડી પાડે છે: તે આખો દરીઓ ખૂંદી વળે એવો છે તેથી લોકોને તેનાથી ઉગરવાનો એકે ઉપાય રહેતો નથી તેમ થયું છે. તેના પાપના ભારથી પૃથ્વી કંપે છે. ઘાતકોને શિક્ષા કરવાની જે રાજામાં સત્તા હોય તે તેઓનો ઘાત કરે નહિ તો પોતેજ તેવો ઘાતક ઠરે છે, તેટલા માટે અહો ! રાજન્. તમે જો એનો નાશ કરશો નહિ તો એનાં પાતક તમને લાગશે. તમે એનો નાશ કરી શકો એવા છો માટે શિવે તમને તેમ કરવાની આજ્ઞા કરી છે, તો તમે તમારી સેના એકઠી કરીને એને રાજ્ય ઉપરથી

ઉઠાડી મૂકો; નહિતર પછી દિન પ્રતિદિન એનું જોર એટલું બધું વધી પડશે કે છેવટે તમારાથી તેને વશ કરી શકાશે નહિ."

રાસમાળા.

મૂળરાજની સવારી.

શરદ ઋતુ આવી પહોંચી હતી. ઘણાં વાવેતરથી પૃથ્વી ઢંકાઇ ગઈ હતી; નદી અને તળાવનાં જળ નિર્મળ થયાં હતાં. આકાશ વાદળાં વગરનું સ્વચ્છ હતું. કમળ પૂર્ણ પ્રકાશમાન થતાં હતાં; તેઓનો રંગ કોઈ પ્રિયાના પ્રકાશિત ઓઠનું સ્મરણ કવિને કરાવતો હતો. સોરઠના કિનારા ઉપર વર્ષાદનાં વિલમ્બિત ફોરાં મોતીરૂપ થતાં પડયાં હતાં. હંસ પક્ષી જે વર્ષા-ઋતુમાં માન સરોવર ઉપર જઇ રહે છે તે હવે ગંગા અને બીજી નદીઓ ઉપર આવ્યાં હતાં. ખેડુતોની સ્ત્રીઓ ડાંગરના ખેતરની રખેવાળી કરતી કરતી ગીત ગાઇ ગાઈને વનને આનંદદાયક કરી દેતી હતી. એવા સમયમાં દેવના મંદિરમાં બ્રાહ્મણોએ વેદનાં અને ચંડીપાઠનાં પારાયણ કરવા કુંભસ્થાપના કરી, અને પથારીએ સૂઇ બ્રહ્મચર્યવ્રત પાળી નવરાત્રી પૂર્ણ કરીને, દશેરાને દિવસે પારણાં કરી કુંભજળમાંથી રાજાને માથે અભિષેક કર્યો. વૈકુંઠપતિના ઉત્સવ થવા લાગ્યા, અને દેવાલયો ઉપર ધ્વજાઓ ફરકવા લાગી. વામન અને બળીરાજાનું સ્મરણ થવાથી ભૂતળે આનંદ વ્યાપી ગયો, અને મહા-વિષ્ણુ પોતાની ક્ષીર સમુદ્રની લાંબી સમાધિમાંથી ઊઠયા.

મૂળરાજને દ્વારે નગારાં વાગ્યાં અને નોબતો ગડગડવા લાગી. શુભ શુકન દર્શાવતા શંખનાદ થવા લાગ્યા, ને વિવિધ વાદિંત્રોના ઘોર નાદ સ્વર્ગે જઈ પહોંચ્યા. એથી સ્વર્ગવાસી લોકોએ જાણ્યું, કે રાજા પોતાના સુભટોનો અગ્રેસર થવા તૈયાર થયો. અણહીલવાડના વાવટા નીચે ચાલનારા રાજાઓ પણ પોતપોતાની સેનાઓ લઈ સોરઠ ઉપર ચડાઇ કરવાની આતુરતાભર્યા ઉભરાઈ આવ્યા. રાજા ગાદી ઉપર બેઠો; તેના સામા મોતીએ સ્વસ્તિક પુરાયા. બન્ને બાજુએ ગાંધર્વો ગાન કરવા લાગ્યા અને ચાકરો પંખાથી વા ઢોળવા લાગ્યા. જે જોશીઓએ પોતાના જન્મથી જ્યોતિષનો અભ્યાસ

કરેલો તેઓ મુહૂર્ત ક્હાડવા સૂર્યના તડકામાં શંકુ માંડીને ઘડીનું માપ ક્હાડવા બેઠા. કૂળગોરે હાથી અને ઘોડાની રાજા પાસે પૂજા કરાવી. છેવટે છડીદારો આગળ ચાલ્યા; સૈનિકો હથિયાર સજી દરવાજા આગળ હારબંધ ઉભા રહ્યા; ફરી વાદિંત્રના નાદ થયા. રાજા ગાદી ઉપરથી ઉઠયો એટલે "જય જય"ના શબ્દ ઉચ્ચારીને તેને કપાળે પુરોહિતે તિલક કર્યું. આગળ ચાલતાં મૂળરાજે અને તેના સુભટોએ, બ્રાહ્મણ અને ભાટ જે યશ ગાનારા કહેવાય છે તેઓને દાન આપ્યાં. પર્વત જેવા કાળ અને કદાવર હાથી ઉપર ચડતાં રાજાએ કૂળદેવીને નમસ્કાર કર્યાં, માથે મેઘાડંબર છવાયાં; આગળ ચાલતાં ઘોડાઓના હણહણાટ થવા લાગ્યા; સર્વે જય જયના પોકાર કરવા લાગ્યા; મહેલથી તે નગરના દરવાજા સુધી કેસરનાં પાણીના છંટકાવ થયા; પૌરાણિકો અને વેદીઆ આશીર્વાદ દેવા લાગ્યા, કે " તમારો જય થાઓ, અને તમારા શત્રુઓ દક્ષિણમાં યમને દ્વાર પહોંચજો." જેમ જેમ અશ્વારી આગળ ચાલવા લાગી તેમ તેમ નગરમાં વધારે ભીડ થવા લાગી; કસુંબલ લુગડાં પહેરેલી અને ઘરેણાંના ચમકાટથી શોભતી એવી સ્ત્રીઓની ભીડ શેરીઓમાં થવા લાગી. ભીડાભીડમાં ફૂલના અને મોતીઓના હાર તૂટવા લાગ્યા, ચૌટા-માંથી જતા લોકો ફૂલથી રાજાને વધાવવા લાગ્યા; સ્ત્રીઓ ઘરના કામધંધા છોડીને અને છોકરાંને રડતાં મૂકીને અશ્વારીનો ઠાઠ જોવા ચાલી; રસ્તે ચાલતાં કેટલાંક ગામ સુધી, ગામડાના લોકો, પોતાના રાજાને જોવાને આવ્યા; કેમકે દેવતાઓમાં જેમ ઇન્દ્ર શોભે છે, તેમ મનુષ્યોમાં મૂળરાજ રૂપમાં, ગુણમાં અને સત્તામાં શોભતો હતો.

રાસમાળા.

મનહરપુરી.

વિદ્યાચતુર અને તેનું કુટુંબ આ ગામની વસ્તી ઉપર બહુ મમતા રાખતું, અને વસ્તી પણ તેમના ઉપર મમતા રાખતી હતી. ગામની ગરીબ વસ્તી પોતાના પ્રિય પ્રધાનની ગુણીયલ પત્નીની ખાતર કરવા ઉપર નીચે

થઇ રહી હતી; તેને પોતાની વચ્ચે જોઇ ઉત્સાહમાં આવી હતી. વિદ્યાચતુરનો એવો સખત નિયમ હતો કે ગામના લોક પાસેથી વેઠવેતરૂં કે કાંઇ ચીજ ગમે તે થાય તો પણ અમસ્તી લેવી નહિ. હાથ નીચેના અધિકારીઓને પોતાના કુટુંબનીજ વર્ત્તણુકથી દૃષ્ટાંત આપતો. આથી આ કુટુંબ વસ્તીને ઘણું પ્રિય થઈ પડયું હતું. ગુણસુંદરીની પાસે પોતાનાં સુખદુઃખની વાતો કરી જવી, ગુણસુંદરીના પોત.ના ઘરની ન્હાની ન્હાની વિગત જાણી આશ્ચર્ય પામવું, પોતાની ન્હાની મોટી ઇચ્છાઓ ખુલ્લા દીલથી જણાવવી, આવાં આવાં અનેક કાર્યથી ગુણસુંદરીનો વખત ગામની સ્ત્રીઓ રોકતી. ગરીબ અને ધર્મિષ્ટ બ્રાહ્મણીઓ, ઉદાર ગરાસણીઓ, કરકસરથી ઘર ચલાવવાની આવડત્રેવડવાળી વાણીઅણો અને ઉદ્યોગી કણબણો ગુણસુંદરી આવ્યાની ખબર પડતાંજ નિત્ય પેઠે તેના ઉતારા ભણી ચોમાસાની નદીના પૂર પેઠે વળવા લાગી. બિચારી ભંગીઅણો પણ એના ઉતારાની પછીતની બારી પાછળ છેટે ઉભી ઉભી કંઈ કંઇ આનંદના કોલાહલ કરવા લાગી. ગામમાં વસ્તી ત્રણ ચાર હજાર માણસની હતી. વધારે ભાગ કણબી વર્ગનો હતો. તે લોક ઉદ્યમી અને હિમ્મતવાન હતા. થાણદારો અને વહીવટદારો તેમની સાથે હેતભાવથી વર્તતા અને પ્રમાણિક રહી ઘણી સૂચનાઓ કરતા. આથી એ લોક હમેશ ઉત્સાહમાં રહેતા અને મનહરપુરીના જમીનદારો તથા ખેડુઓનો ઘણે ઠેકાણે દાખલો લેવાતો. અધિકારીઓના સહવાસથી આત્મપ્રતિષ્ઠા તેમની બુદ્ધિમાં દાખલ થઈ હતી, અને તેથી તેમની નીતિ પણ ઉંચા પ્રકારની બની હતી. ગામમાં એક ન્હાની સરખી નિશાળ સારી રીતે ચાલતી અને એક બે છોકરા તો મુંબઇની પાઠશાળા સુધી અભ્યાસ કરવા ગયા હતા. આ સર્વ લોકોને વિદ્યાચતુર ઉપર કુટુંબપ્રીતિ હતી, અને ગુણસુંદરી સાથેના ચાળીસ સવારો સાથે કણબી લોક રસભેર વાતો કરતા હતા. પૈસા મળતા તે તો લેતા, પણ ઉંચામાં ઉંચી ચંદી સવારીના ઘોડા સારૂ આપી, ઘોડાને થાબડી, ઘોડાઓના ઇતિહાસ પૂછી, કોઈ કોઇ સવારના ઘરનાં સુખદુઃખની વાતો કહાડી, વિદ્યાચતુરના રત્નનગરીમાંના ચાકરોની ખબર પૂછી, સાદા અને ભલા કણબીઓ ગાતા, ગવરાવતા અને ચૈત્રી બીજની રમણીય સંધ્યાકાળે ગામની પાધરે ગો-

રજની ઉડતી ધૂળમાં ભળી જઇ ગડબડાટ મચાવી મૂકતા; તે ગામને છેવાડે આવેલા પોતાના ઉતારામાં ઉંચી ઓસરીએ ઉભી ઉભી ગુણસુંદરી લાંબી નજર નાખી જોતી હતી, અને ઓસરી નીચે આવતી સ્ત્રીઓની ઠઠને આવકાર દેતી હતી.

વાણીઆ બ્રાહ્મણની પણ થોડીક વસ્તી હતી. ખેતીની પેદાશ પાસેના બંદરમાર્ગે અથવા જમીનમાર્ગે થઇને પરદેશ જતી હતી, અને તેથી કેટલાક વાણીઆ વ્યાપારીઓ ગામમાં આવી વસ્યા હતા. આ ગામમાં પ્રથમ તો આસપાસમા ગામના વાણીઆ સાહુકારો ખેડુઓને દ્રવ્ય ધીરતા, અને માત્ર ઉઘરાણી સારૂજ જતા આવતા રહેતા. ખેડુઓમાં વિદ્યા કાંઇક દાખલ થવાથી, અધિકારીઓની શિખામણથી, પ્રધાનના ઉત્તેજનથી, અને ઉંચી નાતોની દેખાદેખીથી ખેડુ તેમજ જમીનદાર વર્ગ મરણપરણનાં ખર્ચ કમી કરતાં શીખ્યો હતો. તેમજ પોતાના ધંધામાં ઉદ્યોગ, કરકસર, વેતરણ અને વિચાર દાખલ કરતા હતા. ગામમાં કર માત્ર જમીનનોજ હતો અને તે પણ ઘણો જૂજ હતો. આથી આ લોક પૈસો એકઠો કરતાં શીખ્યા હતા; અને પ્રધાનની સૂચનાથી કણબી લોક અરસપરસ ધીરધાર કરતાં પૈસાની કિમ્મત સમજવા લાગ્યા, અને તેમાંથી પોતે પોતાના નાણાવટી થતાં દેવાદાર મટી ધીરનાર થવા લાગ્યા હતા. આનાં મુખ્ય પરિણામ ઘણાં થયાં. ખેડુતોનો ધંધો સ્વતંત્ર અને હોંસભર્યો બન્યો. નવા પ્રયોગ કરવા અને બુદ્ધિ અજમાવવી, એ એક સારો ચેપ આખી વસ્તીમાં ફેલાયો. ખેડુઓના દીકરા પોતાનાં માબાની સ્થિતિ ઉંચી જોઈ તેમના ધંધામાં પડવાનું અભિમાન રાખતાં શીખ્યા. અને તેમની વિદ્યા ખેતીના સુધારામાં ખરચાવા લાગી. તેમના ઉપર કર ઘણો જૂજ હતો તેથી પ્રધાનનો તેઓ ઉપકાર માનતા, અને આસપાસનાં ઇંગ્રેજી ગામો કરતાં પોતાના ગામને ભાગ્યશાળી ગણતા. તેમનો કર ઓછો કરવાથી સંસ્થાનને લાભ એ થયો કે દુકાળ અને એવા હરકતના પ્રસંગમાં મનહરપુરીની વસ્તી સંસ્થાનના આશ્રય વગર સુખી રહેતી. એ જોઈ વિદ્યાચતુર સંતોષ પામતો. ગામ અને ગામની સીમનાં લોકોપયોગી ખરચ લોકો ખુશીથી કરતા અને રાજ્યને માથે ભાર અને ગાળ રહેતાં નહિ.

આર્યદેશમાં કુવા, ધર્મશાળાઓ, ચોતરા, તળાવો, અને એવી હજારો વસ્તુઓ પ્રજાએ ધર્મનિમિત્તે કરી છે, અને એ ધર્મવાસનાને ઉત્તેજન આપવામાં ચતુર પ્રધાન પોતાના પ્રધાનપણાની એક સાર્થકતા માનતો હતો. મનહરપુરીની પ્રજા પોતાના પ્રધાન ઉપર આથી પ્રેમ રાખે તો કાંઇ નવાઇ ન હતી. તેના બદલામાં તેને કાંઇ ખપે એમ ન હતું: બદલામાં એ એટલું માગી લેતો હતો કે રાજ્યને જરૂર પડે અને રાજ્યને કર વધારવો પડે ત્યારે કોઇએ મન ચોરવું નહિ અને આપ્યા વગર તો છૂટકો નથી તો ખુશીથી આપવું. તેમનો નિઃશ્વાસ રાજ્યજપ્ત થાય તે કરતાં વધારે છે, અને તેમનો આશીર્વાદ એ પોલિટિકલ એજંટની કૃપાના કરતાં અને સરકારના ખિતાબો કરતાં વધારે કલ્યાણકારક છે, એવું વિદ્યાચતુર માનતો અને મણિરાજના મનમાં વસાવતો. રાજ્યના ભંડારમાં ખરચ કરતાં ઘણું વધારે પડી રહે એ પ્રજાના ભંડારમાંથી ઓછું થયા જેવું છે. એવા સંચયનો દુરુપયોગ કરવાને રાજા લોભાય છે અને અધિકારીઓ ચોર બને છે. રાજા લોભાય છે તો આ દ્રવ્ય તેની વિષયવાસના પુરી પાડવા, તેની મૂર્ખતા સંતોષવા, તેના છોકરવાદીપણાને જાળવવા, અથવા તેની કીર્તિનું પોલાણ વધારવા; સ્ત્રીઓમાં, ઢોંગસોંગમાં, રમતગમતમાં, કારીગરોમાં, પરદેશમાં અને પરદેશીઓમાં ઢોળાય છે; એ દ્રવ્યથી દેશના રાજાનું મન ચમકે છે અને પરદેશના રાજાનો ડોળો ચસકે છે. પ્રજાના ભંડારમાં રહ્યું હોય તો પ્રસંગ પડ્યે થોડા દિવસ કર વધારી ક્યાં લેવાતું નથી? અર્થ સર્યે એ કર ઓછો થાય તો પ્રજા કેમ વિશ્વાસ નહિ રાખે? આપણા ભંડાર કરતાં પ્રજાના ભંડારને ઓછો ભય છે, માટે એ ભંડારનેજ આપણી બૅંક કરી રાખવી, આવા આવા પાઠ વિદ્યાચતુર મણિરાજને ભણાવતો, અને ઉદાર અને જિતેન્દ્રિય રાજા સ્વતંત્ર અને શાણા પ્રધાનનું કહ્યું યથાર્થ સમજતો. એના રાજ્યમાં ઘણાંક ગામ બીજા અધિકારીઓની દેખરેખ નીચે મનહરપુરી જેવાં બન્યાં હતાં, અને મનહરપુરી પ્રધાનની પોતાની દેખરેખ નીચે હોવાથી દૃષ્ટાંત રૂપે રહેતી, અને એ દૃષ્ટાંત જોઇ બીજા અધિકારીઓ રાજાપ્રધાનની ઇચ્છા શી છે અને પોતે શું કરવું તે સમજતા. ગુણસુંદરી રાજ્યકાર્યમાં માથું ઘાલતી ન હતી, પરંતુ

મનહરપુરીને તે પોતાની ગણતી અને રાજ્યકાર્યમાં માથું ઘાલ્યા વિના એકલી મનહરપુરીમાં સ્વામીનું કામ કર્યા જેવું કરતી.

વિદ્યાચતુરે ઇંગ્રેજી અને દેશી રાજ્યનો અનુભવ કરી એક સિદ્ધાંત એ બાંધ્યો હતો, કે પોતાનામાં સરસ્વતી, બુદ્ધિ, નીતિ, અને વૃત્તિ હોય તો દેશી રાજ્યના તંત્રીઓ પોતાની પ્રજાનું કલ્યાણ અને રાજ્યની ઉન્નતિ એટલે સુધી કરી શકે, કે ગમે એટલા પરમાર્થી હોવા છતાં પોતાના પેટ ઉપર અચૂક લક્ષ્ય આપનાર ઇંગ્રેજી રાજ્યકર્તાઓને વશ થએલી દેશી પ્રજા સ્વપ્ને પણ દેખી ન શકે. માથે અનીતિ અને અન્યાયનો જુલમ હોવા છતાં ઘણાંક દેશી રાજ્યોની પ્રજા દ્રવ્યનું સુખ ભોગવે છે, એવું ઇંગ્રેજી અને દેશી હદનાં ગામડાં સરખાવનારના મનમાં આવ્યા વિના રહે એમ નથી–તો જુલમ વિનાની પ્રજા દેશી હદમાં કેવી ઉન્નતિ પામી શકે તે જગતને દેખાડી આપવું એવો વિદ્યાચતુરનો ઉત્સાહ હતો; તેના મુખથી આવી આવી વાતો ઘણીક વાર ગુણસુંદરી સાંભળતી, અને પતિના ઉત્સાહનું વીર્ય સ્વાભાવિક રીતે પત્નીના હૃદયમાં ઢોળાતું અને ગર્ભ જેવા પ્રતિધ્વનિ રૂપે અંતરમાં સ્ફુરતું. આવી સગર્ભાનું દોહદ મનહરપુરીની પ્રજાના ઉપભોગથી પુરાતું. આવું આવું જોઇ પ્રધાન પોતાની સ્ત્રીને આપેલી વિદ્યા સફળ થઈ માનતો અને પુત્રપ્રાપ્તિનાથી અધિકતર આનંદ પામતો, તેને આનંદ પામતો જોઇ, પત્ની વધારે ઉત્સાહી બનતી. પતિપત્નીનાં હૃદય એકજ રસથી ઉભરાય, એકજ વિષયથી આનંદ પામે, પરસ્પર આનંદને વધારે અને ભોગવે; આ પરિણામથી ગુણસુંદરી પોતાનું લગ્ન સફળ થયું માનતી.

ગોવર્દ્ધનરામ મા. ત્રિપાઠી.

સંયુક્ત કુટુંબ.

[મુંબઇના ધનાઢ્ય વેપારી લક્ષ્મીનંદનના પુત્ર સરસ્વતીચંદ્રનો વિવાહ માનચતુરની પૌત્રી કુમુદસુંદરી સાથે થયો હતો. સાવકી માની ઉશ્કેરણીથી પિતાએ કેટલાંક વચન કહ્યાં, તેથી સરસ્વતીચંદ્ર ઘર છોડી નીકળ્યો. તેને

શોધવા તેનો મિત્ર આવેલો છે, તેની સાથે માનચતુર વાતચીત કરે છે. માનચતુરનો પુત્ર વિદ્યાચતુર રત્નનગરીનો પ્રધાન છે. ગુણસુંદરી વિદ્યાચતુરની પત્ની અને સુંદરગૌરી વિધવા ભાભી છે.]

માનચતુર પાછો વાતમાં પડયો. " ચંદ્રકાંત, સરસ્વતીચંદ્રને રોગ પારખતાં આવડયો પણ ઔષધ પારખતાં આવડયું નહિ એમાં તો તમે પણ ના નહિ કહો. એમણે કુટુંબ છોડી વનવાસ લીધો એટલી બુદ્ધિ ઓછી; લક્ષ્મીનંદનથી જુદા રહેવામાં કંઈ બાધ ન હતો. ખરૂં પૂછો તો મને સાહેબ લોકનો ચાલ ઘણો ડાહ્યો લાગે છે, કે પરણે ક્યારે કે જુદા રહેવાની લાયકાત આવે ત્યારેજ, અને પરણે એટલે જુદાજ રહેવું. આપણો ચાલ પણ ખોટો નથી, પણ તે ક્યાં સુધી કે બધાંની આંખમાં અમીદૃષ્ટિ હોય અને બધાંમાં સંપ હોય ત્યાં સુધી. સાહેબ લોકને હુતો ને હુતીનું સુખ—પણ આપણા કુટુંબનું સુખ તેઓ સમજતા નથી!. આ મારી આસપાસ આ બધો વિસ્તાર ભરાઈ બેઠો છે અને જે આનંદની રેલ આપણે ચાલે છે, ને હું જાણું છું કે મારાં ગુણસુંદરી, અને ગુણસુંદરી જાણે છે કે મારા વડીલ; એ સુખનું સાહેબ લોકને સ્વપ્ન પણ નહિ હોં ! સાહેબ લોકને ઘેર દીકરાને ઘેર સાસુ અને સાળી પોસાય, અને ઘરડાં માબાપ એકલાં પગ ઘસે. આપણાં કુટુંબમાં તો કહો કે મારો અને મારી અનાથ ગરીબડી સુન્દરગૌરીનો વગર ઉતરાવ્યે વીમો ઉતરાવ્યો છે, અને અમારી આશિષ છે કે ગુણસુંદરીને આનંદજ રહેવાનો; અમારા જેવાં ઘરડાં, લુલાં, લંગડાં, અને નિરુદ્યમી ગુણસુંદરીને માથે પડયાં છીએ, અને વિદ્યાચતુરની ટુંકી કમાઈના દિવસ હતા ત્યારથી એનું લોહી ચૂસી લેતાં આવ્યાં છીએ–"

"શું, વડીલ, શું બોલો છો? કંઈક તો અમારા ઉપર દયા રાખો!" ગુણસુંદરી બોલી ઉઠી.

" સાંભળો તો ખરાં. આમ છે છતાં અમે પણ એમને કોઈ વખત કામે લાગ્યાં હઈશું, અને આજ અમારાથી લોકમાં અને પરલોકમાં એમને સુકીર્તિ છે; પણ આ વખત આવતા સુધી ટકી રહે એવાં ગુણસુંદરી મ્હારાજ ઘરમાં છે, બીજે કોઇ ઠેકાણે નથી. ગરીબ અને પગ ઘસતા દીકરા-

ઓની કમાઇ ઉપર દબાણ મૂકવું, ડાહી અને મહેનતુ વહુઓને મજુરી કરાવી કચડવી, તેમને જુવાનીનું સુખ અને જુવાનીનો ઉમંગ જોવા વારોજ ન આવે તેમ એમની પાસે રહી એમને કેદ રાખવાં, તેમના ઉગતા ડહાપણને અને તેમની નવી બુદ્ધિને પોતાના ડોહ્યાપણામાં છેક પરતંત્ર કરી નાખવાં એનાથી વધારે નિર્દયતા કોઇ હશે ? અને જાણ્યે અથવા અજાણ્યે અને સમજ્યે અથવા અણસમજ્યે કેટલાં માબાપ અને કેટલા સાસુસસરા આવા નિર્દય થાય છે, તેનો મને અનુભવ છે; બોલનારી અને લડનારી વહુઓના દુઃખ બધે ગવાય છે અને કપુત દીકરાઓનાં પરાક્રમ જગજાણીતાં છે; પણ ડાહ્યો દીકરો દેશાવર ભોગવે અને ડાહી વહુ રાંધણાં રાંધે એ કહેવત પ્રમાણે ન બોલનારા દીકરાઓ, ન બોલનારી વહુઓની ખબર કોને છે ? માબાપ અને સાસુસસરાનો ધર્મ એ છે કે આવા બાળકની દાઝ પોતાની મેળે જાણવી અને ન બોલે તેને બેવડો માર નમારવો, અને મીઠા ઝાડનાં મૂળ ન કાપવાં. કોઇ માબાપ જાણી જોઇને માર મારતાં નથી, પણ જાણી જોઇને કે અજાણ્યે કચરાય તોએ ફ્લ તો બોળાયજ ! માટે મારો અનુભવ એવું કહે છે કે ઘરડાંઓનો તેમ ભાઇભાંડુઓનો ધર્મ એવો છે કે પોતે છુટા થવાય કે ન થવાય તો પણ સામાને છુટા થવા દેવા અવસર આવે એવી રીતે પોતે જાતેજ ખસતાં રહેવું. સરસ્વતીચંદ્ર મોટા થયા ત્યાંથીજ એમને લક્ષ્મીનંદને ભેગા ને ભેગા અને છુટા ને છુટા એમ રાખ્યા હોત તો આ વખત ન આવત. કુસંપ થવા પહેલાં સંપને વખતેજ પોતે છુટા થવું અને સામાને છુટા કરવું એમાં માણસની દીર્ઘદૃષ્ટિ છે, ડહાપણ છે, ચતુરતા છે. અને એજ એનો ધર્મ છે. એ વાતમાં લોકલજ્જાનો પ્રતિબંધ ગણવો એ મૂર્ખતા છે; જ્યારે મોડું વહેલું, પ્હેડીયે એ પ્હેડીયે જુદું પડયા વિના છુટકો નથી ત્યારે સમય સમજી જાતે છુટા પડવું એ તો સંસારવ્યવહારની પ્રવીણતા રાખવા જેવું છે. માબાપથી કેમ જુદા રહેવાય ? એ વિચાર સરસ્વતીચંદ્ર દૂર ન કરી શકયા તે એટલુંજ બતાવે છે કે એ ભણ્યા પણ ગણ્યા નહિ. એમાં શી મોટી વાત હતી ?–જુદું રહેવું એ સંસારનો રસ્તો છે તો તેમાં ઓસંગાવું શી બાબત ! સરસ્વતીચંદ્રને એ વાતમાં લાજ લાગી તેનું કારણ

એજ કે હજી એ બાળક છે. મેં તો કેટલાક સિદ્ધાંતજ કરી મૂકેલા છે તેમાં એક તો એ કે બે વૈરાંને એક ઘરમાં રહેવા ન દેવાં, અને બીજું–ક્યાં પુરુષ કે ક્યાં સ્ત્રી–સઉને છુટાં રહેવા દેવાં, અને મારે જાતે કેટલું કરવું કે સૂર્ય પોતે પૃથ્વીથી દૂર અને છુટો રહી આપણને પ્રકાશ અને તાપ બે વાનાં આપે છે, અને લોકનાં ઢાંકેલાં છાપરાં તળે અને ખુણેખોચરે શું થાય છે તે જોતો નથી અને તેની ચિંતા કરતો નથી, તેમ મારે પણ કુટુંબમાં એ સૂર્યની પેઠે રહેવું: તેમાં સઉને સુખ છે, અને સઉનું કલ્યાણ છે. કુટુંબમાં વૃદ્ધ જનનો ધર્મ આ છે, અને તે સઉ વૃદ્ધોએ પાળવો જોઇએ છીએ. જો પોતાના કુટુંબ ઉપર ખરી પ્રીતિ હોય અને જો સઉનું સુખ વાંછતાં હોઇએ તેમ હોય તો વૃદ્ધાવસ્થા મને સુખરૂપ છે તેવી થવાની; તેમ નહિ હોય તો તેવા વૃદ્ધોએ છોકરાંને ગાળો દઇ ગાવું કે "ઘડપણ કોણે મોકલ્યું?" તમે સર્વ વૃદ્ધ થશો માટે આટલું કહી મૂકું છું, અને આજને વાસ્તે તો એટલું કહું છું કે સઉના સુખને વાસ્તે ઘરમાં કે કુટુંબમાં કાંઇ કરવાનું આવશ્યક લાગે, તો બાયડીઓની પેઠે અને સરસ્વતીચંદ્રની પેઠે આમ કેમ થાય? કહી લજવાશો નહિ, પણ ઠીક લાગ્યું તે ધૈર્યથી અને ખબરદારીથી કરી દેવું-જ અને રજ પણ આશંકા ન આણવી.

आहारे व्यवहारे च स्पष्टवक्ता सुखी भवेत् । (આહારમાં અને વ્યવહારમાં સ્પષ્ટ વક્તા સુખી થાય છે.)

ગોવર્દ્ધનરામ મા. ત્રિપાઠી.

આજકાલના જુવાનો.

વિદ્યાચતુરે કહ્યું: ચંદ્રકાંત, મારે કહેવું જોઇએ કે આપણી ઇંગ્રેજી વિદ્યામાં એક જાતનો દોષ છે, અને તે એ કે માણસની વિચારશકિત તેને ઉદ્ધત બનાવી મૂકે છે. આ ગુણ આખી પાશ્ચાત્ય વિદ્યાનો છે એમ કહીએ તો પણ ચાલે. અસંતુષ્ટ વૃત્તિ સર્વ પાશ્ચાત્ય પ્રવૃત્તિનું મૂળ છે. તે પ્રવૃત્તિને ઉત્પન્ન કરે છે, વધારે છે, અને દષ્ટિમર્યાદાના જેવી ફળપરંપરા દેખાડે છે. એ વૃત્તિથી માણસ

ફળ પ્રાપ્ત કરવા ઉતાતળું બને છે અને અધીરૂં થાય છે. સ્વાભાવિક માર્ગે ફળ મેળવતાં વાર લાગે છે કે આ વૃત્તિને પ્રતિકૂળ થાય છે. એકજ ફળ શોધી બેસી રહેવાનું નહિ, પણ ફળ ઉપર ફળ ખોળ્યાં કરવાનાં અને તે પણ આટલી ઉતાવળથી, એટલે આ વૃત્તિવાળાં મન સટોરીઆ જેવી પ્રકૃતિવાળાં થઈ જાય છે. ભૂતકાળનો અનુભવ શોધ્યા વિના, વર્ત્તમાન સ્થિતિ જોયા વિના, આતુર મન ભવિષ્ય શોધવા નીકળે છે અને સાધન વિના ફળ પ્રચ્છે છે. વર્ત્તમાનથી અસંતુષ્ટ ચિત્ત દૃષ્ટિ આગળ અકસ્માત ઉડતું ભવિષ્ય ઝડપે છે અને એ ભવિષ્યની પાછળ ઉભેલું ભવિષ્ય દૃષ્ટિએ અચિંત્યું પડતાં ટંપારી ખાય છે. સરસ્વતીચંદ્ર આનું એક દૃષ્ટાંત છે. જુઓ એમનો જગત છોડી જગત જોવાનો રસ્તો! જુઓ એમનો દ્રવ્ય છોડી પરાર્થ કરવાનો રસ્તો? તેની અવસ્થા અત્યારે કેવી દયાપાત્ર થઈ હશે તે જોશો ત્યારે મારૂં કહ્યું સિદ્ધ થશે.

આજકાલના જુવાનો સહનશીલતાને દાસત્વ ગણે છે, પરવિચારને વશ થવામાં શૌર્યહીનતા ગણે છે, પોતાના તરંગ પ્રમાણેજ ચાલવાની સ્વતંત્રતા શોધે છે, મનની વાત બહાર કહાડવામાં અને સાકાર કરવામાં વીરત્વ માને છે, અનુભવને હસે છે, નિવૃત્તિને ધિક્કારે છે અને વૃદ્ધાચારને ક્ષુદ્ર કલ્પે છે. ઘણાક પિતાઓ લક્ષ્મીનંદન પેઠે બોલતા હશે, પણ તેટલા ઉપરથી આ પ્રમાણે કરનાર તો તમારા મિત્રનેજ દીઠા. ખરેખર, મૂર્ખમાં મૂર્ખ માણસો વચ્ચે ચાસ ચસાય નહિ એમ રાખી તીખા, અભિમાની અને દુષ્ટ ઉપરીના હાથ નીચે બે વર્ષ નોકરી કરવી પડે, દુષ્ટ વચન સાંખવાં પડે, અને ટુંકામાં દાસત્વનો અનુભવ થાય તોજ તમારાં મુંબઈગરાં માણસો ઠેકાણે આવે. આવા દાસત્વમાં કાંઈ દોષ નથી એમ નથી, પણ પારકાં માણસોને, અનુભવને અને સ્થિતિને વશ કેમ રહેવું–પોતાના મનની વૃત્તિને પરવશ કેમ રાખવી એ શીખવું પણ આવશ્યક છે.

ગોવર્દ્ધનરામ મા. ત્રિપાઠી.

મણિમુદ્રા.

[સરસ્વતીચંદ્ર રસ્તામાં લુંટાય છે. તેનાજ ગાડામાં અર્થદાસ નામનો વાણીઓ અને વાણીઆની સ્ત્રી હતાં. વાણીઆની સ્ત્રીને બચાવવા જતાં સરસ્વતીચંદ્રને વાગે છે. ધમાલમાં વાણીઆની સ્ત્રી છૂટી પડી જાય છે. બહારવટીઆ ચાલ્યા જાય છે ત્યાર પછીનો આ પ્રસંગ છે.

"ભાઈ, તમારૂં નામ શું !" **તાલીમપિ ન દદ્યાત્** તાળી પણ ન આપવી, એ સંપ્રદાયના વણિકને આ પ્રશ્ન વસમો પડ્યો. "પેલો સંન્યાસી આનું નામ જાણતો હતો–મ્હારો વહાલો આએ બહારવટીઓ હશે ત્યારે ? નામબામ આપે એવો કાંઈ અર્થદાસ કાચો નથી" એ વિચાર મનમાં કરી વાણીઓ હસી પડ્યો, અને ઉત્તર ઉડાવી સામો પ્રશ્ન પૂછવા લાગ્યો, "હં ! હં ! હા ચાંદાભાઇ, ત્યારે તમે આ લોકમાં ક્યાંથી આવી પડ્યા ? તમે શો ધંધો કરોછો ? તમારૂં ગામ કીયું ને ક્યાં જવાનું છે ?—હવે તો તમને જરૂર કરાર વળશે—જરા વાર તો લાગશેસ્તો."

"હું ક્યાંથી આવું છું તે તમે જાણો છો, અને આ લોકમાં શાથી આવી પડ્યો છું તે તમે જાતે નજરે જોયું છે."

"પણ તમે ધંધો શો કરો છો?—"

"ધંધો ?—ખાવું, પીવું, ને ફરવું."

"એમ કે ?—વધારે વ્હેમમાં પડેલો અર્થદાસ હૃદયમાં ત્રૂજતો વળી પૂછવા લાગ્યો," ને જવો છો ક્યાં ?"

"ભાગ્ય લઇ જાય ત્યાં–તમે લઇ જાઓ તો તમારે ત્યાં આવું; ભૂખ મને અને તમને સરખી લાગી હશે !"

અર્થદાસ મનમાં બોલ્યો: "જો બહારવટીઓ ખરો ! મ્હારે ઘેર આવવું છે; ત્યારે પેલીને બચાવવા શું કરવા લ્હડ્યો અને ઘવાયો ? કોણ જાણે. બહારવટીઆનો ભેદુ થઇ એમ કર્યું કેમ ન હોય ?" સ્વાર્થજળના માછલાએ પરમાર્થબુદ્ધિની કલ્પના ન કરાઇ.

સરસ્વતીચંદ્રે ફરી પૂછ્યું; "ભાઈ, તમારે ઘેર મને લઈ જશો ? હું

તમને કામ લાગીશ. આ દેશનો હું ભોમીઓ નથી ને તમે સઉ રસ્તાના ભોમીઆ હશો.'

"મ્હારે ઘેર તે મરવાને લઈ જાય ?—અર્થદાસ પણ ખરો કે તને પણ ચપટીમાં લે!" એટલું મનમાં બોલી મ્હોટેથી બોલ્યો; "હા–શા વાસ્તે નહિ? પણ એટલી સરતે જો, કે મ્હારી ઘરવાળી પાછી લાવી આપવી !"

"ભાઇ, તે તો હું શી રીતે કરૂં ! પણ તમારે ઘેર ચાલો એટલે હું તપાસ કરવા લાગીશ"

"જો લુચ્ચો ?" અર્થદાસ આટલું મનમાં કહી વળી મ્હોટેથી બોલ્યો, "વારૂ, ભાઈ ચાંદાભાઈ? આપણે અહીં ક્યાં સુધી પડયા રહીશું? ચાલો ગામ ભણી જઇએ ?"–મનમાં બોલ્યો: "પોલીસમાં પ્હોંચાડું; પછી એ તો રત્નનગરીની પોલીસ છે ને વાણીઆ સાથે કામ છે."

બે જણ ઉઠ્યા અને મનહરપુરી ભણી ચાલવા લાગ્યા. ચાલતા ચાલતાં અર્થદાસે ખેલ માંડ્યો. ઓચીંતો રસ્તા વચ્ચે બેઠો અને રોવા લાગ્યો.

"ઓ મ્હારી મા રે! ત્હારૂં શું થશે? ઓ"—સરસ્વતીચંદ્ર અચકી આભો બની આસનાવાસના કરતો બોલ્યો: શું છે? તમારી માને શું થયું?

"અરે, મ્હારી બાયડીને પેલા લઇ ગયા–બિચારી રવડી મરશે, ઓ મ્હારી મા રે–બાયડી રે !"

"ધીરજ ધરો, ભાઈ, ગામમાં ચાલો અને રસ્તો કરીશું."

"પણ એની પાસે દાગીના છે તે ?—એ તો મારૂં સર્વસ્વ! હવે હું ખાઇશ શું ? મ્હારા ઘરમાં તો ઝેર ખાવા જેટલી ફૂટી બદામ નથી? ઘરવાળાને ભાડું ક્યાંથી આપીશ! મ્હારાં તો હાંલ્લાં અને લાકડાં બે વેચાશે ? ને હું મોદીને શું આપીશ ને બાયડી ખોળવા સરકારમાં શું આપીશ !–ઓ ચાંદાભાઇ, હું તો અહીંઆંજ મરીશ."

ઘણું સમજાવ્યો પણ અર્થદાસ ઉઠયો નહિ. આખરે આંખો ફાડી, રોઇ બોલ્યો: "હું તો હવે ફાંસો ખાઈ મરવાનો: દૈવે મને બ્રાહ્મણ પણ ન ઘડ્યો કે લોટ માગી પેટ ભરૂં. મ્હારા પેટમાં તો ગુંચળાં વળે છે–ઉઠાતુંએ નથી, બોલાતુંએ નથી. ઓ ચાંદાભાઇ ?– અબબબબ!–જીભ અટકી હોય તેમ

અર્થદાસ લાંબો થઇ સૂઈ ગયો, આંખો ચગાવવા લાગ્યો, ને મ્હોંમાંથી ફીણના પરપોટા કહાડવા લાગ્યો.

સરસ્વતીચંદ્રને અત્યંત દયા આવી ને વિચારવશ થઈ ગળગળો થઇ ગયો, “ ઓ ઇશ્વર, હું બિચારાને દુઃખથી છોડાવવા શું કરૂં ? આના દુઃખમાં મારી ભૂખ છો મરી ગઇ. આને સ્ત્રીનું દુઃખ નથી પણ પૈસાનું દુઃખ છે. એનું દુઃખ ભાગવા જેટલો તો પૈસો મારી પાસે હતો, તે મ્હેં છોડયો. દ્રવ્યનો આવા પ્રસંગે ઉપયોગ હશે તેનું મને ભાન ન રહ્યું. આને ઇશ્વરે વિદ્યા આપી નથી-ગર્ભશ્રીમંત પણ નથી. મારી ગર્ભશ્રીમત્તા ઉપર ધૂળ વળી ! આનું ઔષધ દ્રવ્ય, તે હું ક્યાંથી આપું ? દ્રવ્ય છોડયું ન હત તો આ પ્રસંગ ન આવત.” વળી અર્થદાસના સામું જોઇને શાંત પડી વિચાર્યું, “ દ્રવ્ય છોડયું ન હત, તો અર્થદાસના દુઃખ જેવાં દુઃખ લોકોને પડતાં હશે તે હું કેમ જાણત ? ”

શાન્તિએ સ્મરણને સ્ફૂરવા દીધું અને પોતાની જનોઇએ બાંધેલી મણિમુદ્રા સાંભરી આવી. સાંભરી આવતાં મુખ પર આનંદ અને ઉત્સાહ દીપવા લાગ્યાં; “ હા ! આના ઉદ્ધારનો માર્ગ સૂઝયો. ” મણિમુદ્રા છોડી હાથમાં લઈ તે પર જોઈ રહ્યો. “ મણિમુદ્રા ! કુમુદસુંદરીની લલિત આંગળીએ વસવા-તેના ચિત્તને આનંદ આપવા મ્હેં તને આટલા મોહથી ઘડાવી હતી ! તે સર્વ હવે વ્યર્થ ગયું. આ દીન વણિકને આનંદનું સાધન તું હવે થા !

આ ક્ષિતિજરેખા ઉપર સૂર્યમંડળ શોભે છે તેમ તું કુમુદની આંગળી ઉપર દીપત ! સૂર્ય હમણાં ક્ષિતિજથી ભ્રષ્ટ થશે !-હું અને તું કુમુદથી ભ્રષ્ટ થયાં ? તું હજી ગરીબનું ઘર ઉઘાડશે !-એ ત્હારૂં ભાગ્ય !-પણ ક્યાં કુમુદ અને ક્યાં આ વણિક ? પણ હું તો ત્હારા યોગ્ય નથી; દુષ્ટને છોડી ગરીબનું ઉઘાડ ! મણિમુદ્રા, લક્ષ્મીના છેલ્લા અવશેષ ! પ્રિય કુમુદની સ્મારક, એકલી એક મ્હારી જોડે રહેલી છેલ્લી બ્હેન ! મ્હારા પિતાના વૈભવના છેલ્લા પ્રસાદ ! પ્રિય કુમુદના આજ ચિરાઇ જતા અંતઃકરણમાં રસળતો મ્હારો દુષ્ટ હાથ ત્હારે યોગ્ય નથી ! મ્હારૂં જનોઇ ભ્રષ્ટ છે-મ્હારૂં શરીર દુરાત્માનું ઘર છે ! મણિમુદ્રા ? લક્ષ્મીના છેલ્લા અવશેષ ? પ્રિયતમ પિતાના

વૈભવના છેલ્લા પ્રસાદ ? પ્રિયતમ કુમુદની પ્રિયતમ બ્હેન ! મ્હારા સ્નેહની સ્મશાનવિભૂતિ ! મ્હારા આંસુથી કલંકિત કર્યા સિવાય તને તજું છું ! જા ! ગરીબનું ઘર દીપાવ !

સરસ્વતીચંદ્ર અર્થદાસ પાસે બેઠો-તેની આંગળીએ મુદ્રા પ્હેરાવી; અને ભૂખથી, દુ:ખથી, વિરહથી નબળો પડેલો વિકલ અને ગદ્દગદ્દ બનતો તરુણ ઢળી પડયો.

સરસ્વતીચંદ્રને બહારવટીઓ કલ્પતો, ઘડીકમાં તેને રત્નનગરીની પોલિસને વશ કરવાની યુક્તિ શોધતો, ઘડીકમાં તેની પાસેથી છુટો થવા ઇચ્છતો અને આખરે છેલ્લી ઇચ્છાને વશ થતો અર્થદાસ નિર્ધનતા અને દુ:ખના ઢોંગ લઈ પડયો હતો, તે એવું ધારીને કે એને નિર્માલ્ય ગણી બહારવટીઓ પોતાની મેળે પોતાને રસ્તે પડે. તેમ કરતાં નવું નાટક નીકળ્યું. ચગાવેલી દેખાતી આંખો વડે તે મુદ્રા જોઈ, તે મુદ્રામણિની પરીક્ષા કરી, નજર આગળનો દેખાવ સમજ્યો નહિ, અને મુદ્રા આંગળીમાં બેઠી અને સરસ્વતીચંદ્ર ઢળી પડયો કે એકદમ વીજળીની ત્વરાથી ઉભો થઇ ચોરચિત્તવાળો પોતાને સમયસૂચક ગણતો પાછું જોયા વગર અને વિચાર કરવા ઉભા રહ્યા વગર મુઠ્ઠી વાળી નાઠો.

ગોવર્દ્ધનરામ માધવરામ ત્રિપાઠી.

વિસલની ચઢાઈ.

આ પ્રમાણે કલ્યાણકારી શકુનયાળ ચિન્હથી વિસળના રાજ્યનો પ્રારંભ થયો, પણ તેની ચડતી કળા પછવાડેથી વધારે ઘેરાઇ ગઇ, અને ચંદ બારોટ કહે છે, કે એને ગાદી ઉપરથી ઉઠાડી મેલ્યો હતો. તેનું કારણ દેખીતું છે, તે એ કે તેની એક રાણી પરમાર પુત્રી હતી, તે એકલીના ઉપરજ તે સર્વ રાણીઓ કરતાં વિશેષ મોહિત થઈ ગયો હતો, એથી બીજી રાણીઓ અને તેમનાં સગાંવહાલાંઓને અદેખાઇ ઉપજી; તો પણ શિવના આશ્રયથી તેને તેની સત્તા પાછી મળી, ત્યાર પછી તેનો ઉપભોગ તેણે ત્રાસદાયક રીતે કરવા માંડયો. તેમાં મુખ્યત્વે કરીને તે નિર્મર્યાદ કામને વશ થઇ ગયો, ને એની પ્રજા દેશ છોડીને ટોળે મળી ઉચાળા ભરી જવાને તૈયાર થઇ.

નગરવાસી લોકો ટોળેટોળાં મળીને પ્રધાનને ઘેર ગયા, અને કહેવા લાગ્યા: 'સ્ત્રી અને પુરુષ ઉપર સંકટ ગુજરે છે, માટે અમે અહીં રહીશું નહિ, અને ક્રોધના માર્યા જતા રહીશું. ઉકળેલા લોકોને પ્રધાને ધીમા પાડયા. તેમનામાંથી જે મુખ્ય હતા તેઓને અને રાણીઓને લઇને સર્વ વાજું રાજા પાસે આવ્યું. તેઓ કહેવા લાગ્યા કે ભૂમિનું રક્ષણ કરવા રાજાએ બહાર ફરતા રહેવું. ભૂતળમાં ઘણા રાજાઓ છે. એવા કાંટાનો નાશ કરવા અધિરાજાએ આક્રમણ કરીને તેઓનાં નગર અને પ્રાન્ત સ્વાધીન કરી લેવા જોઈએ. તેમના કહેવાનો ભાવાર્થ રાજા સમજ્યો. તે બોલ્યોઃ—" મારામાં જે ભડકો ઉઠયો છે તે તમને દઝાડશે. વારૂ, તમે કહો છો તે પ્રમાણે હું કરીશ; હું કીરપાળને તેડવા મોકલું છું ને જે જે દેશ જવાને તમને ઘટિત લાગતું હોય તે તે દેશ હું ઘોડે ચડીને તમારી સાથે આવું છું.

પછી તેણે પોતાના સર્વ મંત્રીઓને આજ્ઞા આપી, અને કીરપાળને તેડું મોકલ્યું. તે સાંભરથી અજમેર નગરમાં આવ્યો. આવીને રાજાના ચરણનો તેણે સ્પર્શ કર્યો. નજરાણામાં એક તલવાર લાવીને મૂકી. તેની મૂઠ અને મિણીયું રત્નજડિત હતાં. રાજાએ તેને કેડે બાંધી. મુહૂર્ત્ત વર્ત્યું; રાજા બોલ્યો—સારૂં મુહૂર્ત આવ્યું તે પ્રમાણે નવખંડ પૃથ્વીમાં હું મારી તલવાર ચલાવીશ, અને આખું જગત હું મારે સ્વાધીન કરી લઇશ. મેરૂના જેવા અચલ રાજાઓ હશે તો પણ હું તેઓને ખંડીઆ કરી દઇશ. અરે! કીરપાળ! મારૂં કહ્યું સાંભળ. ખજાનો લઈ ને મારી સાથે ચાલ; વિસલ સરોવરે આપણે તંબુ ઠોકવો."

દશે દિશાએ તેણે તેડાં મોકલ્યાં કે બધાએ આવીને મને અજમેર મળવું. મહાન્ શ્રી પરિહાર આવીને તેના વાવટાને મળ્યો; મંદોસરના ધણીએ આવીને તેનો ચરણસ્પર્શ કર્યો, બધા ગહિલાટ (ઘેલોટી) મેળાને માથે થઈ આવ્યા. રામગોર, તુંવર, પાવાનો ધણી, મેવાડનો રાજા મહેશ, દુનાપુરનો મોહિલ પોતાના સાથ સહિત આવ્યા. બલોચ પણ પોતાનું પાયદળ લઇને આવ્યો સિંધનો રાજા નાસીને સિંધ જતો રહ્યો. ભટનેરના રાજાએ નજરાણો મોકલ્યો.

મુલતાન સુધીના રાજાઓ તેને આવી મળ્યા. જેસલમેર આજ્ઞા પહોંચી. બધા મોટા ભૂમીયા તાબેજ હતા; યાદવ, વાઘેલા, મોરી, મહાન ગુર્જર, સર્વેએ તેના તેડાનું પણ રાખ્યું. અંતરવેદમાંથી ફુરંતા આવ્યો. બધા મ્હેરે તાબે થઈ તેનો ચરણસ્પર્શ કર્યો. જેતસિંગ આશા માથે ચડાવી નીકળ્યો. તે સાથે તચીપુરના રાજાને લેતો આવ્યો. ઘણા પરમાર ઘોડે ચડયા; દોર તેની પાછળ ચાલવા આવ્યા; ચંડેલ, દાહીમ, એઓએ તેની પૂજા કરી, તરવાર ધુમાવીને સર્વે ભૂમીયાને સ્વાધીન કરી લીધા.

કોઇ સોલંકી માન આપવા આવ્યા નહિ; તેઓ કઠણાશથી તરવાર પકડી આઘા રહ્યા. આવું જોઇને જેતસી ગોલવાલ બોલ્યો: અજમેરમાં આપણાં ઘર અને નગરને સાચવવા થોડી ફોજ મૂકી આપણે ચાલો. ચાલુક્ય બચી જવાનો નથી. કૂચ ઉપર કૂચ કરતા યોદ્ધાઓ ચાલ્યા પર્વતને રસ્તે; રાજા પોતાનો પહેલો ઘા સોલંકી ઉપર કરવાને ચાલ્યો. ઘણા કિલ્લા તેણે જમીનદોસ્ત કરી નાખ્યા. તેણે ઝાભોર લીધું અને તેનો કોટ તોડી નાખ્યો; પહાડોમાં અને જંગલોમાં શત્રુઓ નાસી ગયા. આબુ ઉપર ચડી તેણે અચળેશ્વર જોયા; વાગડ તેણે તાબે કરી લીધું, સોરઠ જે ગીરનારની ભૂમિ ત્યાંથી એને માન મળ્યું અને ખંડણી મળી-લડાઈ મળી નહિ.

ગુજરાત જે સિતેર નગરની ભૂમિ હતી તેમાં ચાલુક્યરાવ બાલુક યોદ્ધો હતો. સમાચાર સાંભળીને બાલુક ઘોડે ચડી આવ્યો; શિવ અને દુર્ગાની તેણે પૂજા કરી. પોતાને ખભે તેણે ભાલો મૂક્યો. તેની સાથે ત્રીસ હજાર ઘોડેસવાર હતા; સિત્તેર મદ ઝરતા હાથીઓ હતા. બે ગાઉને છેટે તેણે છાવણી નાખી. ચોહાણે ધુંધાટ સાંભળ્યો. ચાલુક્યરાવના ધપવાનો ધુંધાટ રાજા વિસલે સાંભળ્યો. રણઘોડો મંગાવીને તે અશ્વાર થયો. રાજ્યડંકો ગજાવ્યો. સેનાને ક્રમમાં ગોઠવી તે આગળ ચાલ્યો. વર્ષાઋતુમાં જેમ તમરાં અવાજ કરે છે તેવું દેખાવા લાગ્યું; ઢાલો ચકચકવા લાગી, ભાલા ઝળકારા દેવા લાગ્યા. યોદ્ધાઓને મન આનંદ હતો, કાયરને મન કષ્ટ હતું. ચાલુક્યની ભૂમિનો નાશ કરી દરિયાની ભરતીની પેઠે સેના આગળ ધસી. રસ્તે જતાં નગર, શહેર અને ગામડાં જે આવે તે લૂંટતા ગયા.

ચાલુક્યે સમાચાર સાંભળ્યા એટલે ધુંધવાઇને જેમ ભડકો થાય છે તેમ ધુંધવાઇને તે સાવચેત થયો. બાલુક્યરાય ચાલુક્ય યોદ્ધો, પાણી મંગાવીને ન્હાયો; વિષ્ણુનું ચરણામૃત લીધું. હારને ગળામાં પહેરી લીધા અને બોલ્યો, જે **अथ साधयामि वा देहं पातयामि** (આજે હું જય પામવા કે મરવા જાઉં છું.) જો હું નાસું તો મારા કુળની લાજ જાય. આખી ભૂમિમાં કોઈ યોદ્ધો નથીજ, કે હથિયારથી હરકત થયા વિના વિસલ ચાલ્યો જાય છે ?

શ્રીકંઠ બારોટને શત્રુ પાસે મોકલ્યો. તે વિસળદેવ ચોહાણુને જઈ મળ્યો. હાથ ઉંચા કરી તેણે આશીર્વાદ દીધો. બાલુકરાયની હીલચાલ વિષે તેણે તેને કહ્યું: તમારે જે કરવાનું છે તે રાજા સાથે કરવાનું છે; રૈયતની સાથે તમારે શું કામછે ? તમે તેમને બહુ હાનિ કરી છે. કોઇ હિન્દુ રાજા એવું કરે નહિ. રૈયતને દુઃખ દેતો બંધ થા અને ઘેર પાછો જા. અજમેર જઈ પહોંચ અને ત્યાં રાજ્ય કર. બાલુક રાજાએ કહ્યું કે ' હું ક્ષત્રિય જાતીનો છું, લડાઈ ચલાવવાનો મારો ધર્મ છે, નાસવું એ મને દુઃખદાયક છે, પણ મોતનો દિવસ તો મારો ઉત્સવનો દહાડો છે; મારી આસપાસ સામંતો છે તે કુલિન જાતના છે. અમે તમારાથી પાછા હઠવાના નથી; જો તને એમ પરવડે નહિ તો પાછો જા ને લડાઈ કરવી છોડી દે. રણક્ષેત્રમાં સામો થઈશ નહિ. ચોહાણુને એવો નિરોપ પહોંચ્યો એટલે તેણે રાજ્યડંકો વગડાવ્યો. ઘોડા અને હાથીઓ ઉપર સામાન સજાવ્યો. યોદ્ધાઓએ હથિયાર ધારણ કર્યાં. બન્ને સેના પાસે પાસે આવી ગઇ. તે દરિયાનાં મોજાંની પેઠે શિખર નમાવતી દેખાવા લાગી. ચોહાણે ચક્રાવો રચાવ્યો, અને બોલ્યો:-હવે આપણે જોઇએ છીએ કે બાલુકરાય અભિમન્યુની પેઠે કેવો ભાંગે છે. જેવો લેખ લખ્યો હશે તેવું નીપજશે.

બન્ને સેના મળી, યોદ્ધાઓ પોતાના મિત્રોને કહેવા લાગ્યા-'ભાઇઓ ! મારો, મારો ! ' તેઓ લડયા અને એકબીજાને કતલ કર્યા. ચાલુક્યની સેના પાછી હઠી; બાલુકરાય તેઓની ઓથે આવી પહોંચ્યો. ગાઢ વ્યૂહ તેણે હલાવ્યો. પરિહાર અને ગહિલોટે પૂઠ બતાવી. પરિહાર તુંવરના ઠેકાણા ભણી દોડયો; ગાઢ વ્યૂહ તૂટયો, અને એકઠો લોચો વળી ગયો. આ વેળાએ ખંધર અને બલોચ શૌર્ય રાખી કંઈ ગણકાર્યા વિના બાલુક સામા થયા.

યોદ્ધાઓના ડગલા જેમ તેઓ હોળી રમ્યા હોય તેમ લાલ રંગાયા; તેઓ લોહીલોહાણ થઈ ગયા. વસંત ઋતુમાં જેમ પાલાશ (કેસુડા) નું ઝાડ લાલ ફૂલથી છવાઈ જાય છે, તેમ હાથીઓ લોહી વહેતા ચળકતા દેખાયા. બાલુક અને વિસલ એક બીજાને દેખાવા લાગ્યા. તે જાણે સૂર્યના સામા થવાથી ચંદ્ર ઝાંખો દેખાય છે તેમ દેખાવા લાગ્યું. ચાલુક્ય ઘોડે ચડેલો હતો, ચોહાણ હાથી ઉપર બેઠો હતો; બન્ને રાજાઓ ભયંકર લડાઈ લડ્યા. બાલુંક જઈને જ્યારે પોતાના ઘોડાને હાથીના દંતુશળે ભઝાડ્યો, ત્યારે એક બીજાનાં હથિયાર ભેગાં અથડાયાં. રાત્રિ પડી એટલે યોદ્ધાઓ છુડા પડ્યા; તેઓ પોતપોતાની છાવણીમાં ગયા અને ધાયલ થએલાની સારવાર કરવા લાગ્યા. બીજે દહાડે સવારમાં ચાલુક્યના મંત્રીઓ ભેગા થઇને આવ્યા અને તેમનો રાજા જાણે નહિ એમ ચોહાણને નિરોપ મોકલ્યો. પાવાનો ધણી આ સાંભળીને રાજા પાસે ગયો, તેણે કિરપાળને બોલાવ્યો. ચાલુક્યના મંત્રીઓ તેઓને મળવા ગયા; તેઓ બોલ્યા; જે જે માગો તે તે લાવીને તમારે પગે મૂકીએ. રાજાએ પ્રત્યુત્તર આપ્યું; "સાંભળો, અહીં હું ઓધણ રાખી જાઉં છું; એક માસ પછી હું અહીં નગર બાંધીશ–આ માન્ય કરો અને ભેટ લઇ આવજો." આ પ્રમાણે કોલકરાર થયા. ચોહાણ રણક્ષેત્ર જીત્યો–ચાલુક્ય ધાયલ થયો હતો. વિસલનગર સ્થાપીને વિસલ પાછો ઘેર ગયો.

રાસમાળા.

સંયમ.

આ જગત્માં જેટલું દુઃખ છે તેનો લગભગ પોણો ભાગ માણસોએ પોતાના મન ઉપર થોડોક અંકુશ ન રાખવાથી પેદા કરેલો છે. જો માણસો પોતાના મન, શરીર અને વાણી ઉપર અંકુશ રાખતાં હોય તો તેમને જે સુખ પેદા થાય તેનું વર્ણન કરવું પણ અશક્ય છે. માણસને અનેક પ્રકારની ઇચ્છાઓ અને આશાઓ પેદા થાય છે, પણ તેમાં તેને એટલો વિચાર થતો

નથી કે એમાંની કેટલી પાર પડે તેવી છે, ને તે પાર પડે તેવી હોય તેમાંથી પણ પોતાને કેટલી પ્રાપ્ત કરવાનો હક છે. આ બે વાતોનો નિશ્ચય થયા પછી પણ જે યોગ્ય ઇચ્છા કે આશા જણાય તે સફળ થશેજ એવો કાંઈ નિશ્ચય નથી, એટલે તેને માટે ગાંડા થઈ જવું કે તે ન થઇ શકે તો ગમે તેવે માર્ગે ચઢી જવું એ અનેક પ્રકારની ગુંચવણોનું અને અનેક દુઃખનું કારણ છે. આપણને જે યોગ્ય હોય તેજ ઇચ્છવું એ ઠેકાણે મન ઉપર અંકુશ રાખવાની જેટલી અગત્ય છે તેટલીજ ઇચ્છેલી વસ્તુ પ્રાપ્ત ન થાય તે સમયે પણ રાખવાની છે: પણ આ ઉપરાંત ઘણાંકને કોઇ એકાદ એવી ટેવ પડેલી હોય છે કે જેને સંતોષ્યા વિના તેમને ચેન પડતું નથી. આવી એક ટેવ કદાપિ નિર્દોષ જેવી જણાતી હોય તો પણ તેમાંથી બીજી અનેક પેદા થાય છે, ને છેવટે ઘણી હાનિ ઉપજાવે છે. માણસે એવા રહેવું જોઈએ કે કશાને પણ આધીન થઈ જવાયું હોય નહિ. ફલાણા વિના ચાલશેજ નહિ એમ હોય નહિ, નિરંતર બીજાની વાહવાહ કે શાબાશી સાંભળવાની ઉમેદ કરતાં આપણા પોતાનાજ અંતઃકરણની શાન્તિ સાચવવાનો માર્ગ સાધ્યો હોય તો વધારેમાં વધારે સુખ ઉપજે છે. એટલા માટે આપણને આપણા મન ઉપર ઘણામાં ઘણો સંયમ રાખવાની અપેક્ષા છે. એક વિદ્વાને કહ્યું છે કે જગત્માં સુખ છે તે કોઈ વસ્તુમાં રહેલું નથી, કેવલ પોતાના સંતોષમાંજ રહેલું છે; કેમકે જગત્ના જેટલા જેટલા પદાર્થ છે તેનો એવોજ સ્વભાવ છે એકને પામ્યાથી બીજાને પામવાની ઇચ્છા થાય છે. બીજાથી ત્રીજાની થાય છે ને એમ કંઈ છેડો આવતો નથી. જેને થોડામાં થોડી તૃષ્ણા છે એટલે જે ઘણામાં ઘણો સંતોષી છે તેજ સુખી છે. આવો સંતોષ સંયમ વિના પેદા થતો નથી. આપણે જે સ્થિતિમાં હોઇએ તે સ્થિતિમાં સારામાં સારા કહેવાઇએ તેવા થવાને નિરંતર પ્રયત્ન કરવો. પણ મનને કોઇ અયોગ્ય વાસનાની પાછળ ભમતાં અટકાવવા માટે નિરંતર સંયમનો અભ્યાસ રાખવો. નાના વિષયોમાં પણ સંયમ રાખવાની જરૂર છે એટલુંજ નહિ, પણ વિચારોમાં પણ સંયમ રાખવાની જરૂર છે; કેમકે અયોગ્ય વિચાર, આજ નહિ તો કાલે પણ અયોગ્ય કામ ઉપજાવ્યા વિના રહેતા નથી.

મન ઉપર સંયમ રાખવાની સાથેજ શરીર ઉપર પણ સંયમ રાખવાની અપેક્ષા છે. ઘણાંકને આપણે એમ બોલતા સાંભળીએ છીએ કે અમારા મનમાં તો આમ હતું, પણ આમ થઇ ગયું. આ બોલવું માત્ર પોતાની જાતને તેમ સામાને ઠગવા માટેજ બોળી કાઢેલું છે. મનમાં જો નિશ્ચય હોય તો શરીર કોઈ દિવસ પોતાની મેળે તેથી અવળું ચાલી શકતું નથી. ઉલટું એમ તો કોઈ વાર થાય છે કે મનમાં કોઇ વિચાર નઠારો થયો હોય પણ શરીરને તે પ્રમાણે ચાલવા ન દીધું હોય તો તે વિચાર નાશ પામી શકે છે. મનનો નિશ્ચય એજ શરીરને પણ ચલાવવાને સમર્થ છે, પણ સંયમથી એટલુંજ કરવાનું છે કે મનના અંકુશમાંથી શરીરને કદાપિ ખસવા દેવું નહિ. ઘણાક એમ સમજે છે કે શરીરના નિર્દોષ ઉપભોગથી સંયમમાં ભંગ થતો નથી, પણ શરીરને ઉપભોગ વિનાના લાલનપાલનથી આળસની ને અયોગ્ય નરમાશની ટેવ પડે છે, તેથી તે મનના તાબામાંથી પણ નીકળી જવાનું ધીમે ધીમે શીખે છે, માટે નાની મોટી સર્વ વાતમાં શરીરને પણ યોગ્ય રીતે અંકુશમાં રાખતાં શીખવું. શરીરની જુદી જુદી ઇન્દ્રિયો ઘણીક વાર પોતપોતાના વિષયમાં એવી બહેકી જાય છે કે પરિણામે બહુ દુઃખ અને અપયશ વહોરી લાવે છે. નેત્ર, શ્રવણ, આદિ ઇન્દ્રિયોને જે સ્વાદ પડે છે તેથી તે લોભાઈને ગમે તેવે માર્ગે ચઢી જાય, પણ એવા અસંયત આચરણથી વિનાશજ નીપજે છે.

મણિલાલ નભુભાઇ દ્વિવેદી.

શાન્તિ.

" જુઓ, તમારી ચારે પાસ નજર કરો. સૂર્ય ઊગે છે, આથમે છે: દિવસ આવે છે, રાત પડે છે; પવન વાય છે, શીતલતા વિસ્તારે છે. ઋતુઓ એક પછી એક આવે છે. ટાઢ, તાપ, વૃષ્ટિ, એમ આવી પૃથ્વીનું પોષણ કરે છે. વૃક્ષો પોતાને કાલે ફળ આપે છે; ખેતરો સમયે સમયે અન્ન પૂરું પાડે છે. આમ આખી પૃથ્વી ઉપર વિશ્વની રચના ચાલ્યાં જાય છે. એક પૃથ્વીના

ગોલને મૂકીને બીજી અનેક પૃથ્વીઓ તારા, નક્ષત્ર, ગ્રહ, ઇત્યાદિ રૂપે નજરે પડે છે તેના ઉપર જુઓ, તો તે પણ એક એકના આશ્રયથી પોતપોતાના સ્થાનમાં રહી પોતપોતાનાં કામ કરતાં જણાશે. બહારની સૃષ્ટિને મૂકી તમારા શરીરની અંદરની સૃષ્ટિ જુઓ. તેમાં એક પળ વાર પણ અટક્યા વિના શ્વાસ ચાલ્યાં જાય છે, લોહી ફર્યાં જાય છે, અન્ન પચ્યાં જાય છે, ને એ ત્રણ અન્યોન્યને મદદ કરે છે, અને એમ શરીરનાં તત્ત્વો બંધાતાં ચાલે છે. આ પ્રમાણે જે ઘટના બહાર અને અંદર સર્વત્ર વ્યાપી છે, તે કેવી નિયમિત છે, કેવી એકએક જોડે સંબંધવાળી છે, છતાં કેવી શાન્તિથી અમુક રીતે ચાલ્યાંજ જાય છે. એ નિયમ અને સંબંધ તેમાં એક તલપૂર અંતર થાય એમ ધારો, તો શું પરિણામ થાય! પવન વાતો બંધ થઇ જાય કે શરીરમાં લોહી ફરતું બંધ થઇ જાય, તો જેમ એક પાસ આખા વિશ્વની રચના ભાગી પડે, તેમ બીજી પાસ એકે એક જીવ પણ મરી જાય. એનું સાધારણ ઉદાહરણ જોઇએ તો એજ છે કે આપણને જે જે રોગ થાય છે, તે એ ચાલતા નિયમમાં આપણે કાંઈક અવ્યવસ્થા કરી હોય તેને સુધારી લેવા માટેજ થાય છે; બહારના વિશ્વમાં જે અનિયમિત બનાવો બને છે તે પણ તેવાજ હેતુવાળા છે; આપણાં દુઃખ પણ સુખ માટે છે.

આખા જગતની આવી રચના અનેક નિયમોથી યથાર્થ ચાલી જાય છે. તેનો ખડખડાટ કે ગડબડાટ કોઇ સાંભળતું નથી. પણ એ નિયમ આગળ પોતે કેવો તુચ્છ, કેવો હલકો, કેવો લાજ ભરેલો વ્યવહાર પાળે છે! જગતના નિયમથી ઉલટું ચાલવા જાય છે ! બે માણસ ભેગાં થયાં કે તરત કાંઇને કાંઇ વિરોધ ઉઠવાનો, કાંઇને કાંઇ કલહનું કારણ જડવાનું ને એમાંથી એવો કોલાહલ થવાનો કે જે બધા ગામને જાણ થાય. માણસો જે જે દુઃખના ભોગ થઇ પડયા છે, જે જે કષ્ટ વેઠે છે, ને બધાં પરસ્પર સંબંધ બગાડવામાંથી પેદા થયાં છે. આપણે હમણાંજ જોયું કે જે નિયમથી આખા વિશ્વની રચના શાન્તિએ ચાલે છે, તે શાન્તિમાં જરા પણ વિઘ્ન પડે તો આખું વિશ્વ ભાગી પડવાની વેળા આવે છે; તો માણસો જ્યારે પરસ્પરમાં શાન્તિ સાચવે નહિ, પરસ્પર દ્વેષ અને કુસુંપ તથા ઇર્ષાથી શાંતિનો ભંગ

કરે, ત્યારે તેવાં માણસ જે ઘરમાં, જે કુટુંબમાં, જે ગામમાં કે જે દેશમાં હોય તે ઘર, તે કુટુંબ, તે ગામ, કે તે દેશ, વિનાશ પામે એમાં આશ્ચર્ય નથી. માણસનો સ્વભાવ એવો છે કે તે એકલું રહી શકતું નથી. તેને એકલાં ગમતું નથી એટલુંજ નહિ, પણ તેના શરીરનું અને મનનું બંધારણ એવું છે, કે તેને જે જે અપેક્ષા થાય છે, તે તે પોતે એકલુંજ પૂરી કરી શકતું નથી. પોતાને ખાવા, પીવા, ઓઢવા, પહેરવા જે જે વસ્તુઓ જોઇએ, અને તે વસ્તુઓ મેળવવા માટેનાં જે જે જુદા જુદા પ્રકારનાં સાધન જોઇએ, તે બધું એકલું એકજ માણસ મેળવી શકતું નથી. પશુપક્ષી તો ઠીકજ છે, કે તેમનાં શરીરની સંભાળ ટાઢતડકા વખતે કુદરત પોતેજ રાખે છે. તેમના પેટને માટે પણ ફળ, ફૂલ સર્વત્ર પેદા કરે છે; પણ માણસને એમ નથી. એને તો ટાઢમાં ઓઢવાનું જોઇએ છીએ, વરસાદમાં ઢાંકણ જોઇએ છીએ, પેટને માટે અમુક પ્રકારનું ભોજન જોઇએ છીએ, આટલું તો તેને જે ઉપયોગ કે આરામની ઇચ્છાઓ થાય છે ને જેને પૂરી કરવા માટે કરોડો માણસોને કામે લગાડતાં પણ છેડો આવતો નથી, તે લક્ષમાં લઇએ ત્યારે તો માણસ શું નથી માગતું, ને તેને શું નથી જોઇતું, એ કહી શકાતું નથી. પશુપક્ષી એવા ઉપભોગ કે આરામ કાંઇ જાણતાં નથી. આવો વિચાર કરતાં સમજાય છે કે માણસ પોતે એકલું આમાંનું કશું કરી શકે એમ નથી. પોતાને જેના વિના ચાલે નહિ તેવી વસ્તુઓ પણ પેદા કરી શકે તેમ નથી. પણ આવી કેવલ શરીરનીજ રચના કરતાં જ્યારે માણસના મનનું બંધારણ જોઇએ ત્યારે એમજ જણાય છે કે તેનાથી એકલાં રહી શકાતુંજ નથી. તેને સર્વદા પોતાની જાતના કોઈ પણ જીવની સોબતની અપેક્ષા રહે છે, ને ઘણું કરીને પોતાની પ્રતિજાતિનો સહવાસ તેને બહુ અનુકૂળ ને આનંદકારક લાગે છે. આમ સ્પષ્ટ જણાય છે કે માણસોને પોતાના શરીરની તેમ મનની શાન્તિને માટે પોતાના કરતાં બીજાના ઉપર આધાર રાખવોજ પડે છે. જ્યારે આવું છે ત્યારે એ શાન્તિમાં જરા પણ વિક્ષેપ પડે તો એને અત્યંત દુઃખ પેદા થાય એ પણ સમજવું કઠિન નથી. પરસ્પર શાન્તિથીજ વર્તવામાં માણસને શરીર અને મનનું સુખ મળે છે: બહારથી સુખ મળે છે એટલુંજ નહિ, પણ

પોતાના અંતઃકરણમાં પણ સર્વ પ્રકારનો સંતોષ પેદા થાય છે. માણસે જેમ બને તેમ શાંતિ સાચવવી એ તેના શરીરનો, મનનો, સ્વભાવનો નિયમ છે. શાન્તિ ન સાચવવાથી તેને શરીરમાં, મનમાં, સ્વભાવમાં સર્વત્ર પીડા થાય છે, રોગ થાય છે, ક્લેષ થાય છે, અસંતોષ વધે છે, ને એ સર્વને લીધે એક પણ સંબંધ ગમતો નથી, કોઈ પણ તેની પાસે રહેતું નથી, તેને કોઇ સહાય થતું નથી, એમ પોતાને તેમ જગતને હાનિ થાય છે.

મણિલાલ નભુભાઇ દ્વિવેદી.

સાહિત્ય સાથે પ્રજાનો ઘાડો સંબંધ.

[રા. અરદેશર ફરામજી ખબરદાર આ જમાનાના મોટા કવિ છે. તેમણે દલપત–શૈલીથી કાવ્યો લખવાની શરૂઆત કરી અને ઉત્તરોત્તર તેમનાં કાવ્યો ચઢતી કોટિનાં થવા લાગ્યાં, અને સાહિત્યમાં તેમને ઉચ્ચ સ્થાન મળ્યું. તે પારસી હોવા છતાં શુદ્ધ ગુજરાતી ઉપર સારો કાબુ ધરાવે છે. તેમનો ભાષાપ્રેમ સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ્‌ના સાહિત્ય વિભાગના પ્રમુખપદેથી તેમણે આપેલા ભાષણમાં સારી રીતે માલમ પડે છે. તે ભાષણમાંથી નીચેના ફકરા આપ્યા છે.]

સાહિત્યની આવી મહત્તા છે, તેનો આવો પ્રભાવ છે, તેનું આવું અમરત્વ છે. ક્ષણે ક્ષણે બદલાતી પ્રકૃતિનું અને પળે પળે મૃત્યુના મુખમાં હોમાતી માનવસૃષ્ટિનું એ નવજનક અમૃત છે. સાહિત્યની આવી મહત્તા જે જાણી શકે તેજ માનવજીવનની મહત્તા પિછાની શકે અને માનવજીવનમાં મહત્તા લાવી પણ શકે. જુદી જુદી પ્રજાઓની ઉન્નતિ કે અધોગતિ તે તે પ્રજાઓનાં સાહિત્યની ઉન્નતિ કે અધોગતિ સાથે પરસ્પર સંકળાયલી રહે છે. સાહિત્યની ઉન્નતિમાં પ્રજાજીવનનો ઉત્કર્ષ છે, અને પ્રજાજીવનના ઉત્કર્ષમાં સાહિત્યની ઉન્નતિ છે. પ્રજાપ્રજાઓના સમર્થ સાહિત્યગ્રંથો લો, તો તે ગ્રંથો ગ્રથિત થયા તે કાળમાં તે તે પ્રજાઓ સંસ્કૃતિની પરમ સ્થિતિમાં હતી એવું તરત પ્રત્યક્ષ થશે. સાહિત્યની ઉન્નતિ એટલે પ્રજાના મનોબળનાં પ્રખર દર્શન,

પ્રજાની પુણ્ય ભાવનાઓનું દેવમંદિર, પ્રજાની આત્મશક્તિના વિપુલ ધબકારા. કોઈ પણ પ્રજા સૂતેલી છે કે જાગતી છે, તે તેના સમકાલિન સાહિત્યની દશા ઓછેવત્તે અંશે જરૂર સ્પષ્ટ કરશે. પૃથ્વીનાં રાજ્ય કરતાં આત્માનાં મનોરાજ્ય વધારે વિશાળ અને વધારે બળવંતાં છે. પ્રજાની અધોગતિ એટલે એ મનોરાજ્યની અધોગતિ. “ નંદનવનના પ્રાસાદોની ટોચ ” પરથી સરી પડતો એ મનોરાજ્યનો વિજયધ્વજ જ્યારે પૃથ્વીની ધૂળમાં રગદોળાતો થાય છે, ત્યારે તેની સાથે એ વિજયધ્વજને ધારતી પ્રજા પણ ધૂળમાં હવાતીઆં મારે છે. જ્યાં સુધી એ વિજધ્વજને પોતાનાં હૃદય નીચોવીને તેના રંગથી એ પાછો ન રંગે, અને તેને પાછો સમર્થ હાથ ઝાલી વીરતાથી તેજ નંદનવનના અમર દ્રુમની ટોચે ચઢાવી ફરફરતો ન કરે, ત્યાં સુધી એ પ્રજાનું પ્રજા તરીકેનું જીવન અસ્તવ્યસ્તજ રહેવાનું. એને પરાઈ હાંસ્લી ધોવી પડશે, પારકાચુલા ફૂંકવા પડશે, ફેંકી દીધેલાં વસ્ત્રો ડીલે ચઢાવવાં પડશે, અરધા કરડીને નાખેલા ટૂકડા ખાવા પડશે, પરાયાં બાળકોનાં હાલરડાં ગાવાં પડશે, એના તનમનને ગુલામીનું સ્થાન લેવું પડશે, અને પવિત્ર ગંગોદકની અમૃતધારા નજર સામે વહેતિ જતી છતાં એના આત્માને જ્વાલામુખી પર્વતના જેવો ધગધગતો રહી આજુબાજુ અધોગતિનીજ અગ્નિધારા ઉડાવવી પડશે. પ્રજાનું જીવન એ પ્રજાના સાહિત્યભુવનનું નિવાસી છે. એ ભુવનની મરામત ચાલુ ના રાખે, એને વળગેલાં અને વળગતાં જાળાં હંમેશાં સાફ ના કરે, એની બારીઓ અને અટારીઓમાંથી રોજ રોજ નવ-પ્રકાશિત સૂર્યનાં પ્રાણપ્રેરક અને પ્રાણપૂરક કિરણો એના તમામ ઓરડાઓમાં પ્રફુલ્લપણે પ્રવેશવા ના દે, એની ભીંતો અને છતો પરના સોનાજડયા અને રત્નમઢયા કળાલેખનના ઝબકારા નવા નવા દૃષ્ટિકોણથી ના જોય, એનાં જુનાં રાચરચીલાંની “ પ્રાણસમાં સ્વજનના ’ જેવી વહાલથી સંભાળ રાખી યુગયુગના અને જમાના-જમાનાના નવા નવા સાજનો તેમાં ખુબીદાર ઉમેરો ના કરે, એ મહાભુવનમાં પ્રજાની ઉન્નતિ ઇચ્છનારા એ પ્રજાના રક્ષક પહેરેગીરો અને નેતાઓ પિતૃતર્પણની જેમ સાહિત્યતર્પણમાં પોતાના આત્મા ના સમર્પે અને એ પુણ્ય ભુવનને “ ગર જેવું મીઠું’ ગણી પ્રજા એને માટે ઘરઘેલી ના બને, તો

એ પ્રજાજીવનને વિશાળ આકાશની હેઠે કાળના સખત તડકામાં તપીને વિલાવું પડશે, અને વાયુનાં ધમસાણોમાં કે વરસાદની રેલમરેલામાં તણાઈ જઇ કદી પૃથ્વીથી પણ તેને જડમૂળથી ઉખડી જવું પડશે. એ સાહિત્યભુવનો જેનાં જેનાં ભાગી ગયાં કે તેનાં ખંડિયેર થયાં કે અવશેષમાં માત્ર તેને ઝાંખી સ્મૃતિજ રહી, તે તે પ્રજાનું પણ પૃથ્વીમાં માત્ર નામજ અવશેષમાં રહ્યું છે, માટે પ્રજાજીવનની પ્રતિકૃતિ તેના સાહિત્યમાં છે, તેમ સાહિત્યની પ્રતિકૃતિ તેને પોષનાર પ્રજાના હૃદયબળમાં છે. પ્રજાજીવનમાં જેમ જેમ ચેતન આવતું જાય, તેમ તેમ તેનું સાહિત્ય પણ નવચેતનવંતું થતું જાય છે. પ્રજા માત્ર ઉદરનિર્વાહના પશુકાર્યમાંજ ગુંથાઇ રહે, પ્રજા માત્ર એશઆરામમાંજ મશ્ગુલ રહે, પ્રજા માત્ર સરસ્વતીનું સેવન લક્ષ્મીના રંગભુવનના દ્વારમાં પેસવા પુરતુંજ કરે અને પ્રજા માત્ર પૂર્વજોએ સંચિત કીધેલા સાહિત્ય ભંડારની કીર્તિની વાતો કરવામાંજ ગર્વ અને ગૌરવ માને, કે એ સાહિત્યભંડાર પર તાળાં મારી તેમાં પોતાના પરાક્રમની મુઠ્ઠીભર પ્રસાદી પણ ના ઉમેરી શકે એવી સ્થિતિએ તે પૂગે, ત્યારે એ પ્રજાને માટે પૂર્ણિમાની આકાશભરતી પ્રભાસુધા નથી, કે નથી તેને માટે શુકલચંદ્રની દિનદિન વધુ વધુ ભરાતી ચાંદરણાંની ભરતીઓની મોતી પૂરતી છોળો એને માટે તો અમાસનાંજ અંધારાં છે. એક ઠેકાણે મેં કહ્યું છે કેઃ—

“ રસ ન ઝરે, પ્રભુતા ન સ્ફુરે, શું
આ તુજ એવી અમાસ !
ઘુંઘટ ઉઘાડ, ખિલાવ કળા, સખી !
વેરી દે તુજ હાસ !

જે પ્રજાના જીવનમાં એ સાહિત્યનો રસ નહિ ઝરે, કે એના હૃદયની અને બુદ્ધિની પ્રભુતા નહિ સ્ફૂરે, તે પ્રજાને માટે તો આખરે અમાસનીજ દશા નિર્માણ થએલી છે. જે પ્રજાએ એ દશા ના લાવવી હોય કે એ દશા ભણી જે ગબડતી જતી હોય, તે પ્રજાએ તો પોતાના જીવનની કળાને હજાર પ્રયત્ને પણ ચઢતી કરી ખિલાવવી પડશે, અને પોતાના હૃદયની રસિકતા તથા મનની પ્રભુતા વિકસાવવા માટે રાતદિન મથવું પડશે. એ

મથન થશે ત્યારેજ પાછાં પેલાં દિનદિન ચઢતી કળાનાં ચાંદરણાં આકાશભરમાં તેનો પ્રભાવ પાડશે, અને પછીજ પૂર્ણિમાની સોનેરી ગુલાબી પાંદડીઓ જેવાં તેનાં હાસ્ય જગતભરમાં અનેરાં અમૃત પૂરશે.

અરદેશર ફ઼. ખબરદાર.

સાહિત્યનો ઇતિહાસ તેજ પ્રજાનો ઇતિહાસ

પ્રજાનું સાહિત્ય એટલે એ પ્રજાનો પુરુષાર્થ, એ પ્રજાની વીરતાનો પુરાણ છતાં દિનદિન નવા નવા વિજય ઉડાવતો ધ્વજાસ્થંભ, એ પ્રજાનાં સતત સ્ફૂર્તિભર્યાં વિજયગીતોમાં નવી નવી ચેતના પૂરતો અને ફૂંકતો શંખનાદ. કોઇ પ્રજાનો પુરુષાર્થ નષ્ટ કરવો હોય, તો તેના સાહિત્યનો નાશ આવશ્યક છે, એ ક્રૂર મર્મ માનવજાતિને જુના કાળથી જાણીતો છે. પૂર્વકાળમાં યુનાની સિકંદરે જ્યારે તે વેળાનું મહાબળી ઈરાન જીત્યું ત્યારે તેની મુખ્ય પુસ્તકશાળાને બાળી નાખી હતી. આ પુરાણા સાહિત્યનો નાશ તે પછીની ઇરાનની વેદકાળ—જુની પ્રજાની ઉત્તરોત્તર અધોગતિ પામેલી દશાનું મુખ્ય કારણ થઈ પડયો હતો. ઉત્તરકાળમાં ઇંગ્લેન્ડે આયર્લેન્ડ જીત્યું, અને ત્યાં પણ આયર્લેન્ડના સાહિત્ય પર પડદો ઢાંકવા તેના પ્રજાસાહિત્યને ખોળંબે નાખીને નિશાળોથી માંડી તમામ લોકવહેવાર અને રાજ્યવહેવારમાં અંગ્રેજી ભાષાનીજ સ્થાપના કીધી, અને તેનોજ પ્રસાર સારા દેશમાં કરાવ્યો. બહુ લાંબા કાળ સુધી આયર્લેન્ડની પ્રજાનો આત્મા એમાં કચરાયા કીધો, અને આખરે આજથી ત્રીસેક વર્ષ ઉપર ત્યાંના વિચારકો, કવિઓ અને રસવેત્તાઓએ પાછો પોતાની પુરાણી ભાષાનો અને તેના ખુણેખોચરે છુપાવી રાખેલા સાહિત્યનો ઉદ્ધાર કરવાનો ખંતથી પ્રયાસ કર્યો, તથા એ પ્રયાસ કરતાં પ્રજાની નાડીઓમાં પાછું કેવું નવચેતન અને નવજીવન આવ્યું, અને પોતાની વહાલી સ્વતંત્રતા કેટલા મહાભોગ આપીને પણ પાછી મેળવી, એ તો આપણી નજર આગળ બનેલો આજનો ઇતિહાસ છે. આપણા આ

પુરાણ ભારતદેશનો આ છેલ્લાં દોઢસો વર્ષનો એવોજ કાંઈ ઇતિહાસ આપણે જોઇએ છીએ. આપણી કથાઓ અને આખ્યાનોના ગામેગામે અને શેરીએ-શેરીએ થતા મેળાવડાઓ આછા આછા અને નહિ જેવા થતા ગયા. આપણા ધર્મગ્રંથોને પણ પાશ્ચાત્ય ફિલસુફીની કસોટીએ ચઢવું પડયું. આપણા ઇતિહાસને પણ પરબુદ્ધિએ જાણી જોઈને આપેલી વિરૂપતા આપણે ખરી માની તેવોજ વિરૂપ માનતા થયા. આપણા અખાડાઓ, આપણાં તાલીમખાનાંઓ આપણી યુદ્ધવિદ્યા, આપણા સ્વયંવરો, આદિ આપણી મર્દાનગીનાં સાહિત્ય ગૂમ થયાં. આપણા ગરબાઓની હૈયાં હલાવતી હીચ તથા આપણા રાસડાઓની તાલભર છલંગો ભુલાતી અને નિર્માલ્ય થતી ગઈ. આપણું કંઠસ્થ સાહિત્ય, આપણી અનુભવરસિક લોકકથા, આપણાં ગૃહભાવકુંળાં લોકગીત, આપણી લલિત કળાઓ. વગેરે સર્વ ધીરે ધીરે અદશ્ય થતું ચાલ્યું. આપણે સ્વજનમય મટી પરજનમય બન્યાં. એ સર્વ આપણી ભાષાને અને આપણાં સાહિત્યને ખુણે બેસાડી પરભાષા અને પરસાહિત્યને ઝોલે ચઢાવવાનાં પરિણામો છે. આપણા લોહીમાં આપણી પોતાની સંસ્કૃતિનાં રાતાં કણો બહુ કમી થઇ ગયાં છે, અને તે સાટે આપણી રગોમાં પરભાષાના સાહિત્યની મોહનીભર પીચકારી મારી આપણે આપણા પોતાના આત્મા અને હૃદયની શક્તિ તથા પ્રભુતા ભૂલી બેઠાં છીએ. આપણી પ્રજા તરીકેની અધોગતિ આપણા સાહિત્યની અધોગતિનુંજ પરિણામ છે. આ સત્ય ભલે અપ્રિય હોય, ભલે કડવું હોય, પણ એ સત્ય આપણે તેના સ્પષ્ટ રૂપમાં જોવુંજ પડશે. સત્યનું શુદ્ધ સ્વરૂપ જોવાજ જો આપણ અશક્ત હોઇએ, તો સત્યને શુદ્ધ રીતે આપણે કેમ દર્શાવી કે દેખાડી શકીશું ! સત્ય જેવી ભવ્યતા કોઈ નથી. સત્ય જેવી પ્રબળતા કોઇ નથી, સત્ય જેવી નવીનતાયે કોઇ નથી. એ સત્યને પ્રત્યક્ષ કરશું ત્યાંથીજ આપણી આ અમાસ પાછી ગઇકાલની ગણાશે, અને આપણી પ્રજા તરીકેની ચઢતી કળા તેજ પળથી વધવા માંડશે. આપણી ગંગા અને યમુના, આપણી સિંધુ અને સાબરમતી, આપણી તાપી અને નર્મદા, એ સર્વ પવિત્ર નદીઓની રેલ હાલ ખારા સમુદ્રમાં ઢોળાઈ અકારત જાય છે, તેના સભર પ્રવાહોને પાછા આપણા સરોવરમાં વાળો, તેનાં

પુણ્યોદકમાં આપણા આત્મા અને હૃદયને અંઘોળ કરાવો અને તેની વહી જતી શક્તિઓને આપણા જીવનમાંજ એક વાર પાછી સમાવો. આપણા વિદ્વાનો અને પંડિતો જ્ઞાનનાં પોટલાં નહિ પણ પ્રજ્ઞાના પ્રભાકર થાય, આપણા કવિઓ ઘરના ભારવટીઆ પર મળો બાંધી ચીંચીં કરતી ચકલીઓ નહિ પણ આકાશ વીંધતા ગરૂડ બને, આપણા ગવૈયાઓ અને સંગીતશાસ્ત્રીઓ ગ્રામોફોનની ચૂડીઓ નહિ પણ નંદનવનની પ્રાણભર મોરલી બને, આપણા ધર્મશાસ્ત્રીઓ મંદિરોની પૂજાપાતરી નહિ પણ મંદિરોના દેવોની આકાશવાણી થાય, આપણા કળાધરો ભીંતના રંગો કે પત્થરની હથોડી નહિ પણ સૌંદર્યના સરોવરમાં નીરક્ષીરને જુદાં પાડતા રાજહંસ બને કે તાજમહેલના જેવા ભાવનાપૂર્ણ મિનારા થાય, આપણા વેપારીઓ દલાલ અને દુભાસીઆ નહિ પણ નરસિંહ મહેતાની કુંવરબાઇનું મામેરૂ કરતા દામોદરદોશી બને આપણા વિદ્યાર્થીઓએ વિદ્યાપીઠના બાંકડા નહિ પણ સરસ્વતીના રસભુવનના ડોલતા મોરલાઓ થાય આપણી મહિલાઓ ઘરના વાસણો કે રમવાની પૂતળીઓ નહિ પણ રસની રાણીઓ અને ગૃહમંદિરની ચેતનવંતી દેવીઓ બને, અરે આપણે પોતે જીવનમાં ગાડાં નહિ પણ પુરુ-પાર્થના ગાંડિવટંકાર કરતું આપણું સાહિત્યનું પ્રબળ રણશિંગડું બનીએ, તોજ આ સાહિત્યમાં પાછું નવજીવન ફૂંકી શકાશે, અને એના નવજીવન સાથે આપણી શુકલ કળાનો ચંદ્રકુંભ દિન દિન પર દિન અમૃતથી વધુવધુ ભરાતો જતાં આપણું પ્રજા તરીકેનું જીવન પણ પાછું પ્રફુલ્લ બનશે, અને ત્યારેજ —અરે, અત્યારે આપણે આંગણે પાછા મોતીના ચોક પુરશે, આપણે કપાળે લક્ષ્મીજી પોતાને હાથે ચાંલ્લો કરશે; અને વીણાધારી સરસ્વતીનાં ગાન આપણાં જીવનમાં સતત પ્રભુતા અને ઉલ્લાસ ભરશે. એ પ્રભુતા અને ઉલ્લાસ આપણા આ દેશમાં જલદી લાવવા મહાકૃપાળુ કિરતાર શક્તિ અને પ્રેરણા આપો! આમીન!

અરદેશર ફ. ખબરદાર.

અઘરા શબ્દોનો કોષ.

અ

અટક=નિયમ.
અણછતી=ન દેખાય તેવી.
અથઇતિ=શરૂઆતથી અંત સુધી.
અદષ્ટ=ન દેખાતું.
અધર=નીચલો હોઠ.
અનિમેષ=આંખ મીંચ્યા સિવાય.
અનિલ=પવન.
અપ્રમેય=ન માપી શકાય તેવા.
અવધ્ય–સીમા.
અવનિ=પૃથ્વી.
અરૂણું=લાલ રંગનું.
અર્ણવ=સમુદ્ર.
અસિ=તરવાર.

આ

આદિય=સૂર્ય.
આદ્ય=પહેલું.
આફ્ણીએ=તરત.
આસક્ત=પ્રેમમાં પડેલો.

ઈ

ઇતબાર=વિશ્વાસ.

ઉ

ઉજમ=પ્રકાશતું.
ઉત્કૃષ્ટ=ઉચ્ચ.
ઉત્પાત્યા=કૂદ્યા.
ઉદક=પાણી
ઉદ્‌ગાર=બોલવું તે.

ઓ

ઓસંગાવું=શરમાવું.

અં

અંગના=સ્ત્રી.

ક

કથીર=સીસું.
કપોલ=ગાલ.
કપોતી=કબુતરી.
કવન=કવિતા કરવી તે.
કામની=સ્ત્રી.
કુરંગ=હરણું.
કૃશ=સુકાઈ ગએલું.
કૃષિક=ખેડુત.
કૃષિવલ=ખેડુત.
કંચુકી=ચોળી.

ખ

ખામુખા=એમને એમ પાછા આવવું.
ખેરો=કરચો.

ગ

ગણના=ગણત્રી.

ગ્રાહ=પકડવું તે, બંધ.
ગ્રેહેનાર=પકડનાર.

ચ

ચરણુ=પગ.
ચક્ષ=આંખ.
ચળ=ખંજવાળ.
ચાવલ=ચોખા.
ચીન્યો=ઓળખ્યો.

જ

જદ્યપિ=હજી સુધી.
જાનું=જાંગ.
જામની=રાત.
જિગર=હ્રદય.
જુગ્મ=જોડું.
જયેષ્ટિકા=લાકડી.
જયેષ્ટિકાદાર—છડીદાર.

ટ

ટુંપાવી=ઓડાવી, વાળ ખેંચી કઢાવી.

થ

થપોલી=ટેકરી.

દ

દોહેલે=મુશ્કેલીએ.
દ્યૂત=જુગાર.
દ્રુમ=ઝાડ.

ધ

ધરણુ=પૃથ્વી.
ધરા=પૃથ્વી.
ધેન=ગાય.

ન

નભ—આકાશ
નવાણુ=નાહવાની જગા.
નવોઢા=નવી પરણેલી સ્ત્રી.
નિમિષભર=આંખ મીંચીને ઉઘાડે તેટલો વખત.
નિર્માણુ=નક્કી કરેલું, (ભવિષ્ય).
નિર્વાટ=રસ્તાના ચિહ્ન વગરનું.

પ

પડો=જાહેરાત કરવા નગારૂં વાગે તે.
પદ=પગ.
પદઘોષ=પગનો અવાજ.
પરજંગ=પલંગ.
પરવરતી=જતી.
પરહરી=તજી
પર્યંત=સુધી.
પહોંતો—પહોંચ્યો.
પક્ષ્મ=પાંપણ.
પાણી=હાથ.
પાતા=રક્ષણ કરનાર.
પાવરદા=હોશિયાર
પુણ્યશ્લોક=સવારમાં નામ દેવા લાયક.
પુંજ=ઢગલો.
પૃથક્=છૂટું.
પંચત્વ=મોત.
પ્રણય=પ્રેમ.
પ્રણવ=ૐ (દરેક મંત્રની શરૂઆતમાં આ ઉચ્ચાર ઓમ્ કરવામાં આવે છે.)

પ્રણિપાત=વિનતિ.
પ્રતિકૂલ=વિરુદ્ધ.
પ્રતિધ્વનિ=પડઘો.
પ્રતીત=ઓળખાણ.
પ્રતિષ્ઠા=આબરૂ

બ

બાજયો=વાગ્યો.
બિન્દુ=ટીંપું.

ભ

ભગિની=બેન.
ભાનુ=સૂર્ય.
ભામિની=સ્ત્રી.
ભાળ=તપાસ
ભાંજે=ભાગે

મ

મદોન્મત્ત=અભિમાનથી ગાંડો બનેલો.
માનની=સ્ત્રી.
માનશુકન=અપશુકન.
માવો=માધવ.
મિષ્ટ=મીઠું.
મીરાત=મિલ્કત.

ર

રસના=જીભ.
રસહીન=રસ વગરનું.
રુધિર=લોહી.

લ

લોચન=આંખ.

વ

વત્તાં=વત્તંનું બહુવચન વતું એટલે [હજામત.
વપુ=શરીર.
વસંન=કપડું.
વાજી=ઘોડો.
વામા=સ્ત્રી.
વામણો=ઠીંગણો.
વાયસ=કાગડો.
વાયસસું=કાગડા સાથે.
વારિ=પાણી.
વિપુલ=ઘણું.
વિભૂતિ=મોટાઈ.
વિરંચી=બ્રહ્મા.
વિષમતા=ભેદભાવ, નાનામોટાપણું,
વિહંગ=પક્ષી.
વોહોણાં=વગરનાં.
વોહોરતીઓ=ખરીદ કરનાર.
વ્યોમ=આકાશ.

શ

શર=બાણ.
શલ્યા=પત્થર.
શાર્દૂલ=વાઘ,
શીઘ્ર=તરત.
શીર્ષ=ડોકું.
શુષ્ક=સુકું, નીરસ.

સ

સતત ગતિમતી=હંમેશાં ગતિવાળી.
સબીર=છાવણી.
સહકાવ=આંબો.
સુધાકર=ચંદ્ર.
સોહગ–શોભીતો.

હ

હિમસુતા=પાર્વતી.